ગુજરાતનું વિશ્વાનિય દૈનિક
# પાક્કો ગુજરાત
RNI NO. : GUJGUJ/2016/67425

03 MAY, 2026 SUNDAY

પેજ 2

હડાદ અને દાંતામાં ખુલ્લેઆમ વરલી મટકા નો જુગાર રમતાં નો વિડિયો થયો વાયરલ

પેજ 3

રાજ્યમાં તરબૂચ, શેરડી અને કેરીનો રસ વેચનારાઓને ત્યાં આરોગ્ય વિભાગનું ચેકિંગ

પેજ 7

કાર બસના પાછળના ભાગે ઘૂસી ગઈ, સુરતના કોન્સ્ટેબલનું મોત

પેજ 5

મુન્દ્રા માં અબોલ પક્ષીઓ માટે પાણીના કુંડા - 'મુન્દ્રા મુસ્લિમ ગ્રુપ' ની અનોખી પહેલ

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 48 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) ના મુખ્ય અર્થશાસ્ત્રી પિયરે-ઓલિવિયર ગોરિન્શાસે ચેતવણી આપી છે

# ઈરાન યુદ્ધના 2 મહિના, દુનિયામાં મંદીનું સંકટ

## અમેરિકાએ 95 લાખ કરોડ ખર્ચ્યા, ઈરાનમાં 3,600થી વધુ મોત; ચીન-રશિયા ફાયદામાં રહ્યા

• વોશિંગ્ટન ડીસી

અમેરિકા અને ઈરાન વચ્ચે 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા યુદ્ધને બે મહિના થઈ ગયા છે, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેને નાની અને નિર્ણાયક લડાઈ ગણાવી હતી, પરંતુ હવે પરિસ્થિતિ વિપરીત દેખાઈ રહી છે.યુદ્ધ ચોક્કસપણે અટક્યું છે, પરંતુ સમાપ્ત થયું નથી. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઈરાનના 3,600 થી વધુ લોકોના મોત થયા છે, જેમાં 1,700 થી વધુ સામાન્ય નાગરિકો છે.આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) ના મુખ્ય અર્થશાસ્ત્રી પિયરે-ઓલિવિયર ગોરિન્શાસે ચેતવણી આપી છે કે જો આ સંઘર્ષ લાંબો ચાલે છે અને ઓઈલના ભાવ ઊંચા રહે છે, તો વૈશ્વિક આર્થિક વૃદ્ધિ દર ઘટીને લગભગ 2% સુધી આવી શકે છે, જેને સામાન્ય રીતે વૈશ્વિક મંદી માનવામાં આવે છે. IMF એ જણાવ્યું કે યુદ્ધ પહેલા એવી અપેક્ષા હતી કે આ વર્ષે વૈશ્વિક મોંઘવારી 4.1% થી ઘટીને 3.8% થઈ જશે, પરંતુ હવે તે 4.4% સુધી પહોંચવાનો અંદાજ છે.

જ્યારે હાર્વર્ડના અર્થશાસ્ત્રી લિન્ડા બિલ્મ્સનો અંદાજ છે કે અમેરિકાએ આ યુદ્ધ પર લગભગ 1 ટ્રિલિયન ડોલર એટલે કે 95 લાખ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. જોકે, અમેરિકી સરકારે 25 અબજ ડોલર ખર્ચ કરવાની વાત કહી છે. બીજી તરફ, આ યુદ્ધથી ચીન અને રશિયાને ફાયદો થઈ રહ્યો છે.



બહેરીનમાં યુદ્ધ દરમિયાન અમેરિકી મિલિટરી ઠેકાણા પર હુમલાની તસવીર.

ચીન આ યુદ્ધથી મજબૂત સ્થિતિમાં દેખાઈ રહ્યું છે. ચીને પહેલાથી જ ઓઈલના ભંડાર એકઠા કરી રાખ્યા હતા અને વૈકલ્પિક ઊર્જા પર પણ ઘણા દાયકાઓ પહેલાથી ધ્યાન આપી રહ્યું હતું. આ સાથે, અમેરિકાની છબી નબળી પડવાથી તેને રાજદ્વારી ફાયદો મળ્યો છે. ચીનની ઓઈલ અને ગેસ કંપનીઓ પણ નફો કમાવી રહી છે. CNN અનુસાર, 6 મોટી કંપનીઓ આ વર્ષે 94 અબજ ડોલર સુધીનો ફાયદો કમાવી શકે છે. આ ઉપરાંત આ યુદ્ધથી રશિયાની અર્થવ્યવસ્થાને ફાયદો થતો દેખાઈ રહ્યો છે. ઓઈલ અને ખાતરની ઊંચી કિંમતોને કારણે રશિયાની કમાણી વધી છે.

તેમજ જ્યારે ઓઈલની કિંમતો ઝડપથી વધી રહી હતી, ત્યારે અમેરિકાએ સમુદ્રમાં રહેલા રશિયન ઓઈલ પર થોડા સમય માટે પ્રતિબંધો હળવા કર્યા, જેથી સપ્લાય વધી શકે, જેનાથી રશિયાને વધુ ફાયદો થયો. આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (IEA) અનુસાર, માર્ચમાં રશિયાની ઊર્જાની કમાણી લગભગ બમણી થઈને 19 અબજ ડોલર પર પહોંચી ગઈ, જે ફેબ્રુઆરીમાં 9.75 અબજ ડોલર હતી. ચીને વીજળી બનાવવાના બીજા રીતો પર પણ ઝડપથી કામ કર્યું છે, જેમ કે સૌર ઊર્જા, પવન ઊર્જા અને પાણીથી બનતી વીજળી. બ્રુકિંગ્સ ઈન્સ્ટિટ્યૂટના સિનિયર ફેલો મેલાની સિસને CNN ને જણાવ્યું કે યુદ્ધમાં કોઈ સાચો વિજેતા નથી. અમેરિકાને પણ કોઈ વ્યૂહાત્મક ફાયદો મળ્યો નથી. સંઘર્ષની અસર આખી દુનિયા પર દેખાઈ રહી છે. ઈરાન, લેબનોન અને ખાડી દેશોથી લઈને ભારત સુધી, આખી દુનિયાના લોકો તેની કિંમત ચૂકવી રહ્યા છે.ઈરાનની સરકારે પણ આંતરિક વિરોધ પર કડકાઈ વધારી દીધી છે. વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં 600 થી વધુ લોકોને ફાંસી આપવામાં આવી છે. દેશમાં આઠ અઠવાડિયાથી ઈન્ટરનેટ બંધ છે અને અર્થતંત્ર પણ ખરાબ રીતે પ્રભાવિત થયું છે. જેના કારણે નોકરીઓ જઈ રહી છે અને ગરીબી વધી રહી છે.રિપોર્ટ અનુસાર, ઈઝરાયલે લેબનોનના લગભગ 15% હિસ્સા પર કબજો કરી લીધો છે અને તે આ વિસ્તારને બફર ઝોન તરીકે જાળવી રાખવા માંગે છે, જ્યાં સુધી હિઝબુલ્લાહને નબળો પાડવામાં ન આવે. વરિષ્ઠ પત્રકાર નોરા બૌસ્તાનીનું કહેવું છે કે લેબનોનના લોકોને સૌથી મોટો ડર એ જ છે કે દેશનો એક ભાગ ફરી લાંબા સમય સુધી વિદેશી કબજામાં રહી શકે છે. આ વિસ્તાર મુખ્યત્વે સરહદથી લઈને લિતાની નદી સુધી ફેલાયેલો છે.લેબનોનના લોકો દાયકાઓથી હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ફસાયેલા છે. ફેબ્રુઆરી સુધી એક યુદ્ધવિરામ જળવાઈ રહ્યો હતો, પરંતુ ઈઝરાયલે ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનીને મારી નાખ્યા પછી પરિસ્થિતિ વણસી ગઈ. ત્યારબાદ હિઝબુલ્લાહે ઈઝરાયલ પર હુમલા શરૂ કર્યા.જવાબમાં ઈઝરાયલે લેબનોન પર જોરદાર હવાઈ હુમલા અને જમીની કાર્યવાહી શરૂ કરી, જેનો હેતુ હિઝબુલ્લાહને ખતમ કરવાનો હોવાનું જણાવાયું. લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, 2 માર્ચથી અત્યાર સુધી આ હુમલાઓમાં 2500થી વધુ લોકો માર્યા ગયા છે.

# ઈરાનને પરમાણુ હથિયાર નહીં બનાવવા દઈએ : ટ્રમ્પ

## મેં ત્યાં જે કર્યું, સફળ રહ્યું; ઈરાની સરકારે 42 હજાર નિર્દોષોને માર્યા



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કહ્યું છે કે ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દેવાય. તેમણે કહ્યું, 'જો તમે (દુનિયા) આની સાથે સહમત છો, તો મેં જે કર્યું તે સંપૂર્ણ સફળતા હતી કારણ કે અમારી સેનાએ તેમને સંપૂર્ણપણે નબળા બનાવી દીધા હતા.'ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ઈરાની સરકારે ત્યાં 42,000 નિર્દોષ વિરોધીઓને મારી નાખ્યા છે. 'તેઓ એક આતંકવાદી જૂથ છે, પરંતુ અમે તેમને સંપૂર્ણપણે નબળા પાડી દીધા છે અને તેમની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે.'અમેરિકા પહેલીવાર ઈરાન સામે હાઈપરસોનિક મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ)ના કમાન્ડરે ઈરાન સામે સંભવિત હુમલા માટેના વિકલ્પો વિશે રાષ્ટ્રપતિ ટ્રમ્પને માહિતી આપી છે.ફોક્સ ન્યૂઝ અનુસાર, એડમિરલ બ્રેડ કૂપરે વ્હાઈટ હાઉસ સિચ્યુએશન રૂમમાં ટ્રમ્પ સાથેની બેઠકમાં આ વિકલ્પો રજૂ કર્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે જો ટ્રમ્પ ફરીથી હુમલો કરવાનું નક્કી કરે છે, તો 'નાનો પણ ખૂબ જ શક્તિશાળી હુમલો' થઈ શકે છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ સંભવિત સૈન્ય કાર્યવાહી અંગે જણાવ્યું છે કે તેમને આ માટે કોંગ્રેસ (સંસદ) પાસેથી પરવાનગી લેવાની જરૂર નથી. તેમણે કહ્યું કે જે લોકો આ મંજૂરીની માંગ કરી રહ્યા છે, તેઓ દેશભક્ત નથી.

ટ્રમ્પે તે કાયદા (વોર પાવર્સ રિઝોલ્યુશન) પર પણ સવાલ ઉઠાવ્યા, જેના હેઠળ રાષ્ટ્રપતિએ સેના મોકલ્યાના 60 દિવસની અંદર કોંગ્રેસ પાસેથી મંજૂરી લેવી પડે છે. તેમનું કહેવું છે કે ભૂતકાળમાં પણ ઘણા રાષ્ટ્રપતિઓ આ નિયમનું પાલન કરતા નહોતા અને ઘણા લોકો આ નિયમને યોગ્ય માનતા નથી.

## ન્યૂઝ બ્રિફ

### ઉત્તરાખંડમાં આદિ કૈલાસ યાત્રાનો શુભારંભ:માઇનસ 1 ડિગ્રી તાપમાનમાં પહેલા દિવસે 200થી વધુ શ્રદ્ધાળુઓ રવાના

ઉત્તરાખંડના સરહદી જિલ્લા પિથોરાગઢમાં આવેલા શિવ-પાર્વતી મંદિરના કપાટ 1 મેના રોજ વિધિ-વિધાન સાથે ખોલવામાં આવ્યા છે. આ સાથે જ આદિ કૈલાસ યાત્રાનો ઔપચારિક શુભારંભ થઈ ગયો છે. લાંબી રાહ બાદ કપાટ ખુલતાં જ વ્યાસ ઘાટીમાં એકવાર ફરી શ્રદ્ધાળુઓની અવરજવર શરૂ થઈ ગઈ છે.ધારચુલાથી પ્રશાસનની દેખરેખ હેઠળ યાત્રાનો પ્રારંભ કરાવવામાં આવ્યો. એસડીએમ આશિષ જોશીએ લીલી ઝંડી બતાવીને લગભગ 200 યાત્રીઓના પહેલા જથ્થાને રવાના કર્યો. આ જથ્થો લગભગ 140 કિલોમીટરનો પ્રવાસ કરીને આદિ કૈલાસ પહોંચશે, જ્યાં શ્રદ્ધાળુઓ પાર્વતી સરોવર અને આદિ કૈલાસના દર્શન કરશે.યાત્રાના શુભારંભ દરમિયાન આખું વાતાવરણ ભક્તિમય બની ગયું. શિવભક્તોએ "હર-હર મહાદેવ"ના જયઘોષ સાથે યાત્રા શરૂ કરી.

### મમ્મીએ હાથ પકડ્યો હતો, પણ છૂટી ગયો:જબલપુર ક્રુઝ દુર્ઘટનામાં કોઈએ પત્ની ગુમાવી કોઈએ આખો પરિવાર

જેવુ જ ક્રુઝ પલટ્યું, હું કોઈક રીતે પત્ની સાથે બહાર નીકળી શક્યો. સાડા ત્રણ કલાક સુધી અમે બાળકને શોધતા રહ્યા. અમે આશા છોડી દીધી હતી, પણ તે મળી ગયો. આજે તેનો જન્મદિવસ છે. આ દિવસ ક્યારેય નહીં ભૂલીએ. આ કહેતા રોશન આનંદની આંખો ભરાઈ આવી. તે સાંજે તે પરિવારના સાત અન્ય સભ્યો સાથે મધ્ય પ્રદેશના જબલપુરમાં બરગી ડેમના ક્રુઝ પર સવાર હતા. તેમનો પરિવાર બચી ગયો, પણ દરેકનું નસીબ મહેરબાન નહોતું. 13 વર્ષની સિયાએ તે જ અકસ્માતમાં માતા, નાના ભાઈ અને નાનીને ગુમાવ્યા. ગુરુવારે જબલપુરના બરગી ડેમમાં થયેલા ક્રુઝ દર્ઘટનામાં 9 લોકોના મોત થયા, જ્યારે 4 હજુ પણ ગુમ છે. કેટલાક પરિવારો પોતાના સ્વજનોની શોધમાં છે, કેટલાક પાસે ફક્ત યાદો અને આઘાત છે. બચેલા લોકો તેને ચમત્કાર માની રહ્યા છે, પણ તેમની વાતોમાં તે સાંજનો ભય સ્પષ્ટ છે.અમે આઠ લોકો ક્રુઝ પર સવાર હતા. તેમાં કુલ 45- 50 લોકો હતા.

### દેશને જલ્દી મળશે હાઈપરસોનિક મિસાઈલો:સુપરસોનિક બ્રહ્મોસ મિસાઈલો કરતાં બમણી હશે ઝડપ; કોઈ ડિફેન્સ સિસ્ટમ રોકી શકશે નહી

ભારતે યુદ્ધોની બદલાતી રણનીતિને ધ્યાનમાં રાખીને અત્યાધુનિક 'હાઈપરસોનિક' મિસાઈલ ટેકનોલોજી પર કામ ઝડપી બનાવ્યું છે. DRDO પ્રમુખ સમીર વી. કામતે એક કાર્યક્રમમાં જણાવ્યું છે કે દેશ ટૂંક સમયમાં 'હાઈપરસોનિક ગ્લાઈડ મિસાઈલ' અને 'હાઈપરસોનિક ક્રુઝ મિસાઈલ'થી સજ્જ થશે. તેની ગતિ સુપરસોનિક બ્રહ્મોસ મિસાઈલ કરતાં બમણી હશે. તેની વિશેષતાઓને કારણે દુનિયાની કોઈ ડિફેન્સ સિસ્ટમ તેમને રોકી શકશે નહીં. DRDO પ્રમુખ અનુસાર, ગ્લાઈડ મિસાઈલનું પ્રથમ પરીક્ષણ ટૂંક સમયમાં શક્ય છે.સ્ક્રેમજેટ એન્જિન પર આધારિત ક્રુઝ મિસાઈલને લઈને પણ મોટી સફળતા મળી છે. હાલમાં સ્ક્રેમજેટ પ્રોપલ્શનનું 1,000 સેકન્ડથી વધુ સમય સુધી પરીક્ષણ સફળ રહ્યું છે. સત્તાવાર મંજૂરી મળ્યાના 5 વર્ષમાં આ મિસાઈલ સિસ્ટમને સેનાના કાફલામાં સામેલ કરવાનો લક્ષ્ય છે.

### વર્ચસ્વની લડાઈમાં જૈન સમાજને પાયમાલ કરવાનું ષડયંત્ર; જગત પારેખ અને હાર્દિક હુડિયા ગેંગના આકાઓ કોણ?

# જૈન શાસન વિરુદ્ધ 'સોપારી કિલર્સ' સક્રિય: હનીટ્રેપ અને જિનાલયો તોડવાનું પાપ કરનાર ટોળકીનો પર્દાફાશ!

• [અમદાવાદ | બ્યુરો રિપોર્ટ]

ભગવાન મહાવીરના અહિંસા અને એકતાના સંદેશને વરેલો જૈન સમાજ આજે કોઈ બહારના દુશ્મનથી નહીં, પણ સમાજની અંદર જ બેઠેલા 'ઘરના ભેદીઓ'થી ખતરામાં છે. 'પાક્કો ગુજરાત' પાસે રહેલી વિગતો મુજબ, જૈન શાસનની વધતી જતી લોકપ્રિયતા અને તેજીથી આગળ વધી રહેલા સંઘોને તોડવા માટે પડદા પાછળ એક અત્યંત ખતરનાક અને ગંદી રમત રમાઈ રહી છે.

ષડયંત્રનો ખુલાસો: હનીટ્રેપ અને બદનામીનું હથિયાર

જ્યારે પણ કોઈ જૈન સંઘ કે સંસ્થા સમાજમાં મોટું સ્થાન પ્રાપ્ત કરે છે, ત્યારે તેને પછાડવા માટે જગત પારેખ, વિક્રમ બાફના, કલ્પેશ સંઘવી અને



હાર્દિક હુડિયા જેવા લોકોની બનેલી એક ટોળકી મેદાને ઉતારવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટોળકીને ખાસ 'સોપારી' આપવામાં આવે છે કે તેઓ:

હનીટ્રેપ: ચારિત્ર્યવાન વ્યક્તિઓ અને સાધુ-ભગવંતોને ખોટી રીતે ફસાવી તેમનું ચારિત્ર્ય હનન કરે.

જિનાલય વિવાદ: શ્રદ્ધાના કેન્દ્રો એવા જિનાલયોને કાયદાકીય ગુંચવણોમાં ફસાવી તેને તોડવાના પ્રયાસો કરે.

સમાજમાં વિખવાદ: સોશિયલ મીડિયા અને અફવાઓ દ્વારા સમાજમાં ભાગલા પાડે.

સફેદપોશ આકાઓ પર નિશાન

આ ગુંડાતત્વો તો માત્ર મોહરા છે, પણ તેમને ફંડિંગ અને રક્ષણ પૂરું પાડનારા 'સફેદપોશ' નેતાઓ કોણ છે? જૈન સમાજમાં પ્રતિષ્ઠિત બનીને ફરતા આ લોકો જ અંદરખાને આ ગેંગને ઉશ્કેરી રહ્યા છે. તેમને ડર છે કે જો જૈન સમાજ એકજૂથ થઈ જશે તો તેમની વર્ષો જૂની 'વર્ચસ્વની દુકાન' બંધ થઈ જશે. 'પાક્કો ગુજરાત' ટૂંક સમયમાં જ આ આકાઓના નામ પુરાવા સાથે જાહેર કરશે.

અલ્પસંખ્યક સમાજ પર અસ્તિત્વનું સંકટ એક સમયે વિશાળ ફેલાવો ધરાવતો જૈન સમાજ આજે અલ્પસંખ્યકમાં પણ અલ્પસંખ્યક થઈ ગયો છે. સમાજને એક તાંતણે બાંધવાને બદલે આવા લોકો ગેરમાર્ગે દોરી રહ્યા છે. જે લોકો જિનાલયો તોડવાની અને હનીટ્રેપ ગોઠવવાની લે છે, તેમનો જૈન સમાજમાં કોઈ જ સ્થાન ન હોવું જોઈએ.

'જે સંઘને તોડે એ શાસન ભક્ત ન હોઈ શકે, જે જિનાલય પર વાર કરે એ જૈન ન હોઈ શકે.'

પાક્કો ગુજરાતની ચેતવણી:

અમે આ ગેંગની દરેક હિલચાલ પર બાજ નજર રાખી રહ્યા છીએ. ટૂંક સમયમાં જ એવા ઓડિયો અને વીડિયો જાહેર કરવામાં આવશે જે આ કથિત શાસન ભક્તોના અસલી ચહેરા નગ્ન કરી દેશે. સમાજના ગદ્દારોનો બહિષ્કાર કરવાનો હવે સમય પાકી ગયો છે.

### પશ્ચિમ બંગાળના 15 બૂથ પર ફરી મતદાન ચાલુ:ડાયમંડ હાર્બરમાં EVM બગડ્યું

• કોલકાતા

ચૂંટણી પંચના નિર્ણય બાદ પશ્ચિમ બંગાળમાં આજે 15 બૂથો પર ફરીથી મતદાન થઈ રહ્યું છે. 29 એપ્રિલના રોજ બીજા તબક્કાના મતદાન દરમિયાન ડાયમંડ હાર્બરના 4 અને મગરહાટ પશ્ચિમના 11 બૂથો પર હિંસા, EVM સાથે છેડછાડ અને ઘર્ષણ થયું હતું.ડાયમંડ હાર્બરના રોયનગર પ્રાથમિક સ્કૂલમાં બૂથ નંબર 243 પર એક મતદારે ફરિયાદ કરી કે, અહીં EVM બગડ્યું છે.અમે અડધા કલાકથી વધુ સમયથી મતદાન કરવા માટે રાહ જોઈ રહ્યા છીએ. ખરેખરમાં, 29 એપ્રિલના રોજ આ બૂથ પર બીજા તબક્કાના મતદાન દરમિયાન EVM સાથે છેડછાડ અને ઘર્ષણની ફરિયાદો મળી હતી. પરિણામે, ફરીથી મતદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બધા બૂથ દક્ષિણ 24 પરગના જિલ્લામાં આવે છે.ચૂંટણી પંચે આ બૂથો પર થયેલા મતદાનને અમાન્ય જાહેર કરીને શુક્રવારે ફરીથી મતદાનની જાહેરાત કરી હતી. મતદાન સવારે 7 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી ચાલશે. બાકીના બંને તબક્કાના મતદાન અને આજની રી-પોલિંગ (પુનર્મતદાન) પછી મતોની ગણતરી 4 મેના રોજ કરવામાં આવશે.આ તરફ, BJPએ ચૂંટણી પંચના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે બંને બેઠકોના કેટલાક અન્ય બૂથો પર પણ મતદાન થવું જોઈતું હતું. જોકે, TMCએ ફરીથી મતદાન માટે BJPને જ જવાબદાર ઠેરવી છે અને આરોપ લગાવ્યો છે કે BJP બંગાળને બદનામ કરવા માંગે છે.આ અગાઉ ગુરુવાર-શુક્રવારે TMCએ EVM સ્ટ્રોંગ રૂમનો વીડિયો બતાવીને BJP પર છેડછાડનો આરોપ લગાવ્યો હતો.

# વેપાર કરારનું પાલન નથી કરી રહ્યા, છૂટ જોઈએ તો અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ કરો : ટ્રમ્પ

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે આવતા અઠવાડિયાથી યુરોપિયન યુનિયન (EU)માંથી આવતી કારો અને ટ્રકો પર ટેરિફ વધારીને 25% કરવામાં આવશે.ટ્રમ્પનું કહેવું છે કે યુરોપિયન યુનિયન પહેલાથી નક્કી થયેલા વેપાર કરારનું પાલન કરી રહ્યું નથી, તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.તેમણે એમ પણ કહ્યું કે જો યુરોપિયન કંપનીઓ અમેરિકામાં જ કાર અને ટ્રક બનાવશે, તો તેમના પર કોઈ ટેક્સ લગાવવામાં આવશે નહીં.ટ્રમ્પ અનુસાર, આ સમયે અમેરિકામાં ઘણી નવી ઓટોમોબાઈલ અને ટ્રક ફેક્ટરીઓ બની રહી છે, જેમાં 100 બિલિયન ડોલરથી વધુનું રોકાણ થઈ રહ્યું છે.તેમણે દાવો કર્યો કે અમેરિકામાં આ પ્રકારનું રોકાણ અને વિકાસ પહેલા ક્યારેય જોવા મળ્યો નથી. આ ફેક્ટરીઓમાં અમેરિકન લોકોને રોજગાર મળશે.આ વેપાર સમજૂતી ગયા વર્ષે જુલાઈમાં ટ્રમ્પ અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન વચ્ચે થઈ હતી. આ સમજૂતીને 'ટર્નબેરી એગ્રીમેન્ટ' કહેવામાં આવે છે, જેનું નામ સ્કોટલેન્ડમાં ટ્રમ્પના ગોલ્ફ કોર્સના નામ પરથી રાખવામાં આવ્યું છે.આ કરારનો હેતુ અમેરિકા અને EU વચ્ચે વધતા વ્યાપારી તણાવને ઘટાડવાનો હતો. આ ડીલ હેઠળ બંને પક્ષોએ પરસ્પર વેપારને સંતુલિત કરવા અને ટેરિફ વિવાદને ઘટાડવા પર સહમતિ દર્શાવી હતી.કરાર મુજબ, EUમાંથી અમેરિકા આવતી મોટાભાગની વસ્તુઓ પર 15% ટેરિફ નક્કી કરવામાં આવ્યો હતો. આ એક મોટો નિર્ણય માનવામાં આવ્યો હતો કારણ કે આ પહેલા ટ્રમ્પ પ્રશાસન 30% સુધી ટેરિફ લગાવવાની ચેતવણી આપી ચૂક્યું હતું.તેના બદલામાં યુરોપિયન યુનિયને અમેરિકામાં રોકાણ વધારવા અને કેટલીક આર્થિક નીતિઓમાં ફેરફાર કરવાનું વચન આપ્યું હતું, જેથી અમેરિકી નિકાસને પ્રોત્સાહન મળી શકે.જોકે શરૂઆતમાં આ ડીલને રાહત તરીકે જોવામાં આવી હતી, પરંતુ બાદમાં ઘણા મુદ્દાઓ પર મતભેદ સામે આવ્યા હતા. સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટેરિફને લઈને અમેરિકા અને યુરોપ વચ્ચે વિવાદ વધી ગયો હતો, જેમાં જર્મની અને ફ્રાન્સ જેવા દેશોએ અમેરિકી પ્રસ્તાવોનો વિરોધ કર્યો હતો.આ ઉપરાંત, આ વર્ષે અમેરિકાની સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો કે રાષ્ટ્રપતિને આર્થિક કટોકટી જાહેર કરીને EUના સામાન પર ટેરિફ લગાવવાનો અધિકાર નથી. આ પછી ટેરિફની મર્યાદા કેટલાક કિસ્સાઓમાં ઘટાડીને 10% કરી દેવામાં આવી હતી.જર્મની અને ફ્રાન્સને મોટું નુકસાન થઈ શકે છે ટ્રમ્પના આ નિર્ણયથી યુરોપ, ખાસ કરીને જર્મની અને ફ્રાન્સ જેવા દેશોની અર્થવ્યવસ્થામાં ઓટોમોબાઈલ સેક્ટરને મોટું નુકસાન ભોગવવું પડી શકે છે.ટેરિફ વધવાથી યુરોપિયન ગાડીઓ અમેરિકી બજારમાં મોંઘી થઈ જશે, જેનાથી તેમની માગ ઘટી શકે છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# જેતપુરમાં દારૂના ગુનામાં સંડોવાયેલા શખ્સ હદપાર

## ઉદ્યોગનગર પોલીસે ૩ માસ માટે ૪ જિલ્લામાંથી બહાર રહેવા આદેશ કર્યો

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર ઉદ્યોગનગર પોલીસે દારૂના ગુનામાં વારંવાર સંડોવાયેલા એક શખ્સને ત્રણ માસ માટે હદપાર કર્યો છે. આ કાર્યવાહી અંતર્ગત આરોપીને રાજકોટ ગ્રામ્ય, રાજકોટ શહેર, જૂનાગઢ અને અમરેલી સહિત ચાર જિલ્લામાંથી બહાર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સતત દારૂના ગુનાઓમાં સંડોવાયેલા એક રીઢા ગુનેગાર વિરુદ્ધ



આ હદપારીનો હુકમ જારી કરાયો છેહદપાર કરાયેલા આરોપીનું નામ ભગુભાઈ લુણાભાઈ માવલીયા (ઉંમર ૫૮, રહે. જન કલ્યાણ નગર, જેતપુર) છે. આ શખ્સ વિરુદ્ધ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકે વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન દારૂના વેચાણ અને હેરાફેરીના અંદાજે પાંચ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની સતત વધતી અસામાજિક પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા માટે આ કડક નિર્ણય લેવામાં આવ્યો છે. ગોંડલના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ રાહુલ ગમારાએ પોલીસની દરખાસ્તને મંજૂરી આપતા આરોપી ભગુભાઈ માવલીયાને રાજકોટ ગ્રામ્ય, રાજકોટ શહેર, જૂનાગઢ અને અમરેલી જિલ્લામાંથી ૩ માસ માટે હદપાર કરવાનો હુકમ કર્યો છે. પોલીસે આ હુકમની બજવણી કરીને આરોપીને નિયત જિલ્લાઓની હદ બહાર મોકલી આપ્યો છે.

# અદાણી શાંતિગ્રામ સ્થિત ACC લિમિટેડ કંપની સાથે છેતરપિંડી

ગાંધીનગર : અદાણી શાંતિગ્રામ સ્થિત એસીસી લિમિટેડ (ACC Ltd) કંપનીમાં લોજિસ્ટિક મેનેજર તરીકે ફરજ બજાવતી મહિલા અધિકારીએ બે ટ્રાન્સપોર્ટ કંપનીઓ સાથે મળીને છેલ્લા કેટલાક વર્ષોમાં સિમેન્ટના હજારો ઓર્ડરમાં અંતરના ખોટા બિલો બનાવી આશરે 2.82 કરોડની ઉચાપત કરી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. જીપીએસ (GPS) ડેટાના એનાલિસિસમાં કૌભાંડ ખુલ્લું પડતા અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.કંપનીના ઓડિશા સ્થિત બરગઢ પ્લાન્ટમાં લોજિસ્ટિક મેનેજર તરીકે ફરજ બજાવતી સરોજ પરીદા પાસે ઓર્ડર અને ટ્રાન્સપોર્ટના વહીવટની સત્તા હતી. તેનો દુરુપયોગ કરી તેણે શ્રેયા એન્ટરપ્રાઈઝ અને દાતારામ અગ્રવાલ ટ્રાન્સપોર્ટ કંપનીના માલિકો સાથે મળીને વર્ષ 2017થી 2026 દરમિયાન કાવતરું રચ્યું હતું.સિમેન્ટના 7,200થી વધુ ઓર્ડરમાં જે ડિલિવરી સરનામું નક્કી હોય તેના બદલે ઓછા અંતરે માલ ઉતારી દેવામાં આવતો હતો. કંપનીમાં ઓર્ડર મુજબના વધુ કિલોમીટરના ખોટા બિલો રજૂ કરી વધારાના નાણાં મેળવી લેવામાં આવતા હતા. એપ્રિલ 2024 થી ફેબ્રુઆરી 2026 ના ટૂંકા ગાળામાં જ કુલ 2,82,43,320 ની વધારાની રકમ ચાઉં કરવામાં આવી હતી.

જીવ બચાવ્યો

### અમદાવાદના નરોડા વિસ્તારમાં એક એવી ઘટના સામે આવી છે

# વોટ્સએપ પર સ્ટેટસ મૂકી નરોડાની મહિલા આત્મહત્યા કરવા ઘરેથી નીકળી ગઈ, પોલીસે 20 મિનિટમાં શોધી જીવ બચાવ્યો

## આત્મહત્યાના ગંભીર નિર્ણયની કિનારે પહોંચેલી એક મહિલાને પોલીસે માત્ર 20 મિનિટમાં શોધી કાઢી તેના જીવને બચાવી લીધો હતો

અમદાવાદ : અમદાવાદના નરોડા વિસ્તારમાં એક એવી ઘટના સામે આવી છે, જે માનવતા, સંવેદનશીલતા અને પોલીસની ઝડપી કામગીરીનો જીવત દાખલો બની રહી છે.આત્મહત્યાના ગંભીર નિર્ણયની કિનારે પહોંચેલી એક મહિલાને પોલીસે માત્ર 20 મિનિટમાં શોધી કાઢી તેના જીવને બચાવી લીધો હતો. પતિ સાથે સામાન્ય બોલાચાલી થયા બાદ મહિલાએ ઘર છોડ્યું હતું

હંસપુરા વિસ્તારમાં રહેતી 45 વર્ષીય મહિલા ગૃહઉદ્યોગ ચલાવે છે. તેમનો પરિવાર સામાન્ય અને વ્યવસ્થિત જીવન જીવે છે, પતિ નોકરી કરે છે અને પુત્ર રાત્રે કામ પર જાય છે. પરંતુ ઘણી વખત નાના મુદ્દાઓ પણ મોટું સ્વરૂપ ધારણ કરી લે છે.ગઈકાલે જમવાનું બનાવવાના મુદ્દે મહિલા અને તેમના પતિ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ. આ નાની વાત મહિલાના મનમાં ઊંડે સુધી વાગી ગઈ અને તેઓ ભાવનાત્મક રીતે તૂટી પડી.

આ મનદુઃખના કારણે મહિલાએ ઉતાવળમાં એક મોટો નિર્ણય લઈ લીધો. તેમણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો અને કોઈને જાણ કર્યા વગર ઘર છોડીને નીકળી ગઈ. ઘરેથી નીકળતાં મહિલાએ પોતાના વોટ્સએપ સ્ટેટસમાં SORRY EVERYONE ND GOOD BY અને



BYE BETA MISS U, KHUSH REJE, MANE MAF KARJE જેવુ લખાણ મુકી દીધુ હતું, જે પરિવાર માટે ચેતવણી સમાન સાબિત થયા.

પુત્રએ માતાનું સ્ટેટસ જોતા જ પિતા અને પોલીસને જાણ કરી ઘરે હાજર પુત્રએ જ્યારે આ સ્ટેટસ જોયું ત્યારે તે ગભરાઈ ગયો. તેને તરત જ પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ અને વિલંબ કર્યા વગર પોતાના પિતાને જાણ કરી હતી. સાથે જ પોલીસ કંટ્રોલ રૂમમાં સંપર્ક કરી મદદ માંગ કરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમે ઘટનાની ગંભીરતા સમજીને તરત જ નરોડા પોલીસ સ્ટેશનને એલર્ટ કર્યું. પીઆઈ સી.વી. નાયકના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ તાત્કાલિક હરકતમાં આવી ગઈ.એક-એક મિનિટ કિંમતી બની રહી હતી અને પોલીસ કોન્સ્ટેબલ જીગ્નેશ મોદી, અશોકભાઈ અને સુમીતભાઈએ ટેકનિકલ સર્વેલન્સનો સહારો લઈને મહિલાના મોબાઈલનું લોકેશન ટ્રેસ કરવાનું શરૂ કર્યું. પુત્રને જોતા જ માતા બેભાન થઈ ગયા મહિલા પહેલા ખોડીયાર માતાના મંદિરે થોડો સમય રોકાઈ હતી અને ત્યારબાદ નરોડા વિસ્તારના અંબેમાતાના મંદિરે જઈ બેઠી હતી. પોલીસ અને પરિવાર બંને તેને શોધતા ત્યાં પહોંચ્યા.જ્યારે મહિલાએ પોતાના પુત્રને જોયો, ત્યારે તે બેભાન થઈ ગઈ હતી.પોલીસે તાત્કાલિક પ્રાથમિક મદદ પૂરી પાડી અને મહિલાને નજીકની હોસ્પિટલમાં ખસેડી સારવાર શરૂ કરાવી. ડૉક્ટરોએ સમયસર સારવાર આપતા મહિલાની સ્થિતિ સ્થિર થઈ હતી.મહિલાને હોશ આવ્યા બાદ પોલીસે પરિવાર સાથે મીલન કરાવ્યુ હતું હતું તેને સમજાવી, આત્મહત્યા જેવા વિચારોમાંથી બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો. આખરે પરિવાર વચ્ચે સુખદ સમાધાન થયું અને પરિસ્થિતિ સામાન્ય બની. આ સમગ્ર ઘટનામાં માત્ર એક વોટ્સએપ સ્ટેટસથી મળેલા સંકેતના આધારે પોલીસે ઝડપી કાર્યવાહી કરી એક મોટો અનિચ્છનીય બનાવ અટકાવ્યો છે.

### પીઆઈએ કહ્યુ વાયરલ વીડિયોની તપાસ કરીશું

# રિવરફ્રન્ટ પર પોલીસની ગાડી ઉપર બેસી રીલ બનાવી:' તું ખીચ મેરી ફોટો'ના ગીત સાથે વીડિયો બનાવ્યો

તું ખીચ મેરી ફોટો

## સાબરમતી રિવરફ્રન્ટ પૂર્વ અને પશ્ચિમ એમ બંને તરફ આવેલો છે તેમાં આ વીડિયો રિવરફ્રન્ટ પૂર્વ તરફનો હોવાનું માનવામાં આવી રહ્યું છે

• અમદાવાદ

અમદાવાદ પોલીસની ગાડીનો ઉપયોગ નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે કરવાનો હોય છે, પરંતુ અમદાવાદ પોલીસની 112 જનરક્ષકની સરકારી ગાડી પર બેસીને રીલ બનાવવામાં આવી હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.રિવરફ્રન્ટ પર ગાડી ઉપર બેસીને વીડિયો બનાવી 'તું ખીચ મેરી ફોટોના ગીત' સાથે બનાવવામાં આવેલી રીલનો વાયરલ થયેલો વીડિયો સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારનો હોવાનું સામે આવ્યું છે.

જોકે સાબરમતી રિવરફ્રન્ટ પૂર્વ અને પશ્ચિમ એમ બંને તરફ આવેલો છે તેમાં આ વીડિયો રિવરફ્રન્ટ પૂર્વ



તરફનો હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે પોલીસે આ વીડિયોની તપાસ શરૂ કરી છે, પરંતુ એક સરકારી ગાડી પર બેસીને આ રીતે વીડિયો બનાવવામાં આવી રહ્યો છે ત્યારે પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

પીઆઈએ કહ્યુ વાયરલ વીડિયોની તપાસ કરીશું સાબરમતી રિવરફ્રન્ટ (ઈસ્ટ) પોલીસ સ્ટેશનના પીઆઇ બી.પી રજિયાએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો બાબતે અમે તપાસ કરાવી રહ્યા છીએ. જે વીડિયો જોવામાં આવી રહ્યો છે, તેમાં સ્પષ્ટ લોકેશન કઈ બાજુનું છે ખબર નથી અને ગાડી નંબર પણ દેખાતો નથી જેથી અમે વ્યક્તિગત રીતે તપાસ કરાવી રહ્યા છીએ. આ વીડિયો તાજેતરનો છે કે જૂનો છે તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસની ગાડી પર બેસીને રીલ ને રોલા સાબરમતી રિવરફ્રન્ટ પર પોલીસની 112 નંબરની જનરક્ષક ગાડી ઉપર બેસીને બનાવવામાં આવેલો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. રિવરફ્રન્ટ ખાતે લોઓર પ્રોમિનાડમાં પોલીસની ગાડી ઉભી રાખી આગળના બોનેટના ભાગે બેસીને વીડિયો બનાવવામાં આવ્યો છે અને સોશિયલ મીડિયામાં મૂકવામાં આવ્યો હતો જે વીડિયો વાયરલ થયો છે. આ વીડિયો વાયરલ થતાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પોલીસની કામગીરી સામે સવાલ ઊભા થયા છે.રાત્રિના સમયે વીડિયો બનાવવામાં આવ્યો છે. પોલીસની જનરક્ષક ગાડી નાગરિકોની સુરક્ષા અને પેટ્રોલિંગ માટે હોય છે, પરંતુ રિવરફ્રન્ટ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ગાડી ઉભી રાખી અને બેસી આવા લોકોને રીલ બનાવવા આપે છે.

# હડાદ અને દાંતામાં ખુલ્લેઆમ વરલી મટકા નો જુગાર રમતાં નો વિડિયો થયો વાયરલ

## હડાદ અને દાંતામાં વર્લી મટકાના જુગાર સામે પોલીસ મૌન બની

હડાદ અને દાંતામાં વરલી મટકા નો જુગાર ખુલ્લેઆમ રમતા નો વિડીયો વાયરલ થતાં હડાદ પોલીસ સામે સવાલો બનાસકાંઠા એસપી જુગાર અને દારૂ પ્રવૃત્તિઓ નાબૂદ કરવા પોલીસ પાસે કડક અમલવારી કરાવી રહ્યા છે ત્યારે હડાદ અને દાંતામાં વરલી મટકા નો જુગાર ધમધમી રહ્યો છે ત્યારે હડાદ ના એક જાગૃત નાગરિકે વિડીયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરતા હડત પોલીસ સામે સવાલ ઉઠી રહ્યા છે ત્યારે હડાદ અને દાંતામાં વરલી મટકા નો જુગાર ધમધમી રહ્યો છે ત્યારે આ જુગાર ઉપર કયા પોલીસ ની રહેમનજર હેઠળ વરલી મટકા નો જુગાર ચાલી રહ્યો છે દાંતા તાલુકામાં અને હડાદ તાલુકામાં સ્થાનિક પોલીસ સહિત એલસીબી નો સ્ટાફ હોવા છતાં પણ પોલીસ એકબીજાને ખો આપી હોય તેવું લાગી રહ્યું છે ત્યારે પોલીસને જાણ કરવામાં આવે ત્યારે પોલીસ જ્યારે કોઈ જાણતી જ ના હોય તે રીતે અંજન બનીને કહે છે કે કોઈ જગ્યાએ વરલી મટકા જેવા



ગોરખધંધા કયો ચાલતા જ નથી પરંતુ હડાદ અને દાંતામાં ખુલ્લેઆમ વરલી મટકા રમતા નો વિડીયો વાયરલ થાય તેમ છતાં પણ પોલીસ ને કાર્યવાહી કે તપાસ કરવામાં કોઈ રસ જ નથી રહ્યો ત્યારે ચોક્કસપણે દેખાઈ આવે છે કે સ્થાનિક પોલીસ અને એલસીબી નું મોટું સેટિંગ હોય તે માટે કાર્યવાહી કરવામાં ન આવતી હોય તેવું ચોક્કસપણે દેખાઈ રહ્યું છે ત્યારે બનાસકાંઠા એસપી ના કડક વલણ અને જુગાર અને દારૂ ના કડક વલણને હડાદ પોલીસ અને દાંતા પોલીસ ગોળીને પી જતી હોય તેમ લાગી રહ્યું છે

# ગુજરાત બોર્ડના ધોરણ 10-12ના પરિણામની તારીખો જાહેર

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં લેવામાં આવેલો ધો.10 અને 12ની પરીક્ષાના પરિણામની તારીખો જાહેર કરવામાં આવી છે. ધોરણ 12 સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ ત્રણેય પ્રવાહ અને ગુજકેટનું પરિણામ 4મેના રોજ જાહેર કરાશે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં ધો.10 અને 12ની પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ 10 અને 12માં કુલ 15.27 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં ધો.10ના 9.07 લાખ અને ધો.12 સાયન્સના 1.19 લાખ, ધો.12 સામાન્ય પ્રવાહના 5.01 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જ્યારે ધોરણ 10નું 6મેના રોજ પરિણામ જાહેર કરાશે. ધો. 10 અને 12ના કૂલ 15 લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.4 મેના રોજ ધો. 12ના તમામ પ્રવાહનું પરિણામ બોર્ડ દ્વારા 4મેના રોજ જાહેર થનારા ધો. 12ના પરિણામોમાં વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનો સમાવેશ થાય છે. આ સાથે જ GUJCET-2026 અને સંસ્કૃત મધ્યમા પરીક્ષાના પરિણામ પણ એ જ દિવસે જાહેર થશે. જ્યારે ધો. 10નું પરિણામ 6 મેના રોજ જાહેર કરાશે.બોર્ડની વેબસાઈટ અને વોટ્સએપ નંબર પર પરિણામ મેળવી શકાશે વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર જઈને ચેક કરી શકશે. ઉપરાંત, ટેકનોલોજીના ઉપયોગ સાથે બોર્ડે વોટ્સએપ દ્વારા પણ પરિણામ મેળવવાની સુવિધા ઉપલબ્ધ કરી છે. વિદ્યાર્થીઓએ પોતાનો બેઠક ક્રમાંક 6357300971 નંબર પર મોકલવાથી વોટ્સએપ પર જ પરિણામ મેળવી શકશે. બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ઝડપી અને સરળતાથી પરિણામ મેળવવામાં મદદ મળશે. ધોરણ 10-12માં કૂલ 15.27 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં ધો.10 અને 12ની પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ 10 અને 12માં કુલ 15.27 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં ધો.10ના 9.07 લાખ અને ધો.12 સાયન્સના 1.19 લાખ, ધો.12 સામાન્ય પ્રવાહના 5.01 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

# ડભોઇ કોર્ટનો કડક ચુકાદો: રાજવી પરિવારના વિવાદમાં બે આરોપીઓને એક વર્ષની કેદ, 1 લાખ દંડ



ડભોઈ/ચાંદોદ: ડભોઈ તાલુકાના ચાંદોદ જૂના-માંડવા રાજવી પરિવારની વડીલોપાર્જિત મિલકતને લઈને ચાલી રહેલા લાંબા સમયથી વિવાદમાં ડભોઈ કોર્ટે મહત્વપૂર્ણ અને કડક ચુકાદો આપ્યો છે. અદાલતે મારપીટ અને જાનથી મારી નાખવાની ધમકીના ગુનામાં બે આરોપીઓને એક વર્ષની સાદી કેદ અને રૂ. 1 લાખનો દંડ ફટકાર્યો છે. માહિતી મુજબ, ડભોઈ તાલુકાના નવા માંડવાના રાજવી પરિવાર અને સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મોહનપુર રાજવી પરિવાર વચ્ચે વડીલોપાર્જિત મિલકત મુદ્દે લાંબા સમયથી કાનૂની વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદ દરમિયાન વર્ષ 2017માં હિંસક ઘટના બની હતી. આક્ષેપો મુજબ, રાજવી પરિવાર પાસે કામ કરતી હેમલત્તાબેન નટવરલાલ પટેલ પર હુમલો કરવામાં આવ્યો હતો.

### ડુપ્લિકેટ સિગારેટ ઘૂસાડવાનું કૌભાંડ ઝડપાયું

# ટોયલેટ ટીશ્યુની આડમાં સિંગાપુરથી આવેલી 19.87 કરોડની નકલી સિગારેટ DRIએ પકડી

• અમદાવાદ

ડિરેક્ટોરેટે ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ના અમદાવાદ ઝોનલ યુનિટ (AZU)એ સિંગાપોરથી આવેલા માલવાહક કન્ટેનરમાં છુપાવેલી રૂ. 19.87 કરોડની બનાવટી સિગારેટ પકડી પાડી છે.બાતમીના આધારે અધિકારીઓએ મુંદ્રા બંદર પર સિંગાપોરથી આવેલા કન્ટેનરને અટકાવ્યું હતું. આ માલ ઉત્તર પ્રદેશના દાદરી જવા માટે રવાના થવાનું હતું. આયાતના દસ્તાવેજોમાં આ માલને શૌચાલયમાં વપરાતા ટોયલેટ ટિશ્યુ તરીકે જાહેર કરાયો હતો. વિદેશથી કોઈ સામાન ભારતમાં આયાત કરે ત્યારે કસ્ટમ્સ





વિભાગને પત્રક આપવું પડે છે. આ પત્રકને બિલ ઓફ એન્ટ્રી કહેવામાં આવે છે. આ કન્ટેનર માટે હજુ સુધી બિલ ઓફ એન્ટ્રી ફાઈલ કરાયું નહોતું, જે શંકાસ્પદ લાગતાં તેને 28 એપ્રિલે કન્ટેનરની તપાસ કરાઈ ત્યારે તેમાંથી ગોલ્ડ ફ્લેક છાપ ધરાવતી 82.80 લાખ સિગારેટે મળી હતી. જોકે IPR પ્રતિનિધિએ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ તમામ જથ્થો નકલી છે.

નકલી સિગારેટ સ્વાસ્થ્ય માટે ખતરો નકલી સિગારેટમાં હલકી ગુણવત્તાના અને અત્યંત હાનિકારક રસાયણો હોય છે.સામાન્ય સિગારેટ કરતાં કેન્સર થવાનું જોખમ અનેકગણું વધારે છે.ફેફસાની ગંભીર અને જીવલેણ બીમારીઓ થવાની પૂરેપૂરી શક્યતા રહે છે.

સ્મગલિંગની મોડસ ઓપરેન્ડી કન્ટેનર માટે જાણજોઈને બિલ ઓફ એન્ટ્રી ફાઈલ કરાઈ નહોતી અને મુન્દ્રાથી દાદરી મોકલવાનું દર્શાવાયું હતું. વાસ્તવમાં કન્ટેનરમાં નકલી ગોલ્ડ ફ્લેક બ્રાન્ડની સિગારેટ્સ છુપાવીને પૅકેજિંગ તથા સિરિયલ નંબરમાં ફેરફાર કરીને અસલી દેખાડવાનો પ્રયાસ કરાયો હતો.

# રાજ્યમાં તરબૂચ, શેરડી અને કેરીનો રસ વેચનારાઓને ત્યાં આરોગ્ય વિભાગનું ચેકિંગ

ગાંધીનગર : ગુજરાત સરકાર નાગરિકોના આરોગ્યની સુરક્ષા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધતા દર્શાવતા ભેળશેળ કરતા તત્ત્વો સામે 'શૂન્ય સહનશીલતા'ની નીતિ અપનાવી છે. રાજ્યમાં ચાલી રહેલા 'ખોરાક શુદ્ધિ અભિયાન'ને વધુ વેગવાન બનાવવાની જાહેરાત સાથે જ તંત્રએ પનીરના નામે એનાલોગ પ્રોડક્ટ વેચતા એકમો પર સપાટો બોલાવ્યો છે.

એપ્રિલ મહિનામાં રાજ્યમાં પનીરના નામે એનાલોગ ડેરી ઉત્પાદનો વેચીને થતી છેતરપિંડી રોકવા માટે મેન્યુફેક્ચરિંગ યુનિટ, રેસ્ટોરન્ટ, ઢાબા અને હોકર્સ સહિત કુલ 4,193 એકમોની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અંદાજે 1,83,240 રૂપિયાની કિંમતનો 1,018 કિગ્રા શંકાસ્પદ પનીર અને



એનાલોગનો જથ્થો જપ્ત કરી સ્થળ પર જ તેનો નાશ કરવામાં કરાયો.

તંત્ર દ્વારા કરવામાં આવેલી આ સઘન ડ્રાઈવમાં ગંભીર બેદરકારી બદલ 270 જેટલા એકમોને નોટિસ પાઠવવામાં આવી છે. જ્યારે 118 જેટલા શંકાસ્પદ નમૂનાઓને લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ પાસેથી 2,84,300 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે અને વધુ પડતી બેદરકારી દાખવનાર 18 એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે.ગરમીની સિઝનને ધ્યાને રાખીને 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' દ્વારા શેરડીનો રસ, મેંગો જ્યુસ, આઈસ ગોલા અને તડબૂચ વેચતા 1,576 સ્થળોએ સઘન તપાસ કરવામાં આવી હતી. જેમાં 1,705 નમૂનાઓની ચકાસણી કરવામાં આવી હતી. માત્ર કાર્યવાહી જ નહીં, પરંતુ જાગૃતિ લાવવા માટે 284 ટ્રેનિંગ પ્રોગ્રામ અને 255 અવેરનેસ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય કે, જો ફૂડ બિઝનેસ ઓપરેટરો તાકીદે નિયમોનું પાલન નહીં કરે, તો તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરતા સરકાર જરા પણ અચકાશે નહીં. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં.

## વલસાડ લોકલ ક્રાઈમ બ્રાંચે પ્રોહિબિશનના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને નવસારીથી ઝડપી પાડ્યો

વલસાડ, વલસાડ જીલ્લા એલ.સી.બી.એ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા આરોપીને નવસારી ખાતેથી દબોચી લીધો છે. વલસાડ એલ.સી.બી.ને ચોક્કસ બાતમી મળી હતી કે, વલસાડ રૂરલ પો.સ્ટે. ના પ્રોહિબિશન એક્ટના ગુનામાં સંડોવાયેલ આરોપી અમૃતલાલ પરમાનંદ દોડેજા હાલ નવસારીમાં છુપાયેલો છે. બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે તાત્કાલિક નવસારી ખાતે ઓપરેશન હાથ ધરી આરોપી અમૃતલાલ પરમાનંદ દોડેજા (હાલ રહે. ધારાગીરી હળપતિવાસ, નવસારી; મૂળ રહે. સમર્પણ એપાર્ટમેન્ટ, છપરા રોડ, નવસારી)ને ઝડપી પાડ્યો હતો.

**ઉજવણી** ધારાસભ્ય મુકેશભાઈ પટેલે સાંસ્કૃતિક હોલ માટે ૧૦ લાખ ની ગ્રાન્ડ જાહેરાત કરી

# ઓલપાડની મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયમાં ૭૫નો 'અમૃત મહોત્સવ'ની ભવ્ય ઉજવણી

• ઓલપાડ

ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ સંચાલિત મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડની સ્થાપના તા.૨/૩/૧૯૫૧ ના રોજ થયેલ, જેના ૭૫ વર્ષ પુરા થતા શાળાના સંચાલકો દ્વારા તા.૩૦/૪/૨૦૨૬ ના રોજ મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયના પટાંગણમાં શાળાનો અમૃત મહોત્સવ તથા ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો. સદર સમારંભમાં દીપ પ્રાગટય કરનાર વસંતભાઈ પટેલ તથા મનહરભાઈ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે ધનસુખભાઈ, જયંતિભાઈ તથા જયેશભાઈ અને અતિથિ વિશેષ તરીકે રમેશભાઈ, હિતેશભાઈ, જયેશભાઈ, અમીતભાઈ અને યોગેશભાઈ હાજર રહ્યા હતા. આ સમારંભમાં સ્થાનિક મંડળ તથા વાલી મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ આર. પટેલે શબ્દોથી સૌનું સ્વાગત કરી શાળાના આધ્યસ્થાપકો, ભુતપૂર્વ તથા હાલના સંચાલકો, દાન આપનાર સહકારી સંસ્થાઓ, કંપનીઓ, દાનવીરો, ભૂતપૂર્વ આચાર્યો, કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, હાલના વિદ્યાર્થીઓ તથા હાલના તમામ સ્ટાફ મિત્રોને યાદ કરી સૌનું સ્વાગત કર્યુ. શાળાના વિકાસમાં ફાળો



આપનાર ધનસુખભાઈ અને મુકેશભાઈની કામગીરીની સરાહના કરી. ધનસુખભાઈએ તેમના પ્રવચનમાં તેમણે કરેલા શાળા માટેના કાર્યો, અનુભવ તથા સંચાલનની વિસ્તૃત માહીતી આપી. તમામ દાનવીરોને યાદ કર્યા. મુકેશભાઈએ તેમના પ્રવચનમાં શાળાના આધ્યસ્થાપકો, ત્યારપછીના સંચાલક મિત્રોને તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ગુરુજનોને અને હાલના સંચાલકોને અને સ્ટાફમિત્રોને યાદ કરી તમામની કામગીરીની સરાહના કરી. ઉપરાંત વિદ્યાર્થીઓને યોગ્ય અને સારુ શિક્ષણ મેળવી શાળા તથા માતા-પિતાનું નામ રોશન કરવાનો અનુરોધ કર્યો. ઉપરાંત શાળાને જયાં અને જયારે જરૂર પડે ત્યાં અને ત્યારે ઉપયોગી થવાની બાંહેધરી આપી અને શાળા માટે એક સાંસ્કૃતિક ભવન હોલ ના નિર્માણ માટે પોત્તાની ધારાસભ્ય ની ગ્રાન્ટ માંથી દસ લાખ રૂપિયા ની માતબર રકમ ની જાહેરાત કરી હતી. મુકેશભાઈનું સ્વાગત અને સન્માન પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ. વિશેષમાં મુકેશભાઈએ હાજર ભુતપૂર્વ કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, હાલના કર્મચારીઓ અને હાજર મહેમાનો તથા દાનવીરોને પોતાની યથાશક્તિ મુજબ શાળામાં દાન આપવા માટે વિનંતી કરી. અમૃત મહોત્સવ પ્રસંગ નિમિત્તે સાયણ સુગર દ્વારા રૂા.૧,૫૧,૦૦૦/- પુરૂષોત્તમફાર્મર્સ દ્વારા રૂા.૧,૧૧,૦૦૦/- ધી સુરત ડીસ્ટ્રીકટ બેંક દ્વારા રૂા.૧,૦૦,૦૦૦/- ધનસુખભાઈ દ્વારા રૂા.૧,૦૦,૦૦૦/- અસનાડ કોટન દ્વારા રૂા.૫૧,૦૦૦/- શાંતુભાઈ મૈસુરિયા દ્વારા રૂા.૫૧,૦૦૦/- રમેશભાઈ દ્વારા રૂા.૫૦,૦૦૦/- પારડી-ઝાંખરી દૂધ મંડળી દ્વારા રૂા.૩૧,૦૦૦/- ઓલપાડ તુવેર એન્ડ ભોંયસીંગ મંડળી દ્વારા રૂા.૨૫,૦૦૦/- જહાંગીરપુરા કોટન મંડળી દ્વારા રૂા.૨૫,૦૦૦/- કામરેજ સુગર દ્વારા રૂા.૨૫,૦૦૦/- તથા કોબા દુધ ઉત્પાદક મંડળી દ્વારા રૂા.૧૧,૦૦૦/- સોંસક કોટન દ્વારા રૂા.૫,૦૦૦/- પ્રજ્ઞેશભાઈ સુરેશભાઈ દ્વારા રૂા.૨,૫૦૧/- સેજલબેન હિતેન્દ્રભાઈ દ્વારા રૂા.૨,૫૦૧/- નું દાન આપવામાં આવ્યુ. ઉપરાંત આનંદભાઈ કહારે રૂા.૧,૦૦,૦૦૦/- જગદીશભાઈ આજગ્યા અને યોગેશભાઈ વડીયાએ રૂા.૫૦,૦૦૦/- નવયુગ સાયન્સ કોલેજના આચાર્ય અશ્વિનભાઈએ રૂા.૨૫,૦૦૦/- જયંતિભાઈ એન. પટેલે રૂા.૨૫,૦૦૦/- તથા બળવંતભાઈ આર. પટેલે રૂા.૨૫,૦૦૦/- સુપરવાઈઝર સુરેશભાઈ રાઠોડે રૂ.૨૧,૦૦૦/- દિનેશભાઈ રમણભાઈએ રૂા.૧૧,૦૦૦/- ઠાકોરભાઈ આર. પટેલ રૂા.૧૧,૦૦૦/- આઈ.ટી. પટેલે રૂા.૫,૧૦૦/- જીજ્ઞેશભાઈ પટેલે રૂા.૫,૧૦૦/- દર્શનભાઈ કિશોરભાઈ રૂા.૫,૧૦૦/- જશુબેન તથા ઠાકોરભાઈએ રૂા.૫૦૦૧/- નર્મદાબેન પટેલે ૫,૦૦૦/- રશેષશાહે રૂા.૫,૦૦૦/- યોગેશભાઈ પટેલે રૂા.૫,૦૦૦/- સમીર મલેકે રૂા.૨,૧૦૦/- મીતગીરી ગોસ્વામીએ રૂા.૨,૧૦૦/- તથા અન્ય દાનવીરોએ પોતાની યથાશક્તિ મુજબ શાળામાં દાન આપવાની જાહેરાત કરી. શાળાનો ઈતિહાસ આચાર્યશ્રી ભરતભાઈ અને આચાર્યશ્રી કમલભાઈએ રજુ કર્યો. શાળાના ભૂતપૂર્વ કર્મચારીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. કાર્યક્રમ દરમિયાન ભુતપૂર્વ વિદ્યાર્થી તરીકે અશ્વિનભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ જી. મહેતા અને જયંતિભાઈ પટેલે પોતાના અભિપ્રાય આપ્યા. કાર્યક્રમને અંતે આભારવિધિ સુપરવાઈઝરશ્રી પંકજભાઈ પટેલે કરી અને સૌનો આભાર માન્યો.

વૈષ્ણોદેવી બ્રિજ પાસે લક્ઝરી કારમાંથી દારૂ ઝડપાયો

# ચાની લારીમાં દારૂ અને લક્ઝુરિયસ કારમાં વિદેશી શરાબનો જથ્થો ઝડપાયો, સોલા અને વટવામાં પોલીસની કાર્યવાહી

**કાર્યવાહી** પોલીસે આ મામલે કારમાં સવાર બે સગા ભાઈઓ દિલીપકુમાર ચૌહાણ અને સંજયકુમાર મુલચંદ ચૌહાણની ધરપકડ કરી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે PCB (પ્રીવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ)એ બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. સોલા વિસ્તારમાં એક લક્ઝુરિયસ કારમાંથી અને વટવામાં એક બંધ ચાની લારીમાંથી દારૂની બોટલો જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, પીસીબીની ટીમને બાતમી મળી હતી કે રાજસ્થાનના પાલીથી લક્ઝુરિયસ કારમાં વિદેશી દારૂનો જથ્થો અમદાવાદ લાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે



પોલીસે વૈષ્ણોદેવી બ્રિજથી નિરમા બ્રિજ તરફ જતા રોડ પર વોચ ગોઠવી હતી. શંકાસ્પદ કારને અટકાવી તેની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 407 બોટલો મળી આવી હતી.

પોલીસે આ મામલે કારમાં સવાર બે સગા ભાઈઓ દિલીપકુમાર ચૌહાણ અને સંજયકુમાર મુલચંદ ચૌહાણની ધરપકડ કરી છે. પોલીસે 3,26,708 રૂપિયાની કિંમતનો દારૂ અને લક્ઝરી કાર સહિત કુલ 28,47,708 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વટવામાં ચાની લારીમાં ચાલતું દારૂનું નેટવર્ક પકડાયું બીજા એક ઓપરેશનમાં, પીસીબીએ વટવા GIDC પોલીસ સ્ટેશનની હદમાં ફેઝ-2માં આવેલા ટોરેન્ટ સબ સ્ટેશન પાસે દરોડો પાડ્યો હતો. અહીં પ્લોટ નંબર 251થી 244ની વચ્ચે આવેલી એક બંધ ચાની લારીની તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. લારીની અંદર છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અહીંથી કુલ 627 બોટલો જપ્ત કરી છે, જેની કિંમત 2,55,174 રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. લિસ્ટેડ બૂટલેગર પોલીસને થાપ આપી ફરાર પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે વટવામાં પકડાયેલો દારૂનો જથ્થો લિસ્ટેડ બૂટલેગર ઉગ્રસેનસિંગ ઉર્ફે અજય રવિકરણસિંગ રાજપુત (રહે. ટંકાર રેસીડન્સી, વટવા) દ્વારા મંગાવવામાં આવ્યો હતો. જોકે, પોલીસના દરોડાની જાણ થતા જ આરોપી અજય રાજપુત સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલમાં પોલીસે ફરાર બૂટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને બંને કિસ્સામાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# નિર્માણાધીન બ્રિજ પૈકી વાડજ ફ્લાયઓવર ઐતિહાસિક એલિસબ્રિજનું રીહેબ ટૂંકમાં પુરુ થશે

### અમદાવાદના વિવિધ વિસ્તારમાં હાલમાં કુલ પંદર બ્રિજ નિર્માણાધીન છે

અમદાવાદ : અમદાવાદના વિવિધ વિસ્તારમાં હાલમાં કુલ પંદર બ્રિજ નિર્માણાધીન છે. આ પૈકી વાડજ ફ્લાયઓવર અને ઐતિહાસિક એલિસબ્રિજના રીહેબીલીટેશનની કામગીરી ટૂંકમાં પુરી કરાશે. વાડજ જંકશન ઉપર બની રહેલા ફ્લાયઓવરબ્રિજની વાડજથી ઈન્કમટેકસ તરફની પાંખ ઉતારવાની કામગીરી હાલ ચાલી રહી છે.જુન અંત સુધીમાં ફ્લાયઓવરબ્રિજની કામગીરી પુરી કરવા ડેટલાઈન આપવામા આવી છે.સુભાષબ્રિજનો પ્રશ્ન ઉપસ્થિત થવાથી દધીચીબ્રિજથી અખબારનગર સુધી ટુ લેન અંડરપાસ બનાવાની કામગીરી હાલ હોલ્ડ ઉપર મુકવામા આવી છે. ઐતિહાસિક જુના એલિસબ્રિજના રીહેબલીટેશનની કામગીરી ઓગસ્ટ અંત સુધીમાં પુરી થઈ જશે.શહેરમાં વર્ષ-૨૦૨૬ના અંત સુધીમાં વધુ નવા આઠ જેટલા વિવિધ ફ્લાયઓવર,રેલવે ઓવરબ્રિજ કાર્યરત થઈ જવાની સંભાવના વ્યકત કરવામા આવી છે. વાડજ જંકશન ઉપર ફોરલેન ફ્લાયઓવરબ્રિજ બનાવવાઅંદાજથી ૨૦.૫ ટકા વધુ ભાવથી રુપિયા ૧૦૭



કરોડથી વધુની રકમથી કોન્ટ્રાકટર રચના કન્સ્ટ્રકશનને વર્ષ-૨૦૨૩માં સ્ટેન્ડિંગ કમિટીએ મંજુરી આપી હતી.૨૮ જુલાઈ-૨૦૨૩થી આ ફ્લાયઓવરબ્રિજ બનાવવા કામગીરી શરુ કરવામા આવી હતી.વાડજ જંકશનથી રાણીપ તરફ ફોરલેન ફ્લાયઓવરબ્રિજ ઉપરાંત દધીચી બ્રિજથી અખબારનગર સુધી ટુલેન અંડરપાસ બનાવવાનુ પણ આયોજન છે.જો કે સત્તાવારસૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પ્રોજેકટમાં વિલંબ થઈ રહયો હોવાથી પહેલા ફ્લાયઓવરબ્રિજની કામગીરી ઝડપથી પુરી કરવા કોન્ટ્રાકટરને કોર્પોરેશન તરફથી સુચના આપવામા આવી છે.ઐતિહાસિક એલિસબ્રિજનુ સ્ટ્રેન્થનિંગ કરવાની સાથે રીહેબીલીટેશન કરવા અંદાજિત રકમથી ૩૬.૬ ટકા વધુ ભાવથી એટલે કે રુપિયા ૨૬.૭૮ કરોડના ખર્ચથી રાજકમલ બિલ્ડર ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.ને વર્કઓર્ડર આપવામા આવતા ૯ ઓકટોબર-૨૪ના રોજથી કામગીરી શરુ કરવામા આવી હતી. ઐતિહાસિક એલિસબ્રિજનો ઉપયોગ પેડેસ્ટ્રીયન બ્રિજ તરીકે કરવામા આવશે. ઉપરાંત બ્રિજની બંને તરફ મુલાકાતીઓને બેસવા માટે બેન્ચીસ મુકવા તથા પ્લાન્ટેશન કરવામા આવશે.

# રાજપીપળા નગરપાલિકામાં એક ચાની લારી ચલાવતી મહિલા બની કોર્પોરેટર

### રાજપીપલા નગરપાલિકા ચૂંટણીમાં ભાજપે ચાની કિટલી ચલાવતા ગીતાબેન પાટણવાડીયાને ટિકિટ આપી અને તેઓ જીતી પણ ગયા

• રાજપીપલા, તા2

રાજપીપલા નગરપાલિકા ચૂંટણીમાં ભાજપે ચાની કિટલી ચલાવતી ગીતાબેન પાટણવાડીયા વોર્ડ 7માંથી ભાજપના ઉમેદવાર વિજેતા થયા છે. ચાની કીટલી સંભાળતી મહિલા કોર્પોરેટર બનતા હવે એક ચાની લારી જ આ વિજેતા મહિલા કોર્પોરેટરનું કાર્યાલય બની ગયું છે. રાજપીપલા નગરપાલિકા ચૂંટણીમાં ભાજપ દ્વારા આ વખતે વોર્ડ ૭ માં ચાની લારી ચલાવી રોજગારી મેળવતી મહિલા ગીતાબેન પાટણવાડીયા પર વિશ્વાસ મુકીને તેમને પાલિકાની ચૂંટણી માં ટિકિટ આપી મેદાનેઉતાર્યા હતા. સામાન્ય જનજીવન સાથે જોડાયેલી આ મહિલાનેજ્યારે ભાજપ તરફથી ઉમેદવારી મળી ત્યારે સમગ્ર વિસ્તારમાંચર્ચાનો વિષય બની ગયો હતો.ચૂંટણી પ્રચાર દરમિયાન ગીતાબેન પાટણવાડીયાએ ઘરઘર જઈનેજનતા સાથે સીધો સંપર્ક સાધ્યો હતો. પોતાની સાદગી, મહેનત અને લોકો સાથેના લાગણીસભર સંબંધને કારણે તેઓ ઝડપથી મતદારોનાહૃદયમાં



સ્થાન બનાવી શક્યા. મતદાન બાદ પરિણામ જાહેર થતાં જ ગીતાબેનપાટણવાડીયા વિજેતા જાહેર થયાઅને તેમની ખુશીનો પાર રહ્યો નહીં. જીત બાદ ગીતાબેનપાટણવાડીયા એ જણાવ્યું હતુંકે, "આ જીત મારી નથી, આવિસ્તારના દરેક નાગરિકની જીતછે. ભાજપે મારા જેવી સામાન્યમહિલા પર વિશ્વાસ મુક્યો તે મારા માટે ગૌરવની વાત છે."હાલમાં ગીતાબેન પોતાના રોજગાર માટેચલાવતા ચાની કિટલીના ધંધાનેચાલુ રાખશે સાથે સાથે હવે તેઓ એજ સ્થળ પર પોતાનું નાનું કાર્યાલયપણ શરૂ કરશે.

## દમણથી ઈકો કારમાં છુપાવીને લઈ જવાતો ૨.૫૧ લાખનો વિદેશી દારૂ વલસાડ LCB એ ઝડપી પાડ્યો




• વલસાડ,

વલસાડ LCB એ વાપીના નામધા વિસ્તારમાંથી એક ઈકો કારમાં લવાતો ૨,૫૧,૬૧૬/- ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. વલસાડ એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે, નામધા ખાતે સ્ટાર સિટીની પાછળ આવેલા ખુલ્લા મેદાનમાં તળાવ પાસે દારૂ ભરેલી એક કાર ઉભી છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા સફેદ કલરની મારુતિ સુઝુકી ઈકો કાર (નંબર: GJ-15-CS-1995) મળી આવી હતી. પોલીસે કારની તલાશી લેતા વચ્ચેની અને પાછળની સીટના ભાગેથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (વ્હીસ્કી) ના કુલ ૧૯ બોક્સ મળી આવ્યા હતા. જેમાં કુલ ૯૧૨ નંગ બાટલીઓ (૧૬૪.૧૬૦ લીટર) હતી, જેની કિંમત ૨,૫૧,૬૧૬/- થાય છે. પોલીસે ૫ લાખની ઈકો કાર સહિત કુલ ૭,૫૧,૬૧૬/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આપઘાતનું કારણ અકબંધ

# સેક્ટર-6 માં આવેલ વીર ભગતસિંહ નગરમાં 26 વર્ષીય પરિણીતાએ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-6 માં આવેલ વીર ભગતસિંહ નગરમાં ગઈકાલે રાતે બે સંતાનોની માતાએ રૂમમાં પંખે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. રાત્રે જમી પરવારીને વહુ અને સાસુ નીચે સોસાયટીમાં આંટો મારવા નીકળ્યા હતા. બાદમાં એકાએક પરણિતાએ ઘરે આવીને આપઘાત કરી લેતા સેકટર 7 પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.રૂમ બંધ કરી પંખામાં લટકી જિંદગી ટૂંકાવી ગાંધીનગરના સેક્ટર-6 ખાતેના વીર ભગત સિંહ નગરમાં વધુ એક આપઘાતની ઘટના પ્રકાશમાં આવી છે. મૂળ ધોળકાના અલ્પેશભાઈ સોનારાના લગ્ન સાડા સાતેક વર્ષ અગાઉ સ્નેહલબેન(ઉંમર 26) સાથે થયા હતા. ગાંધીનગરના વીર ભગતસિંહ નગરના સી-1 ટાઈપ મકાન નંબર 604 માં રહેતા રહેતા અલ્પેશભાઈ GUDAમાં નોકરી કરે છે.આ લગ્ન જીવનથી દંપતીને છ વર્ષની દીકરી અને પાંચ વર્ષનો દીકરો છે. સ્કૂલમાં વેકેશન હોવાથી દીકરી તેની માસીને ઘરે રહેવા ગઈ છે. ગઈકાલે શુક્રવારે જમી પરવારીને સ્નેહલબેન દીકરાને લઈ સાસુ સાથે નીચે સોસાયટીમાં આંટો મારવા માટે ગયા હતા. એ વખતે તેમનો દિયર અજય ઘરે એકલો હતો. જે પ્રાઈવેટ સિક્યુરિટી માં નોકરી કરે છે. બાદમાં રાતે દસેક વાગ્યાના અરસામાં સ્નેહલબેન દીકરાને લઈને ઘરે ગયા હતા. એ વખતે દિયર અજય એક રૂમમાં મોબાઈલ જોઈ રહ્યો હતો. એટલે પાંચ વર્ષના દીકરાને દિયર પાસે મોબાઈલ જોવા રાખીને સ્નેહલબેને સફાળા બીજા રૂમમાં ઘૂસી જઈને જોરથી અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો.ત્યારે અચાનક ભાભી ગુસ્સામાં રૂમમાં જતા રહીને અંદરથી દરવાજો બંધ કરી દેતા અજયને શંકા ગઈ હતી. જેથી તેણે રૂમનો દરવાજો ખોલાવવા ઘણી મથામણ કરી બૂમાબૂમ કરી મૂકી હતી. જેના પગલે આસપાસના પડોશીઓ એકઠા થઈ ગયા હતા. આ દરમિયાન કોઈ પાડોશીએ પોતાના ઘરેથી નજર કરતા સ્નેહલબેન રૂમમાં પંખે ગળાફાંસો ખાવાની તૈયારી કરતા હોવાનું જોવા મળ્યું હતું. જેના પગલે વસાહતીઓએ એકઠા થઈ બળ પ્રયોગ કરીને રૂમનો દરવાજો તોડી નાખ્યો હતો. જોકે ત્યાં સુધીમાં તો સ્નેહલબેને પંખે લટકીને જીવન ટુંકાવી લીધું હતું. આ ઘટનાની જાણ થતા સ્નેહલબેનના પતિ અલ્પેશભાઈ પણ ઘરે દોડી આવ્યા હતા. બાદમાં 112 માં જાણ કરવામાં આવતા સેક્ટર 7 પોલીસ ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને લાશને નીચે ઉતારી પંચનામા સહિતની કાર્યવાહી શરૂ કરી હતી.આ અંગે સેકટર 7 પોલીસ મથકના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું કે, ઘટના સમયે અલ્પેશભાઈ ઘરે હાજર ન હતા. વિધવા સાસુ અને વહુ જમી પરવારીને નીચે આંટો મારવા ગયા હતા.

# જેતપુરમાં વ્યાજખોરનો આતંક: ૨ લાખના ધિરાણ સામે લાખો ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી, યુવાનને ધમકી

## વેલ્ડિંગ કામ કરતા શ્રમજીવીની ફરિયાદને આધારે પેઢલાના શખ્સ સામે ગુનો નોંધાયો

જેતપુર પંથકમાં પોલીસ દ્વારા સમયાંતરે લોકદરબાર યોજી કડક કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં વ્યાજખોરો બેફામ બની ગરીબ અને મધ્યમ વર્ગને નિશાન બનાવી રહ્યા હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેતપુરના ભોજાધાર વિસ્તારમાં રહેતા અને વેલ્ડિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા એક આધેડ વ્યાજખોરની ચુંગાલમાં ફસાતા અંતે પોલીસના દ્વાર ખટખટાવવાની ફરજ પડી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરના શીતલા માતાના મંદિર પાસે, ભોજાધાર વિસ્તારમાં રહેતા સુરેશભાઈ મગનભાઈ પીઠવા (ઉ.વ. ૪૨) ને આર્થિક જરૂરિયાત ઊભી થતા તેમણે પેઢલા ગામના વતની સંજયભાઈ મોટેરીયા પાસેથી રૂ. ૨ લાખ ઊછીના લીધા હતા. રકમ આપતી વખતે આરોપી સંજયભાઈએ માસિક ૫ ટકા જેટલા ઊંચા વ્યાજદરની શરત મૂકી હતી, જે સુરેશભાઈએ મજબૂરીવશ સ્વીકારી હતી.ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, સુરેશભાઈએ અત્યાર સુધીમાં ટપ્પે-ટપ્પે વ્યાજ પેટે અંદાજે દોઢ લાખ જેટલી રકમ આરોપીને ચૂકવી દીધી હતી. આમ છતાં વ્યાજખોરની લાલચ સંતોષાઈ નહોતી. આરોપ છે કે સંજયભાઈએ સુરેશભાઈ પર દબાણ બનાવી, ડરાવી-ધમકાવીને બળજબરીપૂર્વક એક લાખ રૂપિયા મુદ્દલ પેટે પણ કઢાવી લીધા હતા. લાખો રૂપિયા વ્યાજ અને મુદ્દલનો મોટો હિસ્સો ચૂકવી દીધા બાદ પણ આરોપી સંજયભાઈ મોટેરીયા દ્વારા સુરેશભાઈ પાસે સતત વધુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરવામાં આવી રહી હતી.આરોપી દ્વારા સતત માનસિક ત્રાસ આપી નાણાંની માંગણી કરવામાં આવતા અંતે સુરેશભાઈએ હિંમત ભેગી કરી જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વ્યાજખોરી વિરોધી કાયદા હેઠળ કડક તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે જેતપુર પંથકના નાના ધંધાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે જો કોઈ વ્યાજખોર હેરાન કરતો હોય તો ડર્યા વગર પોલીસનો સંપર્ક કરવો.

# વરિષ્ઠ નાગરિકોએ સંગીતના સૂરો રેલાવી 'ગુજરાત સ્થાપના દિન'ની અનોખી ઉજવણી કરી

વડોદરાઃ શહેરના દાંડિયાબજાર સ્થિત 'સારા ગ ણદેવીકર જ્વેલર્સ હોલ' ખાતે ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે વરિષ્ઠ નાગરિકો માટે એક વિશેષ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર સંગીત સાધના પરિવાર દ્વારા પ્રસ્તુત 'જય જય ગરવી ગુજરાત' કાર્યક્રમમાં વડોદરાના કલાપ્રેમી વરિષ્ઠ નાગરિકોએ પોતાની ગાયન કલાથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પુષ્પગુચ્છથી સ્વાગત અને ભક્તિમય પ્રારંભ કાર્ય ક્રમની વિગતો આપતા સંચાલક દિવ્યકાંત પંડ્યાએ સિનિયર સિટીઝન ગ્રુપના સંપાદક ઘનશ્યામભાઈ રાવને જણાવ્યું હતું કે, કાર્યક્રમનો પ્રારંભ ગણેશ વંદના અને સરસ્વતી માતાની સ્તુતિથી કરવામાં આવ્યો હતો.

**સેન્સ પ્રક્રિયા**

### લોકગાયિકા નેહા સુથાર સેન્સ આપવા પહોંચી

# સુરતમાં મહિલા ઉમેદવાર હાથમાં નીડલ સાથે હોસ્પિટલથી સીધા ભાજપ કાર્યાલય પહોંચ્યા; મેયર નક્કી કરવા ૩ દિવસ સેન્સ પ્રક્રિયા

## મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામની જાહેરાત થશે

• અમદાવાદ

ગત 28 એપ્રિલે જાહેર થયેલા સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોમાં ભાજપે તમામ 15 મહાનગરપાલિકામાં સત્તા હાંસલ કરી છે. આગામી સમયમાં મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીની નિમણૂક થવાની છે.

મેયર સહિતના પદાધિકારીઓ નક્કી કરવા માટે અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર અને મહેસાણામાં ધારાસભ્યો અને કોર્પોરેટર સહિતના શહેર સંગઠનના નેતાઓ સાથે પ્રદેશના નેતાઓ દ્વારા સેન્સ લેવામાં આવશે અને મેયર તરીકેના નામો આપવામાં આવશે. જે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં જશે અને ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામની જાહેરાત થશે.ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ નિમેલા નિરીક્ષકો 1થી 3 મે દરમિયાન મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ તેમજ તાલુકા પંચાયતોમાં ચૂંટાયેલા ભાજપના જન પ્રતિનિધિઓને મળીને કોને મેયર અને પ્રમુખપદ સહિતના હોદ્દા આપવા તે અંગે રજૂઆતો સાંભળશે. આ સેન્સ પ્રક્રિયા અંગેનો અહેવાલ પ્રદેશ મોવડીમંડળને અપાયા પછી 4, 5 અને 6 મે એમ ત્રણ દિવસ માટે ગુજરાત ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળે એવી શક્યતા છે.

પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં રાજ્યની 15 મહાનગરપાલિકા માટેના મેયર પદના દાવેદારના નામો પર ચર્ચા કરવામાં આવશે અને દરેક મહાનગરપાલિકા માટે મેયરના નામના કવર બનાવીને જે તે શહેર પ્રમુખ અથવા પ્રભારીને આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવશે જે બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની જાહેરાત કરવામાં આવશે. ભાવનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે નિરીક્ષકોએ સેન્સ લીધી હતી. તમામ અપેક્ષિત સભ્યો અને કોર્પોરેટરોને સાંભળ્યા હતા. પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા તથા દંડકની નિમણૂક કરાશે. અમદાવાદમાં મેયર સહિતના પાંચ પદાધિકારીઓ માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. ભાજપ શહેર સંગઠનના નેતાઓ, તમામ ધારાસભ્યો, સાંસદો, કોર્પોરેટરોની સેન્સ લેવામાં આવી છે. મેયર સહિતના પાંચ પદાધિકારીઓ બાદ સાંજે મહાનગર સંકલન સમિતિની બેઠક મળશે. અમદાવાદ પ્રભારી અને કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બેઠક મળશે. શહેર પ્રમુખ પ્રેરક શાહ અને મહામંત્રીઓ સંકલન બેઠકમાં હાજર રહેશે. તમામ ધારાસભ્યોને સંકલન બેઠકમાં હાજર રહેવાની સૂચના આપી છે. લોકસભાના સાસંદ અને રાજ્યસભાના સાસંદ પણ બેઠકમાં હાજરી આપશે. સાંજે 6:30 કલાકે આશ્રમ રોડ પર આવેલા ખેતી બેંકના ઓડીટોરિયમ ખાતે સંકલન સમિતિની બેઠક યોજાશે. સેન્સ પ્રક્રિયામાં આવેલા નામ બાબતે ચર્ચા થશે. સેન્સ પ્રક્રિયામાં 20થી વધુ મેયર પદ માટે ચર્ચા થઈ છે. ડે. મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, પક્ષના નેતા અને દંડકના નામ અંગે પક્ષ 3 નામની પેનલ બનાવશે. પેનલને પર્લામેન્ટ્રી બોર્ડમાં મોકલવામાં આવશે. અમદાવાદના ખાનપુર ભાજપ કાર્યાલય ખાતે ભાજપના ધારાસભ્યો અને કોર્પોરેટરો અત્યારે હાલમાં હાજર છે. ખાનપુર કાર્યાલય ખાતે ભાજપના ચૂંટાયેલા 160 કોર્પોરેટર તેમજ વોર્ડ પ્રમુખ અને મહામંત્રી સહિતના નેતાઓ સેન્સ આપવા માટે આવી રહ્યા છે. મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાની ફુદેડા બેઠક પરથી વિજયી થયેલા જાણીતા લોકગાયિકા નેહા સુથાર હવે લોક સેવિકા તરીકેની નવી ભૂમિકા ભજવવા તૈયાર છે. વિજાપુર તાલુકા પંચાયત પ્રમુખનું પદ OBC મહિલા માટે અનામત હોવાથી, તેઓ પોતાની સેન્સ આપવા જિલ્લા ભાજપ કાર્યાલય પહોંચ્યા હતા, જ્યાં તેમણે લોક ગાયિકામાંથી લોક સેવક બનવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે પ્રજાના કામો અને વિસ્તારનો વિકાસ તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે અને જો પાર્ટી તેમને પ્રમુખ પદની જવાબદારી સોંપશે, તો તેઓ વ્યવસાય કરતા જનસેવાને વધુ મહત્વ આપશે. ખાસ કરીને તેમણે એક સૂચક નિવેદન આપ્યું હતું કે, જો તેઓ પ્રમુખ બનશે તો દિવસ દરમિયાન યોજાતા વરઘોડાના કાર્યક્રમો બંધ કરી પ્રજાના કામોમાં સમય આપશે.

### થોડા દિવસમાં જ પટ્ટા ગાયબ – નબળી કામગીરીનો ખુલાસો

# ડભોઈ સરિતા ઓવરબ્રિજ પર સફેદ પટ્ટા ગાયબ હજારો વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ

**જોખમ** સફેદ રોડ માર્કિંગ થોડાક જ દિવસોમાં ભૂંસાઈ જતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે

• ડભોઈઃ

ડભોઈ શહેરનો અત્યંત મહત્વનો ગણાતો સરિતા રેલ્વે ઓવરબ્રિજ હાલ વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. ટ્રાફિક નિયંત્રણ અને સલામતી માટે લગાવવામાં આવેલા સફેદ રોડ માર્કિંગ થોડાક જ દિવસોમાં ભૂંસાઈ જતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. થોડા દિવસમાં જ પટ્ટા ગાયબ - નબળી કામગીરીનો ખુલાસો

સ્થાનિકોના જણાવ્યા મુજબ, તાજેતરમાં જ બ્રિજ પર નવા સફેદ પટ્ટા મારવામાં આવ્યા હતા. પરંતુ હલકી ગુણવત્તાના મટીરિયલના ઉપયોગના કારણે આ પટ્ટા ખૂબ જ ટૂંકા સમયમાં ગાયબ થઈ ગયા છે.

હાલની સ્થિતિએ બ્રિજ પર લેન ડિવાઈડર દેખાતા નથી, જેના કારણે વાહનચાલકોને પોતાની લેનમાં વાહન ચલાવવામાં ભારે



મુશ્કેલી પડી રહી છે.

યાત્રાધામોને જોડતો મુખ્ય માર્ગ જોખમમાં આ ઓવરબ્રિજ માત્ર શહેર માટે જ નહીં પરંતુ રાજ્યના મહત્વના યાત્રાધામોને જોડતો મુખ્ય માર્ગ છે. દરરોજ હજારો પ્રવાસીઓ અને સ્થાનિક વાહનો આ માર્ગ પરથી પસાર થાય છે. ખાસ કરીને રાત્રિના સમયે પટ્ટા ન હોવાથી વાહનો એકબીજાની લેનમાં આવી જતા નાના-મોટા અકસ્માતો અને ટ્રાફિક જામની સમસ્યા વધી રહી છે.

ભ્રષ્ટાચારની શંકા, તંત્ર પર ઉઠ્યા સવાલો સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જો ઉચ્ચ ગુણવત્તાનો મટીરિયલ ઉપયોગ થયો હોત, તો પટ્ટા આટલા ઝડપથી ગાયબ ન થયા હોત.અધિકારીઓની ગેરહાજરીમાં થતી કામગીરીમાં ભ્રષ્ટાચારની શંકા પણ વ્યક્ત થઈ રહી છે.

જનતા ની માંગ - તાત્કાલિક પગલાં લડભોઈના નાગરિકો અને વાહનચાલકો દ્વારા તંત્ર સમક્ષ માંગ કરવામાં આવી છે કે:

* સ્ટેટ હાઈવે અધિકારીઓ તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરે
* નબળી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી થાય
* ઉચ્ચ ગુણવત્તાના મટીરિયલથી ફરીથી રોડ માર્કિંગ કરવામાં આવે

# નાણાં પંચના ચેરમેન યમલભાઈ વ્યાસની સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત

## ગુજરાત અને ભારતનું ભવિષ્ય શ્રેષ્ઠ હાથમાં છે,તેની આજે વધુ એક વખત પ્રતિતિ થઇ : યમલભાઇ વ્યાસ

• રાજપીપલા, તાં 2

ગુજરાત રાજ્યના ચોથા નાણાં પંચના ચેરમેન યમલભાઈ વ્યાસે આજે નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની ભાવપૂર્વક મુલાકાત લીધી હતી. વ્યાસે પુષ્પાંજલિ અર્પણ કરી અને સરદાર સાહેબે એકતા, સંકલ્પશક્તિ અને રાષ્ટ્રનિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે સરદાર પટેલ ભારતની એકતા અને અખંડિતતાના પ્રતિક છે, અને સ્ટેચ્યુ ઓફ યુનિટી દેશની નવી પેઢીને પ્રેરણા આપતું પ્રતિકાત્મક સ્મારક છે.હૃદયસ્થળ વ્યૂઈંગ ગેલેરી પરથી સરદાર સાહેબના સ્વપ્ન સમાન સરદાર સરોવર નર્મદા ડેમ, વિંધ્યાચલ અને સાતપુડાની ગિરિમાળાઓ વચ્ચે વહેતી માં નર્મદાનો નયનરમ્ય નજારો નિહાળી તેઓ મંત્રમુગ્ધ બન્યા હતા.



આ તકે યમલભાઈ વ્યાસે મુલાકાત પોથીમાં નોંધ્યુ હતું કે,અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની કલ્પનાને સિદ્ધ કરવા માટે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પુરૂષાર્થ કર્યો છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ સ્થળ છે.ગુજરાત અને ભારતનું ભવિષ્ય શ્રેષ્ઠ હાથમાં છે તેની આજે વધુ એક વખત પ્રતિતિ થઈ..

આ ઉપરાંત વ્યાસે સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાથે-સાથે નર્મદા મહાઆરતીમાં સહભાગી થયા હતા, આ ઉપરાંત જંગલ સફારી,પેટ ઝોન,સરદાર સરોવર નર્મદા ડેમ અને કેક્ટ્સ ગાર્ડન તેમજ બટરફલાય ગાર્ડનની પણ મુલાકાત કરી હતી. આ અવસરે સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં P.R.O.રાહુલ પટેલ દ્વારા યમલભાઈ વ્યાસને સરદાર સાહેબની પ્રતિકૃતિ ભેટ કરવામાં આવી હતી.

# કુતિયાણાના ચૌટા ગામે એક વર્ષ પહેલા થયેલ હત્યા પડદો ઉંચકાયો: દુકાનદારે જ મોતને ઘાટ ઉતાર્યાનો ઘટસ્પોટ

## ચૌટા ગામે યુવાનની હત્યા બાદ લાશ સળગાવી પુરાવા નષ્ટ કરવાનો આક્ષેપ, પોલીસ દ્વારા તપાસ શરૂ

• ગોસા(ઘેડ) તા.૦૨

પાનેલી ગામના રહેવાસી ગોવિંદભાઈ વિસાભાઈ મેથાણીયાએ પોતાના દિકરા નરેન્દ્ર ઉર્ફે ભરતના ગુમ થવા અને ત્યારબાદ હત્યા થયાની ગંભીર ફરિયાદ નોંધાવી છે. સમગ્ર ઘટનાને લઈને કુતિયાણા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ફરિયાદ મુજબ, ગોવિંદભાઈ મેથાણીયા (ઉંમર ૬૪) મજૂરી કરીને જીવન નિર્વાહ કરે છે અને તેઓ પોતાની પત્ની સાથે ઉપલેટા તાલુકાના પાનેલી ગામે રહે છે. તેમના દિકરા નરેન્દ્ર ઉર્ફે ભરત (ઉંમર આશરે ૩૩) છેલ્લા દોઢ વર્ષથી ચૌટા ગામે માલદેભાઈ દેવાભાઈ નંદાણીયા પાસે રહી પાન-બીડીની દુકાનમાં કામ કરતો હતો. ગઈ તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નરેન્દ્ર ઘરે આવ્યો હતો અને બીજા દિવસે ફરી ચૌટા ગામે પરત ગયો હતો. ત્યારબાદ તા. ૩૦ અને ૩૧ ડિસેમ્બર તેમજ તા. ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પરિવાર સાથે તેની ફોન પર વાતચીત થઈ હતી. ત્યારબાદ તા. ૨ જાન્યુઆરીએ માલદેભાઈ તરફથી જાણ કરવામાં આવી કે નરેન્દ્ર રાત્રે સુધી ઘરે હતો પરંતુ સવારે દુકાન કે ઘરે ક્યાંય મળતો નથી અને પોતાનો ફોન તથા પાકીટ ઘરે મૂકીને ગાયબ થયો છે. પરિવારે સગાસંબંધીઓમાં શોધખોળ કર્યા છતાં કોઈ માહિતી ન મળતા આખરે તા.૫ જાન્યુઆરીએ કુતિયાણા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી હતી. બાદમાં પરિવારે માલદેભાઈ પર શંકા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ થોડા દિવસોમાં માલદેભાઈ પોતે પણ ગાયબ થયો હોવાની માહિતી મળતા શંકા વધુ ઘેરાઈ હતી. પોલીસ તપાસ દરમિયાન માલદે ભાઈની માતા જાહિબેનની પૂછ પરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી હોવાનું કહેવાય છે. માહિતી મુજબ તા. ૧ જાન્યુઆરી ૨૦૨૫ ની રાત્રે નરેન્દ્ર અને માલદેભાઈ વચ્ચે મઢડા ખાતે યોજાનાર સોનલબીજ ઉજવણીમાં જવા મુદ્દે બોલાચાલી થઈ હતી. ઝગડા માં માલદેભાઈએ પથ્થર વડે નરેન્દ્રના માથામાં ઘા મારી તેને મોતને ઘાટ ઉતાર્યો હોવાનો આક્ષેપ છે.

# ઝગડીયામાં હજરત સુલ્તાનશા પીર અને હાજી કયામુદ્દીન મોટામિયા ચિશ્તીનો ૧૭મો ઉર્ષ મેળો ભક્તિભાવપૂર્વક ઉજવાયો



ઝગડીયા, ઝગડીયા ખાતે હજરત સુલ્તાનશા પીર અને હજરત હાજી કયામુદ્દીન મોટામિયા ચિશ્તીના ૧૭મા ઉર્ષ મેળાની ભવ્ય અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. બે દિવસીય આ ધાર્મિક મહોત્સવમાં સુરત, છોટાઉદેપુર, ભરૂચ, અંકલેશ્વર, એકલબારા અને કિશનાડ સહિત સમગ્ર રાજ્યભરમાંથી હજારોની સંખ્યામાં અકીદતમંદો ઉમટી પડ્યા હતા. ઉર્ષના પ્રથમ દિવસે પરંપરાગત રીતે સંદલ શરીફ, મિલાદ શરીફ અને સંદલ શરીફના ઝુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાત્રે ભજન મંડળીઓ દ્વારા ભક્તિસંગીતની રમઝટ બોલાવવામાં આવી હતી, જે શ્રદ્ધાળુઓમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભજનના કાર્યક્રમમાં રતનબાઈ, અભરામ ભગત અને સુલેમાન ભગત દ્વારા રચિત અમર ભજનો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

### પત્નીનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત

# દહેગામ-રખિયાલ હાઈવે પર અજાણ્યા કાર ચાલકે બાઈક સવાર દંપતીને અડફેટે લીધું : દંપતીનું કરુણ મોત

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના દહેગામ-રખિયાલ હાઈવે રોડ પર ગઈકાલે(1 એપ્રિલ) શુક્રવારે મોડી સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર આવેલા જોગણી માતાના મંદિર પાસે પૂરઝડપે એક અજાણી ફોર વ્હીલર ગાડીના ચાલકે બાઈક સવાર દંપતીને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં વાસણા રાઠોડ ગામના દંપતીનું કરુણ મોત નિપજ્યું હતું. આ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેના પગલે રણજીત તાત્કાલિક દહેગામ સરકારી હોસ્પિટલ પહોંચતા ફરજપરના ડોક્ટરે તેમના પિતાને મૃત જાહેર કર્યા હતા, જ્યારે ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ રીફર કરાયેલા માતાનું પણ ટૂંકી સારવાર બાદ અવસાન થયું હોવાના સમાચાર મળ્યા હતા. આ અંગે દહેગામ પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, વાસણા રાઠોડ ગામે રહેતા હરીભાઈ કોદરજી ડાભી અને તેમના પત્ની લલીતાબેન ગઈકાલે શુક્રવારે સાંજે બાઈક પર સવાર થઈને સાંપા ગામે એક પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. દરમિયાન તેઓ દહેગામ-રખિયાલ હાઈવે પર જોગણી માતાના મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાળ બનીને આવેલી એક અજાણી ગાડીએ તેમને અડફેટે લીધા હતા.

આ અકસ્માત સર્જાતા દંપતી બાઈક પરથી ઉછળીને રોડ પર પટકાયું હતું. અને બંનેને શરીરે ગંભીર ઈજાઓ થઇ હતી. અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી ગયા હતા અને 108 એમ્બ્યુલસ બોલાવી ઈજાગ્રસ્ત દંપતીને સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. જોકે વધુ ઈજાઓ થવાથી હરિભાઈનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.અકસ્માત સમયે નાનો ભાઈ મોટા ભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયો હતો

લલિતાબેને ગાંધીનગર સિવિલમાં ટૂંકી સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ અકસ્માત સમયે મૃતક દંપતીનો પુત્ર રણજીત ડાભી પોતાના મોટા ભાઈ ભરતભાઈને હાથમાં ફેક્ચર હોવાથી સારવાર માટે નરોડાની હોસ્પિટલમાં લઈ ગયો હતો. એ વખતે 108 દ્વારા તેને ફોન કરીને માતાપિતાનો અકસ્માત થયાની જાણ કરાઈ હતી. જેના પગલે રણજીત તાત્કાલિક દહેગામ સરકારી હોસ્પિટલ પહોંચતા ફરજપરના ડોક્ટરે તેમના પિતાને મૃત જાહેર કર્યા હતા, જ્યારે ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ રીફર કરાયેલા માતાનું પણ ટૂંકી સારવાર બાદ અવસાન થયું હોવાના સમાચાર મળ્યા હતા. આ અંગે દહેગામ પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોરબંદર જિલ્લા સ્વાગત કાર્યક્રમ તારિખ ૨૮ મેના રોજ યોજાશે

## અરજદારશ્રીઓના પ્રશ્નોની અરજીઓ તા. ૧૦ મે સુધી સ્વીકારાશે

• ગોસા(ઘેડ)તા.૦૨

નાગરિકોના પ્રશ્નો અને ફરિયાદોના ઝડપી તથા હકારાત્મક નિવારણ માટે રાજ્યના મુખ્યમંત્રીના અભિગમ હેઠળ દર માસના ચોથા ગુરુવારે યોજાતો 'જિલ્લા સ્વાગત કાર્યક્રમ' આગામી તા. ૨૮ મે, ૨૦૨૬ના રોજ જિલ્લા કલેક્ટર કચેરી, પોરબંદર ખાતે યોજાશે. પોરબંદર જિલ્લાના નાગરિકોને પોતાના કોઈપણ ખાતા અથવા વિભાગ સંબંધિત પ્રશ્નો કે ફરિયાદો ખાસ કરીને લાંબા સમયથી બાકી રહેલા અથવા અનિર્ણિત પ્રશ્નો રજૂ કરવા આમંત્રિત કરવામાં આવે છે. અરજદારોએ અગાઉ સંબંધિત ખાતામાં કરેલ રજૂઆતના આધારરૂપ દસ્તાવેજો, મળેલ જવાબ તથા પ્રત્યુતરની નકલ સાથે અરજી રજૂ કરવી જરૂરી રહેશે.જો અગાઉ રજૂ કરેલ પ્રશ્ન ફરી રજૂ કરવામાં આવે તો તે પ્રશ્નનો ક્રમાંક તથા અગાઉ કરેલ રજૂઆતની વિગત સ્પષ્ટ રીતે દર્શાવવી. અરજીમાં અરજદારનું પૂરું નામ, સંપૂર્ણ સરનામું, સંપર્ક નંબર ફરજીયાત લખવો તથા અરજદારની સહી અનિવાર્ય રહેશે. સહી વગરની અરજીઓ માન્ય ગણાશે નહીં. અરજીઓ સ્પષ્ટ, મુદાસર અને આધારભૂત પુરાવાઓ સાથે હોવી આવશ્યક છે. અલગ-અલગ વિષયોને લગતા પ્રશ્નો અલગ-અલગ અરજીમાં રજૂ કરવા. આ કાર્યક્રમમાં અરજદાર પોતાનો પ્રશ્ન જાતે રજૂ કરી શકશે. સરકારી કર્મચારીઓના નોકરી સંબંધિત પ્રશ્નો તથા કોર્ટમાં પ્રલંબિત કેસો આ કાર્યક્રમ હેઠળ લેવામાં આવશે નહીં.અરજદારશ્રીએ પોતાના પ્રશ્નો તા.૧૦/૦૫/૨૦૨૬ સુધીમાં જિલ્લા કલેક્ટર કચેરી, પોરબંદર ખાતે મોકલવાના રહેશે. તેમજ તા. ૧ થી ૧૦ દરમ્યાન સ્વાગત પોર્ટલ પર ઓનલાઈન અરજી મારફતે પણ પ્રશ્નો રજૂ કરી શકાશે.આ કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે જિલ્લા સેવા સદન-૧, કલેક્ટર કચેરી, પોરબંદરનો સંપર્ક કરવા વિનંતી છે.

# પાક્કો ગુજરાત વિશેષ લેખ શબ્દોથી પરે દિલની વાત!

• લેખકઃ પવન માકન, ગ્રુપ એડિટર

આજના સમયમાં જ્યાં સંબંધો ઘણીવાર સ્વાર્થ અને પરિસ્થિતિઓની ગતિએ આગળ વધે છે, ત્યાં સાચા પ્રેમની લાગણી આજે પણ એટલી જ નિર્મળ અને નિઃસ્વાર્થ છે. શબ્દો ઓછા પડી જાય, પણ દિલ જે કહે છે તે સદાય સત્ય અને ઊંડું હોય છે. "આજે શબ્દો ઓછા છે, દિલ પૂરું બોલે છે" – આ માત્ર કવિતાની પંક્તિ નથી, પરંતુ દરેક એવા હૃદયની લાગણી છે, જે કોઈને નિઃશબ્દ રીતે પ્રેમ કરે છે. પ્રેમમાં હાજરી જરૂરી નથી, કારણ કે સાચો સાથ તો લાગણીઓમાં વસે છે. કોઈ સામે ન હોય છતાં તેની હાજરીનો અહેસાસ થવો, એ જ પ્રેમની સાચી ઓળખ છે.આજના યુગમાં લોકો પ્રેમને વ્યક્ત કરવા માટે મોટા મોટા પ્રસ્તાવો કરે છે, પરંતુ સાચો પ્રેમ તો તે છે, જેમાં કહેવાની જરૂર નથી પડતી. "પ્રસ્તાવ પૂછવો નથી, કહવો છે એટલે જ" – આ ભાવ દર્શાવે છે કે પ્રેમ એક નિર્ણય નથી, પરંતુ એક અનુભૂતિ છે, જે આપોઆપ જીવંત રહે છે.

**વિરોધ** રાજ્યપાલ મહોદય કાળઝાળ ગરમીમાં જીણોદ ગામે સરકારી પ્રા.શા.ની રૂમમાં એ.સી.વિના રાત્રી વિશ્રામ કરશે

# મહામુહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સુરતથી ઓલપાડ કાંઠાના જીણોદ ગામ સુધી એસ.ટી.બસમાં મુસાફરી કરી

## રાજ્યપાલે સામાન્ય મુસાફરની જેમ બસની ડિજિટલ પેમેન્ટથી ટિકિટ લઈ બસમાં પ્રવાસ કરી મુસાફરો સાથે સંવાદ દ્વારા ડિજિટલ વ્યવહારો ને પ્રોત્સાહન આપ્યું

• ઓલપાડ ,તા.૦૨

ગુજરાતના મહામુહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શનિવારે સાંજે સુરતના અડાજણ બસ સ્ટેન્ડથી ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના જીણોદ ગામ સુધીની પોતાની યાત્રા ગુ.રા.માર્ગ વાહન વ્યવહાર નિગમની(એસ.ટી.)બસમાં બેસીને મુસાફરી કરી જીણોદ પહોંચ્યા હતાં. જ્યાં તેમને ધારાસભ્ય મુકેશભાઈ પટેલની હાજરીમાં વહીવટી તંત્રએ ગાર્ડ ઓફ ઓનરથી સન્માન આપ્યું હતું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાની મુસાફરી દરમ્યાન પ્રોટોકોલ અને વિશિષ્ટ સુવિધાઓને બાજુ પર રાખી એક સામાન્ય નાગરિકની બસમાં મુસાફરી કરી પોતાની ટિકિટનું ડિજિટલ પેમેન્ટ દ્વારા ચુકવણી કરી હતી.રાજયપાલ મહોદયે બસમાં સફર દરમ્યાન અન્ય સવાર મુસાફરો સાથે અત્યંત આત્મીય અને આદરપૂર્ણ સંવાદ કર્યો હતો.તેમણે મુસાફરોના ખબર અંતર પૂછ્યા હતાં અને તેઓની સમસ્યાને સમજી સરકારી પરિવહન સેવાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો.તેમણે જીણોદ ગામે હાથમાં ઝાડું પકડી ગ્રામજનો સાથે ગામની સફાઇ કરી હતી અને વડાપ્રધાન




નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરી ગ્રામજનો સાથે પોતે હાથમાં ઝાડું પકડીને સફાઈ કરી હતી.આ અભિયાનમાં ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલ પણ જોડાયા હતા.જો કે આ અગાઉ પણ આચાર્ય દેવવ્રતજી ઘણી વખત એસ.ટી. બસમાં મુસાફરી કરી ચૂક્યા છે.મે મહિનાના સૂર્યપ્રકોપની કાળઝાળ ગરમી વચ્ચે તેમની આ યાત્રા તેમના સાદગીભર્યા જીવન મૂલ્યો,પ્રભાવી જનસંપર્ક અને જાહેર સેવાઓ પ્રત્યે તેમની નિષ્ઠાને પ્રતિબિંબિત કરે છે.

જયારે સૌથી આશ્ચર્યજનક ઘટના તો એ બનનાર છે કે,શનિવારની રાત્રીએ રાજ્યપાલ જીણોદ ગામે અનુ.જાતિ.ના ગરીબ સામાન્ય વ્યક્તિના ઘરે સાદુ ભોજન કરી સ્કૂલના સામાન્ય ઓરડામાં કાળઝાળ ગરમી વચ્ચે પણ એરકન્ડિશનની સુવિધા વિનાના રૂમમાં અને તે પણ કાઠીથી ભરેલ ખાટલામાં નિંદ્રા માણશે.તેઓ જીણોદ ગામે શનિવારની રાત્રી સભામાં ગ્રામજનો સાથે શિક્ષણ,સંસ્કાર,વ્યસન મુક્તિ,આરોગ્ય, પશુપાલન,પર્યાવરણ સંરક્ષણ, સામાજિક સમરસતા અને પ્રાકૃતિક ખેતી વગેરે વિષયો ઉપર ગોષ્ઠિ કરશે.જ્યારે બીજા દિવસે રવિવારે વહેલી સવારે શાળાના બાળકો સાથે યોગ-પ્રાણાયામ કરશે અને ત્યારબાદ પ્રાકૃતિક ખેતી કરતા કરંજ ગામના ખેડૂત મનહરભાઈ પ્રજાપતિના ખેતરની મુલાકાત લેશે અને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પર માર્ગદર્શન આપશે.આ ઉપરાંત રવિવારે ઓલપાડ જીન કેમ્પસમાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજયપાલ મહોદયનો પ્રાકૃતિક ખેતી માટે ખેડૂત શિબિરનું પણ આયોજન કરવામાં આવેલ છે.

ટ્રેક્ટરો દ્વારા ખનન કરી રહ્યા છે જેની જાણ ખાણ ખનીજ વિભાગ

# ખાણ ખનીજ વિભાગ મામલતદાર ની રહેમ નજર હેઠળ ચાલતું ઊંડણી વલાસણા પુલ નીચે ગેરકાયદે ખનન

**કાર્યવાહી** ખનીજ ચોરી કરનારા તત્વો સામે ખાણ ખનીજ વિભાગ કે અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવે છે



સાબરકાંઠા જિલ્લા માં આવેલ સાબરમતી નદી વલાસણા ઉંડણી પુલ પરથી કેટલાક બે નંબરીયાઓ સાબરમતી નદીમાંથી રાત્રે 11 વાગ્યા પછી જેસીબી મશીન અને લોડર દ્વારા મોટા પ્રમાણમાં ટ્રેક્ટરો દ્વારા ખનન કરી રહ્યા છે જેની જાણ ખાણ ખનીજ વિભાગ તેમજ સ્થાનિક અધિકારીઓને પણ ખબર હોવા છતાં તેઓ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં કેમ આવતી નથી . તો શું ખાણ ખનીજ ને માલ મલાઈ મળતી હશે કે પછી બે નંબર કરતા માણસોના સાગરીતો દ્વારા ખાણ ખનીજ વિભાગમાં મોટો વહીવટ કરવામાં આવતો હોય તેમ લાગી રહ્યું છે નદીમાંથી ખુલ્લેઆમ બે નંબર મોટા પ્રમાણમાં રેતીનું ખનન કરી રહ્યા છે તેમ છતાં સ્થાનિક પોલીસ મામલતદાર કે ખાણ ખનીજ વિભાગના કોઈ પણ અધિકારી આ બાબતે રસ લેતા હોય તેવું દેખાઈ રહ્યું નથી. બસ બધાને પોતાનું સેટીંગ કરાવીને કામ ચલાવી લેવું હોય તેવું દેખાઈ રહ્યું છે જો આમને આમ ચાલતું રહે તો સાબરકાંઠા જિલ્લામાં આવેલ તમામ ગેરકાયદે ખનન કરતા બે નંબરી આવોને ખુલ્લું મેદાન મળી જશે અને ખાણ ખનીજ વિભાગ તેમજ સ્થાનિક અધિકારીઓ પણ આ બાબતે સત્વરે કાર્યવાહી કરે તો ઘણી મોટી ખનીજ ચોરી બે નંબરીઓ દ્વારા થતી પકડાય તેમ લાગી રહ્યું છે હવે જોવાનું એ રહે છે કે ખાણ ખનીજ વિભાગ મામલતદાર અને પોલીસ દ્વારા આ બે નંબર કરનારાઓ પણ કોઈ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું કે પછી હોતી હે ચલતી હૈ ની પરિસ્થિતિ ચાલુ રહેશે.

[કોની રહેમ નજર હેઠળ નદીમાંથી રેત નું ખનન થઈ રહ્યું છે]

[શું ખાણ ખનીજ વિભાગન અને સ્થાનિક અધિકારીઓને આ બે નંબર માં ખનીજ વહન કરવા વાળા દેખાતા નથી કે પછી કાંઈ બીજું સેટિંગ હોય તેમ દેખાઈ રહે છે].

જો ખાણ ખનીજ વિભાગ અને પોલીસ અને મામલતદાર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો લાખો રૂપિયાની બે નંબરની ખનીજ ચોરી કરવાવાળા મળી આવે તેવી દેખાઈ રહ્યું છે તો હવે જોવાનું એ રહે છે કે સાબરમતી નદીમાં વલાસણા ઊંડણી પુલની નીચેથી ખનીજ ચોરી કરનારા તત્વો સામે ખાણ ખનીજ વિભાગ કે અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ કે પછી 'આંખ આડા કાન'કરી દેવામાં આવે છે તે જોવું રહ્યું.

# બોટાદ LCB પોલીસે પાળીયાદ-વિછીયા હાઈવે ઉપર વાંગધ્રા ગામ પાસેથી ટ્રકમાંથી ઈંગ્લિશ દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો

## 4,368 દારૂની બોટલ,1992 બિયરના ટીન,722 દવાના બોક્સ,6 મોબાઈલ, ટ્રક,ક્રેટા કાર સહિત 1 કરોડ 8 લાખ 69 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

ભાવનગર રેન્જ આઈ.જી રાજેન્દ્ર અસારી તેમજ બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર બોટાદ જિલ્લામાં દારૂની બદી નાબૂદ કરવાની કડક સૂચના આપવામાં આવેલ હોય જે સૂચનાને લઈને બોટાદ જિલ્લા LCBના ઈન્ચાર્જ PI જી.એમ.પાવરા તેમજ PSI એચ.એ.વસાવા તેમજ પોલીસ સ્ટાફ ના જયરાજભાઈ ખાચર, હરેશભાઈ ખેરાળીયા, ભગીરથસિંહ લીંબોલા, જયેશભાઈ ધાંધલ, ભાવેશભાઈ શાહ, રસિકભાઈ ગળધરા, રાજેન્દ્રસિંહ ડોડીયા સહિતના પોલીસ સ્ટાફ ના માણસોએ નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે પાળિયાદ-વિછીયા હાઈવે રોડ પર વાંગધ્રા ગામ નજીકથી ટ્રકમાંથી મસમોટો ઈંગ્લિશ દારૂનો જથ્થો લઈ જતા ઝડપી પાડ્યો છે.પંજાબ પાર્સિંગની ટ્રક ની અંદર ખેતીની કીટનાશક દવાની આડમાં છુપાવેલો ભારતીય બનાવટ નો વિદેશી આ દારૂનો મસમોટો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો જેમાં 4,368 દારૂની બોટલ જેની



કિંમત 11,35,680, 1,992 બિયરના ટીન જેની કિંમત 2,39,040,દવાની બોટલના 722 બોક્સ જેની કિંમત 54,15,000, મોબાઈલ ફોન-6 જેની કિંમત 72,000, ટ્રક જેની કિંમત 30 લાખ રૂપિયા,ક્રેટા ફોરવ્હીલર ગાડી જેની કિંમત 10 લાખ,જીઓ કંપનીનું ડોંગલ જેની કિંમત 1,000 તેમજ રોકડ રૂપિયા 6,560 મળી કુલ રૂ.1,08,69,280 નો મુદ્દામાલ પોલીસે ઝડપી પાડ્યો છે પોલીસે કુલ 7 આરોપીઓ વિરુદ્ધ દાખલ કર્યો છે જેમાંથી 3 આરોપીઓ ઝડપાયા છે અને 4 આરોપીઓને પકડવાના બાકી છે.LCB પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરી છે.બોટાદ જિલ્લા LCB પોલીસે મસમોટો ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી લેતા બોટાદ જીલ્લા LCB ની કામગીરીને બિરદાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બોટાદ જિલ્લા LCB ના ઈન્ચાર્જ PI તરીકે જી.એમ.પાવરા તેમજ PSI એચ.એ.વસાવાએ ચાર્જ સંભાળ્યા બાદ બોટાદ જિલ્લામાંથી

# જેતપુરમાં વ્યાજખોરનો આતંક: ૨ લાખના ધિરાણ સામે લાખો ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી, યુવાનને ધમકી

જેતપુર પંથકમાં પોલીસ દ્વારા સમયાંતરે લોકદરબાર યોજી કડક કાર્યવાહી કરવામાં આવતી હોવાછતાં વ્યાજખોરો બેફામ બની ગરીબ અને મધ્યમ વર્ગને નિશાન બનાવી રહ્યા હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેતપુરના ભોજાધાર વિસ્તારમાં રહેતા અને વેલ્ડિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા એક આધેડ વ્યાજખોરની ચુંગાલમાં ફસાતા અંતે પોલીસના દ્વાર ખટખટાવવાની ફરજ પડી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરના શીતલા માતાના મંદિર પાસે, ભોજાધાર વિસ્તારમાં રહેતા સુરેશભાઈ મગનભાઈ પીઠવા (ઉ.વ.૪૨) ને આર્થિક જરૂરિયાત ઊભી થતા તેમણે પેઢલા ગામના વતની સંજયભાઈ મોટેરીયા પાસેથી રૂ. ૨ લાખ ઊછીના લીધા હતા. રકમ આપતી વખતે આરોપી સંજયભાઈએ માસિક ૫ ટકા જેટલા ઊંચા વ્યાજદરની શરત મૂકી હતી, જે સુરેશભાઈએ મજબૂરીવશ સ્વીકારી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, સુરેશભાઈએ અત્યાર સુધીમાં ટપ્પે-ટપ્પે વ્યાજ પેટે અંદાજે દોઢ લાખ જેટલી રકમ આરોપીને ચૂકવી દીધી હતી. આમ છતાં વ્યાજખોરની લાલચ સંતોષાઈ નહોતી. આરોપ છે કે સંજયભાઈએ સુરેશભાઈ પર દબાણ બનાવી, ડરાવી-ધમકાવીને બળજબરીપૂર્વક એક લાખ રૂપિયા મુદ્દલ પેટે પણ કઢાવી લીધા હતા. લાખો રૂપિયા વ્યાજ અને મુદ્દલનો મોટો હિસ્સો ચૂકવી દીધા બાદ પણ આરોપી સંજયભાઈ મોટેરીયા દ્વારા સુરેશભાઈ પાસે સતત વધુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરવામાં આવી રહી હતી.આરોપી દ્વારા સતત માનસિક ત્રાસ આપી નાણાંની માંગણી કરવામાં આવતા અંતે સુરેશભાઈએ હિંમત ભેગી કરી જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વ્યાજખોરી વિરોધી કાયદા હેઠળ કડક તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે જેતપુર પંથકના નાના ધંધાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે જો કોઈ વ્યાજખોર હેરાન કરતો હોય તો ડર્યા વગર પોલીસનો સંપર્ક કરવો.

# મુન્દ્રા માં અબોલ પક્ષીઓ માટે પાણીના કુંડા – 'મુન્દ્રા મુસ્લિમ ગ્રુપ' ની અનોખી પહેલ



મુન્દ્રા: ભીષણ ઉકળતા તાપમાન વચ્ચે માનવતાની સરસ મિસાલ મૂકી, મુન્દ્રા તેમજ મુન્દ્રા સિટીના વિવિધ વિસ્તારોમાં મુન્દ્રા મુસ્લિમ ગ્રુપ દ્વારા અબોલ પક્ષીઓ માટે આશરે ૮૦ જેટલા પાણીના કુંડા મુકવામાં આવ્યા છે. ગરમીના દિવસોમાં પાણીના અભાવે તરસતા પક્ષીઓ માટે આ સેવા જીવનદાયી સાબિત થઈ રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં મુકાયેલા આ કુંડાઓ પક્ષીઓ માટે રાહતનું કેન્દ્ર બન્યા છે. આ પહેલ માત્ર એક સેવા નથી, પરંતુ માનવતા અને જીવદયા પ્રત્યેની ભાવનાનો જીવંત ઉદાહરણ છે. પ્રકૃતિ અને પ્રાણીઓ પ્રત્યેની જવાબદારીને સમજતા યુવાનો દ્વારા કરવામાં આવેલ આ કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. આ ઉમદા કાર્યમાં સહભાગી બનેલા તમામ ભાઈઓનો ગ્રુપ દ્વારા દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ અલ્લાહ પાક પાસે દુઆ કરવામાં આવી કે આ સેવા કબૂલ થાય અને તમામને સવાબ અતા થાય.

રાણપુર તાલુકાને આજસુધી બો જિલ્લા પંચાયતના પ્રમુખ પદ મળ્યુ નથી

# બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પ્રબળ દાવેદાર રાણપુર તાલુકાની ઉમરાળા બેઠકના કૈલાશબેન વિનોદભાઈ સોલંકી

તાજેતરમાં જ પૂર્ણ થયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બોટાદ જિલ્લામાં ભાજપનો ભગવો રહેરાયો છે.ત્યારે બોટાદ જિલ્લા પંચાયતની 20 બેઠકોમાંથી તમામ 20 બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે જ્યારે વાત આવી છે હવે બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખ માટેની તો જ્યારથી બોટાદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો છે ત્યારથી રાણપુર તાલુકા ને જિલ્લા પંચાયતમાં મુખ્ય સ્થાન ક્યારે મળ્યું નથી આજદિન સુધી રાણપુર તાલુકાના જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા કોઈપણ પ્રતિનિધિને પ્રમુખનું પદ મળ્યું નથી ત્યારે આ વખતે જિલ્લા પંચાયતમાં રાણપુર તાલુકાની ચારેય બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે. ત્યારે આ વખતે રાણપુર તાલુકાના જિલ્લા પંચાયતના પ્રમુખ રાણપુર તાલુકામાંથી બનાવવામાં આવે તેવી રાણપુર તાલુકાના લોકો દ્વારા પણ માંગ ઉઠી છે જો વાત કરીએ તો કૈલાશબેન વિનોદભાઈ સોલંકી કે જે ઉમરાળા જિલ્લા પંચાયતની બેઠક ઉપરથી જંગી બહુમતીથી વિજય થયા છે. ત્યારે કૈલાશબેન વિનોદભાઈ સોલંકી હાલ બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખના પ્રબળ દાવેદાર માનવામાં આવે છે જિલ્લા પંચાયતમાં 20 બેઠકોમાંથી 10 બેઠકો ઉપર કોળી સમાજના ઉમેદવારોનો વિજય થયો છે. ત્યારે વિનોદભાઈ સોલંકી કોળી સમાજના યુવા ચહેરા તરીકે જાણીતા છે. લોકપ્રિય નેતા છે એના ધર્મપત્ની કૈલાશબેન સોલંકી નો આ ચૂંટણીમાં જંગી બહુમતી વિજય થયો છે. જો વાત કરીએ વિનોદભાઈ સોલંકી નો તો તેઓ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના કારોબારી સભ્ય તરીકે રહી ચૂક્યા છે. ભાવનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના પ્રભારી રહી ચૂક્યા છે.ભારતીય જનતા પાર્ટી ના બોટાદ જિલ્લા યુવા મોરચાના મહામંત્રી પણ તેઓ રહી ચૂક્યા છે. તેમજ બોટાદ જિલ્લા સહ ચૂંટણી અધિકારી સંગઠન પર્વ 2024 અંતર્ગત પણ તેઓ પોતાની ફરજ નિભાવી ચૂક્યા છે. કુંડલી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે રાણપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પણ તેઓએ ઉત્તમ કામગીરી કરી છે રાજકીય,સામાજિક રીતે ખૂબજ સારો અનુભવ ધરાવે છે રાણપુર તાલુકામાં અને જિલ્લામાં એક ભાજપના યુવા નેતા તરીકે નો ચહેરો છે અને સત્તાનો પણ સારો એવોની પાસે અનુભવ છે જ્યારે રાણપુર તાલુકા પંચાયતના પ્રમુખ હતા તે દરમિયાન તેઓએ તાલુકાના વિકાસના કામોમાં ખૂબ જ ઉત્તમ કામગીરી કરી હતી. ત્યારે બોટાદ જિલ્લા પંચાયતના પ્રમુખના પ્રબળ દાવેદાર તરીકે સૌથી આગળ હાલ કૈલાશબેન વિનોદભાઈ સોલંકી ચાલી રહ્યા છે કારણ કે આ વખતે જિલ્લા પંચાયતના પ્રમુખ ની સત્તા મહિલાના હાથમાં છે ત્યારે કૈલાશબેન વિનોદભાઈ સોલંકી જિલ્લા પંચાયતનો સારો વહીવટ કરી બોટાદ જિલ્લાની વિકાસની દિશામાં નવી ઊંચાઈ ઉપર લઈ જવા માટે તેઓ સક્ષમ છે ત્યારબાદ પાયલબેન ભૂમિતભાઈ માથોળીયા(તુરખા સીટના),તેજુબેન ધીરુભાઈ બાવળીયા(નિંગાળા સીટ),આશાબેન મુકેશભાઈ બોરડા( વાવડી સીટ) તેઓ પણ જિલ્લા પંચાયતના પ્રમુખની રેસમાં છે.

# ‘અધિકારીઓ જાણે ભાજપના કાર્યકરો હોય એ રીતે ચૂંટણી લડ્યા’

## ચાવડાએ કહ્યું- નિષ્ક્રિય નેતાઓ સામે કાર્યવાહી કરી સંગઠનમાં બદલાવ થશે

• અમદાવાદ




સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને લઈ રાજીવ ગાંધી ભવન પર રિવ્યૂ બેઠક યોજવામાં આવી છે. 6 તારીખ સુધી પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી અને દરેક ઝોનમાં પ્રભારી સાથે પરિણામોને લઈને એનાલિસિસ શરૂ કરવામાં આવ્યું છે. આજે દક્ષિણ ગુજરાતના પરિણામોને લઈને વિવિધ જિલ્લાના હોદ્દેદારો સાથે બેઠક કરવામાં આવી છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભામાં પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરી અને દક્ષિણ ઝોનના પ્રભારી બી.વી શ્રીનિવાસની અધ્યક્ષતામાં બેઠક મળી છે. જેમાં વલસાડ, નવસારી, તાપી, છોટા ઉદેપુર, ભરૂચ, સુરત શહેર અને જિલ્લાના હોદ્દેદારો સાથે રિવ્યૂ બેઠક કરવામાં આવી છે. બેઠકમાં પક્ષ વિરુદ્ધિ પ્રવૃતિ કરનાર નેતાઓની પણ વિગતો માંગવામાં આવી છે.જેની સમીક્ષા બાદ તેવા નેતાઓ સામે કાર્યવાહી પણ કરવામાં આવશે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસને અપેક્ષા કરતા વિપરીત પરિણામ આવ્યું છે. સંગઠન સૃજન અભિયાન અને જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો તૈયાર કરવા છતાં પણ જનતાએ કોંગ્રેસને મત આપ્યા નહીં. કોંગ્રેસને આશા હતી કે પરિવર્તન લાવવા માટે જનતા મત આપશે, પરંતુ ધાર્યું તેવું પરિણામ કોંગ્રેસ લાવી શકી નથી. જેથી હવે 2027 પહેલા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે ભૂલો થઈ છે તે સુધારવા માટે અને સંગઠનને મજબૂત બનાવવા માટે ચૂંટણીના પરિણામોનું એનાલિસિસ કરવામાં આવ્યું છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં રિવ્યૂ બેઠક યોજવામાં આવી છે.આજે દક્ષિણ ગુજરાત ઝોનની બેઠક મળી હતી. જેમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભામાં પક્ષના નેતા ડૉ.તુષાર ચૌધરી અને દક્ષિણ ઝોનના પ્રભારી બી.વી શ્રીનિવાસ સહિત શહેર અને જિલ્લાના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. આવતીકાલે ઉત્તર ગુજરાત ઝોનની બેઠક મળશે. જેમાં AICCના સેક્રેટરી અને પ્રભારી સુહાસિની યાદવને ઉપસ્થિત રહેવા સૂચના આપવામાં આવી છે. 4 મેના મધ્ય ગુજરાત ઝોનની બેઠક મળશે જેમાં AICC સેક્રેટરી અને પ્રભારી રામકિશન ઓઝા પણ ઉપસ્થિત રહેવાના છે. 5 અને 6 મેના સૌરાષ્ટ્ર ઝોનની બેઠક મળશે જેમાં AICC સેક્રેટરી અને પ્રભારી દેવેન્દ્ર યાદવ પણ ઉપસ્થિત રહેવાના છે. રિવ્યૂ બેઠક બાદ પ્રદેશ પ્રમુખ દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે પણ નેતાઓએ પક્ષ વિરોધી કામગીરી કરી છે તેની વિગતો પણ મંગાવવામાં આવી છે. કેટલીક જગ્યાએ સંગઠનમાં આગેવાનો નિષ્ક્રિય હોવાની પણ પ્રદેશ પ્રમુખને બેઠકમાં ફરિયાદ મળી છે. જેથી હવે પક્ષ વિરોધી પ્રવૃતિ કરનાર નેતાઓ અને હોદ્દેદારોની સમીક્ષા કર્યા બાદ તેમની સામે કાર્યવાહી પણ કરવામાં આવશે. તેમજ 2027ને ધ્યાનમાં રાખીને સંગઠનમાં ફેરફાર પણ કરવામાં આવશે.ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જે રીતે લોકોની વચ્ચે માહોલ હતો સરકાર સામેની નારાજગી હતી ભ્રષ્ટાચાર અને ગેરવહીવટથી લોકો હેરાન પરેશાન હતા પણ પરિણામો જ્યારે આવ્યા ત્યારે અપેક્ષાથી વિપરીત પરિણામો આવ્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે સંગઠન સૃજન અભિયાનના માધ્યમથી સંગઠનની નિમણૂક કરવામાં આવી ત્યાર પછી ઉમેદવારોની તમામ પસંદગીની પ્રક્રિયા પણ સ્થાનિક કક્ષાએ જ કરવામાં આવી હતી.

સમાપન

2.82 લાખ નવા રોજગારની તકો સર્જાશે

# સુરતમાં વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સનું સમાપન:3.53 લાખ કરોડના 2,792 MOU સાથે દક્ષિણ ગુજરાતમાં રોકાણનો મહાકુંભ

## સુરતના આંગણે બે દિવસ માટે યોજાયેલી ’વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ’ આજે સંપન્ન થઈ છે

• સુરત

ગુજરાતના ઔદ્યોગિક ઈતિહાસમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. સુરતના આંગણે બે દિવસ માટે યોજાયેલી ’વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ’ આજે સંપન્ન થઈ છે. આ કોન્ફરન્સ માત્ર આંકડાકીય દ્રષ્ટિએ જ નહીં, પરંતુ ભવિષ્યના વિકાસના રોડમેપ તરીકે પણ ઐતિહાસિક સાબિત થઈ છે. બે દિવસના અંતે કુલ 2,792 જેટલા MOU (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જે રાજ્યના અર્થતંત્રને નવી ઊંચાઈ પર લઈ જશે.

કોન્ફરન્સના બીજા દિવસે કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓએ હાજર રહી ઉદ્યોગકારોનો ઉત્સાહ વધાર્યો હતો. કેન્દ્રીય કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રી જે.પી. નડ્ડાએ ખાસ હાજરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, “ગુજરાત આજે વૈશ્વિક રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું રાજ્ય બન્યું છે અને તેમાં સુરતનું યોગદાન અભૂતપૂર્વ છે.” આ પ્રસંગે રાજ્યના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને કુંવરજી બાવળીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીઓએ ઉદ્યોગ જગતને ખાતરી આપી હતી કે, સરકાર રોકાણકારોને પાયાની સુવિધાઓ અને નીતિગત સહાય પૂરી પાડવા માટે કટિબદ્ધ છે.રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, વિદેશમાં પરિવાર




સાથે સ્થાયી થયેલ લોકોનો હૃદય આજે પણ સુરતથી જોડાયેલ છે.હું આશા રાખું છું કે તમે જે સોચ લઈને આવ્યા છો તે સોચ સાથે આગળ વધશો.સુરતના લોકો લોકપ્રિય.નાની મોટી ભૂલ થઈ હોય તો ક્ષમા યાચના માંગુ છું.સુરતના લોકો મીઠું ખાઈ છે એટલા જ મીઠા પણ છે. ગુજરાતની ધરતીમાં તાકાત હતી. દેશ અને દુનિયાભરના લોકો સુધી પહોચાડવા એક ઐતિહાસિક શરૂઆત ગાંધીનગરથી થઈ. આજે ગુજરાતનો 27.9 લાખ કરોડ સુધીનો GDP ગ્રોથ પહોંચ્યો છે.કેટલીક મુશ્કેલીઓ નો સામનો કરવો પડ્યો.પરંતુ ટીમ ગુજરાતે ક્યારેય પીછેહઠ નહીં કરી.દેશમાં નંબર વન રાજ્ય બનવા તમામ મુશ્કેલીઓ માંથી પસાર રહ્યું.આ યાત્રામાં ક્યારેય તડકો અને વરસાદની ચિંતા નથી કરી.આ યાત્રા અહીં સુધી સિમિત નથી,આ યાત્રા વધુ ઝડપથી આગળ વધવા વાયબ્રન્ટ ગુજરાતને દરેક ક્ષેત્રમાં લઈ જવામાં આવશે.નાના નાના વેપારીઓને તેનો લાભ કઈ રીતે મળી શકે તે દિશામાં પ્રયાસ રહેશે.કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે મારું સૌભાગ્ય છે કે આજે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો છું. દક્ષિણ ગુજરાતના વિકાસ માટેની જે જરૂર હતી, તે જમીન પર જોવા મળ્યું છે.જે MOU થયા છે તે બતાવે છે કે વાયબ્રન્ટ ગુજરાત થકી ગુજરાત એક મોટી છલાંગ લગાવવા તૈયાર છે. આપના સૌ માટે ખુશીની વાત છે. 75 ટકા મેન્યુફેક્ચરિંગ ગુજરાતમાં છે. એર કાર્ગોમાં પણ ગુજરાત આગળ છે. ગુજરાતે સાચી દિશામાં એક લાંબી છલાંગ લગાવી છે. જે વાઈબ્રન્ટ ગુજરાત એક પ્રમાણ છે. ગુજરાતે પોતાનામાં એક આગવી ઓળખ ઊભી કરી છે. 21મી સદીની શરૂઆતમાં ઈન્ડસ્ટ્રીઝ ,પોલિટિક્સ અને બ્યુરોક્રેટ્સ સબંધો દૂર સુધીમાં હતા. વધુમાં જણાવ્યું હતું કે, 2003માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત અમદાવાદમાં યોજાયું,જે પીએમ મોદીએ શરૂવાત કરી હતી.ડાયલોગ,ડિસ્કશન અને રોકાણ ની શરૂવાત થઈ.વાઈબ્રન્ટ ગુજરાત ભારતના અન્ય રાજ્યની પણ સંસ્કૃતિ બની ગઈ. રિઝનલ એક્પ્રેશનને વધાવવું જોઈએ, જેના પર આપણે સૌ આગળ વધી રહ્યા છે. ઈન્વેસ્ટમેન્ટનું એક વાતાવરણ હવે બની રહ્યું છે. અર્થતંત્ર ગ્રો કરે અને દેશ આગળ વધે તે માટેના પ્રયાસ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી,હાઈસ્પીડ રેલ જેવી બાબતો વિકસિત ગુજરાતના સ્વરૂપમાં જોવા મળી રહી છે. આપણને આપણો આત્મવિશ્વાસ વધારવો પડશે. આપદા ને આપણે અવસરમાં બદલીએ. મેન્યુફેક્ચરિંગ પર વધુ ધ્યાન આપીએ.સમય સમય પર સપ્લાય ચેઈન પર ધ્યાન આપવાની જરૂરી. 2046 વિકસિત ભારત તરફ વધવું હોય તો આપણે આ બાબતો ધ્યાન આપવાની જરૂર. વાઈબ્રન્ટ ગુજરાત એક લાંબી યાત્રા બનશે. આપણે લાંબી છલાંગની તૈયારી કરી. આ કોન્ફરન્સનું સૌથી મોટું જમા પાસું દક્ષિણ ગુજરાત માટે થયેલા રોકાણો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એકલા દક્ષિણ ગુજરાતના પટ્ટામાં 3.53 લાખ કરોડના MOU થયા છે. આ રોકાણ મુખ્યત્વે સુરતની ઓળખ સમાન આ ઉદ્યોગોમાં આધુનિક ટેકનોલોજી માટે મોટા રોકાણો થયા છે. ભરૂચ અને અંકલેશ્વર પટ્ટામાં નવા પ્લાન્ટ્સ માટે સહમતી સધાઈ છે. સોલાર અને વિન્ડ એનર્જી ક્ષેત્રે અનેક નવી કંપનીઓ દક્ષિણ ગુજરાતમાં એકમો સ્થાપશે.

# ભરૂચ જિલ્લાની સત્તાના સૂકાનીઓ પસંદ કરવા ભાજપ દ્વારા ’સેન્સ’ પ્રક્રિયા પૂર્ણ

## રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા સહિતના નિરીક્ષકોએ હોટલ જીંજર ખાતે દાવેદારોને સાંભળ્યા

• ભરૂચ,



ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભવ્ય વિજય બાદ હવે સત્તાના સૂકાનીઓની વરણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે.શનિવારના રોજ ભાજપના પ્રદેશ નિરીક્ષકો દ્વારા ભરૂચની હોટલ જીંજર ખાતે જિલ્લા પંચાયત, સાત તાલુકા પંચાયત અને ત્રણ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના મહત્વના હોદ્દાઓ માટે ઉમેદવારોના ’સેન્સ’ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતીપ્રદેશ ભાજપ દ્વારા નિમણૂક કરાયેલા નિરીક્ષકોમાં રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા, પ્રદેશ સંયોજક સુરેશભાઈ મકવાણા અને નિખિલભાઈ પટેલે વહેલી સવારથી જ હોદ્દેદારો અને વિજેતા ઉમેદવારો સાથે બેઠકોનો દોર શરૂ કર્યો હતો. આ પ્રક્રિયા દરમિયાન જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક જેવા મહત્વના પદો માટે દાવેદારોએ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો.નિરીક્ષકોએ એક બાદ એક ચૂંટાયેલા પ્રતિનિધિઓને સાંભળી તેમના અભિપ્રાયો નોંધ્યા હતા. આ સેન્સ પ્રક્રિયા બાદ નિરીક્ષકો જિલ્લાના મોવડી મંડળ સાથે પરામર્શ કરી સંભવિત નામોની પેનલ તૈયાર કરશે, જે અંતિમ નિર્ણય માટે પ્રદેશ મોવડી મંડળને મોકલી આપવામાં આવશે. રાજ્ય સરકારના રોટેશન મુજબ જે તે કેટેગરીના ઉમેદવારોની પસંદગી પ્રદેશ કક્ષાએથી નક્કી થયા બાદ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

# વલસાડમાં નકલી દસ્તાવેજોના આધારે પાસપોર્ટ કૌભાંડનો પર્દાફાશ

## UK-21 વિઝા મેળવવાના કાવતરાનો પર્દાફાશ: નકલી આધારકાર્ડ, જન્મના દાખલા અને પાનકાર્ડ બનાવનાર જેક એન્ટરપ્રાઇઝનો માલિક સકંજામાં

• વલસાડ,

સરહદી વિસ્તાર એવા દમણ અને વલસાડ જિલ્લામાં નકલી દસ્તાવેજો બનાવી ગેરકાયદેસર રીતે પાસપોર્ટ મેળવતા તત્વો સામે વલસાડ એસ.ઓ.જી.એ સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. વલસાડ એસ.ઓ.જી.ની ટીમે હાથ ધરેલા ઓપરેશનમાં દમણના એક હાઈટેક ‘દસ્તાવેજ કારખાના‘ નો પર્દાફાશ થયો છે. આ કૌભાંડનો મુખ્ય ઉદ્દેશ્ય નકલી ઓળખ ઉભી કરી ‘UK-21‘ વિઝા મેળવી બ્રિટન જેવા દેશોમાં સ્થાયી થવાનો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.સમગ્ર ઘટનાક્રમની વાત કરીએ તો, ગત ૨૦ એપ્રિલના રોજ પ્રજ્ઞેશ ઉર્ફે ટાલો પટેલ અને ભાવિક પટેલ નામના બે શખ્સોએ સુરત પાસપોર્ટ ઓફિસ ખાતે પોતાના નામે ભારતીય પાસપોર્ટ મેળવવા ફાઈલ સબમિટ કરી હતી. જોકે, પોલીસ વેરિફિકેશન દરમિયાન તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા જન્મના દાખલા અને આધારકાર્ડ શંકાસ્પદ જણાતા તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. વલસાડ ટાઉન પોલીસે ગુનો નોંધી જ્યારે આ બંનેની કડક પૂછપરછ કરી, ત્યારે આખા નેટવર્કની કડીઓ એકપછી એક ખુલવા લાગી હતી. આ શખ્સોએ કબૂલાત કરી હતી કે તેઓએ વચેટિયાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો.તપાસ દરમિયાન પોલીસને નાલાસોપારા (મહારાષ્ટ્ર) માં છુપાયેલા ટુર એન્ડ ટ્રાવેલ્સના એજન્ટ જીતેન્દ્ર ઉર્ફે જીતુ દમણીયાની ભાળ મળી હતી. જીતુએ આ બંને યુવકોને લાલચ આપી વિદેશ મોકલવાનું કાવતરું ઘડ્યું હતું. જોકે, આ નકલી દસ્તાવેજો છાપવાનું કામ દમણના દુનેઠા વિસ્તારમાં ‘જેક એન્ટરપ્રાઈઝ‘ નામની ઓફિસ ચલાવતો જીજ્ઞેશ ઉર્ફે જેક કરતો હતો. એસ.ઓ.જી.ની ટીમે દમણ ખાતે જેકની ઓફિસ પર ઓચિંતી રેડ પાડી ત્યારે ત્યાંથી અત્યંત આધુનિક લેપટોપ, કલર પ્રિન્ટર્સ અને વિવિધ સરકારી હોદ્દાના સિક્કાઓ તેમજ નકલી દસ્તાવેજો માટેના સ્પેશિયલ પેપર્સ મળી આવ્યા હતા.પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, આ રેકેટનો વ્યાપ ઘણો મોટો હોઈ શકે છે. મુખ્ય એજન્ટ હેમંત જગન હજુ પોલીસ પકડથી દૂર છે, પરંતુ તેની ધરપકડ બાદ અનેક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

## રાશીફળ (તા.03-05-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આવતીકાલનો દિવસ તમારા માટે ઉર્જાથી ભરપૂર રહેશે. કાર્યક્ષેત્રમાં તમારા નવા વિચારોની પ્રશંસા થશે. આર્થિક સ્થિતિ મજબૂત થવાના સંકેત છે, પરંતુ ઉતાવળમાં રોકાણ કરવાનું ટાળવું. |
| વૃષભ (બ.વ.ઉ) | આવતીકાલે તમારે તમારી વાણી પર સંયમ રાખવાની જરૂર છે. પરિવારના સભ્યો સાથે કોઈ વાત પર અણબનાવ થઈ શકે છે. ધીરજથી કામ લેવું, બપોર પછી સ્થિતિ સામાન્ય થઈ જશે. |
| મિથુન (ક.છ.ઘ) | સામાજિક કાર્યોમાં તમારી રુચિ વધશે. મિત્રો સાથે સારો સમય વિતાવવાની તક મળશે. વેપારમાં નવી તકો મળી શકે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. |
| કર્ક (ડ.હ) | આવતીકાલે માનસિક શાંતિ અનુભવશો. અટકેલા સરકારી કામ પૂરા થવાની સંભાવના છે. જીવનસાથીનો પૂરો સહયોગ મળશે. આર્થિક રીતે દિવસ શુભ છે. |
| સિંહ (મ.ટ) | આત્મવિશ્વાસમાં વધારો થશે. કાર્યસ્થળ પર તમને કોઈ મોટી જવાબદારી મળી શકે છે. જૂના મિત્રો સાથેની મુલાકાત મનને પ્રસન્ન કરશે. ખાવા-પીવામાં સાવધાની રાખવી. |
| કન્યા (પ.ઠ.ણ) | ખર્ચમાં વધારો થઈ શકે છે, તેથી બજેટ બનાવીને ચાલવું. કાનૂની બાબતોમાં સાવધાની રાખવાની જરૂર છે. વિદ્યાર્થીઓ માટે દિવસ સખત મહેનત વાળો રહેશે. |
| તુલા (ર.ત) | આવકના નવા સ્ત્રોત બનશે. પ્રેમ સંબંધોમાં મધુરતા આવશે. પ્રવાસના યોગ બની રહ્યા છે, જે સુખદ રહેશે. તમારી કાર્ય યોજનાઓને ગુપ્ત રાખો. |
| વૃશ્ચિક (ન.ય.) | કાર્યક્ષેત્રમાં સખત સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. તમારી મહેનત પર ભરોસો રાખો. પરિવારમાં માંગલિક કાર્યની યોજના બની શકે છે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ભાગ્ય તમારી સાથે છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. દૂરના સ્થળેથી કોઈ સારા સમાચાર મળી શકે છે. વ્યાવસાયિક યાત્રા સફળ રહેશે. |
| મકર (ખ.જ) | આવતીકાલનો દિવસ ઉતાર-ચઢાવ વાળો હોઈ શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. પૈતૃક સંપત્તિ સાથે જોડાયેલો કોઈ મામલો ઉકેલાઈ શકે છે. માનસિક તણાવથી બચવું. |
| કુંભ (ગ.શ.સ.ષ) | ભાગીદારીના કામમાં લાભ થશે. દામ્પત્ય જીવન સુખમય રહેશે. નવા લોકો સાથે સંપર્ક થશે જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. નોકરી કરતા લોકો માટે દિવસ સારો છે. અટકેલા નાણાં પરત મળી શકે છે. તમારી યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરો. |

# સુરતમાં ડમ્પરનો કહેર, એન્જિ.નું મોત; મંત્રીની કાર પર માટી પડી

## દીકરાના મોતથી માતાનો આક્રંદ; કહ્યું- ’બેટા, તારા તો લગ્ન કરાવવાના હતા ’

• સુરત

સુરત શહેરમાં બેફામ દોડતા ડમ્પરો હવે નિર્દોષ નાગરિકો માટે ’કાળમુખા’ સાબિત થઈ રહ્યા છે, જેની ગંભીરતા ખુદ રાજ્ય મંત્રીએ પણ અનુભવી છે.એકતરફ અલથાણ વિસ્તારમાં L&T કંપનીના 28 વર્ષીય આશાસ્પદ એન્જિનિયર યુવકને ડમ્પરના તોતિંગ વ્હીલે કચડી નાખતા તેનું કરૂણ મોત નીપજ્યું છે, જેના કારણે એક પરિવારનો એકનો એક પુત્ર છીનવાઈ ગયો છે.બીજી તરફ રસ્તાઓ પર મોત બનીને ફરતા આવા ડમ્પર ચાલકોની દાદાગીરીનો ભોગ ખુદ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા પણ બન્યા હતા. લસકાણા વિસ્તારમાં એક ઓવરલોડ ડમ્પરની માટી અને પથ્થરો સીધા તેમની કાર પર પડ્યા હતા. આ ઘટના બાદ મંત્રીએ તાત્કાલિક કાફલો રોકી, રસ્તા પર ઉતરીને કાયદાનું ઉલ્લંઘન કરતા ડમ્પરો જપ્ત કરાવી કડક કાર્યવાહીનો આદેશ આપ્યો છે.સુરતમાં સર્જાયેલી આ બે ઘટનાઓએ વહીવટી તંત્ર અને ડમ્પર માફિયાઓ સામે અનેક સવાલો ઉભા કર્યા છે.મંત્રી પ્રફુલ પાનસેરિયા જ્યારે સુરતના લસકાણા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમની આગળ દોડતા એક ઓવરલોડ ડમ્પરની માટી અને પથ્થર સીધા તેમની જ કાર પર પડ્યા હતા. આ ઘટનાથી ચોંકી ઉઠેલા મંત્રીએ તાત્કાલિક પોતાનો કાફલો રોકીને તપાસ શરૂ કરી હતી.



સુરતનાગોડાદરા વિસ્તારમાં રહેતો અને L&T કંપનીમાં ડિઝાઈનર એન્જિનિયર તરીકે નોકરી કરતા 28 વર્ષીય યુવક પર અલથાણ વિસ્તારમાં ડમ્પરના તોતિંગ વ્હિલ ફરી વળતા મોત નિપજ્યું છે. મૃતક યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ લવાતા પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો. હૈયાફાટ રૂદન કરતા માતાએ કહ્યું હતું કે, બેટા, તારા તો લગન કરાવાવના હતા. શહેરના અલથાણ વિસ્તારમાં સર્જાયેલા આ જીવલેણ અકસ્માતની ઘટના નજીકમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ હતી.ફૂટેજમાં જોઈ શકાય છે કે જયેશ પોતાની લેન પર શાંતિથી જઈ રહ્યો હતો ત્યારે પાછળથી પૂરઝડપે આવતા ડમ્પર ચાલકે તેને અડફેટે લીધો હતો. ભયાનક દ્રશ્યોમાં સ્પષ્ટ દેખાય છે કે જયેશ તેની બાઈક સાથે ડમ્પરના વચ્ચેના ટાયરમાં ફસાઈ ગયો હતો અને ડમ્પર તેને થોડે દૂર સુધી ઘસડી ગયું હતું. આ દ્રશ્યો જોઈને કોઈનું પણ કાળજું કંપાઈ ઉઠે તેવા હતા.

# ધારાસભ્યની રજૂઆત ફળી રાણાવાવ-કુતિયાણા વિધાન સભાના ગ્રામ્ય વિસ્તારના માર્ગ નવીનીકરણ કરાશે

• ગોસા(ઘેડ)તા.૦૨

રાણાવાવ કુતિયાણા વિધાનસભા મત વિસ્તારના પોરબંદર રાણાવાવ અને કુતિયાણા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં મહત્વના કામો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત પંચાયત હસ્તકના હયાત રસ્તા પહોળા કરવા, સીસી રોડ પ્રોટેકટીવ વોલ બોક્ષ, કલવર્ટ, રોડ ફર્નિચર, આસ્ફાલ્ટ વર્ક, રિસરફેશિંગ, રોડ ફિનિશિંગ કરવા અંગેની રજૂઆત કુતિયાણા રણાવા મતવિસ્તારના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ સરકારમાં રજૂઆત કરતા ગુજરાત સરકારના માર્ગ-મકાન વિભાગ દ્વારા ૮૬.૮૯ કરોડથી વધુના રકમના કામો મંજુર કરાતા ખુશીની લાગણી ફેલાય છે કુતિયાણા રાણાવા મતવિસ્તારના ધારાસભ્યો કાંધલભાઈ જાડેજા એ મુખ્યમંત્રી તેમજ માર્ગ મકાન મંત્રીને કરેલ રજૂઆતના ફલ સ્વરૂપે પોરબંદર તાલુકાના પોરબંદર તાલુકાના ચિકાસા ગરેજ રોડ કે જે મહિયારી બાટવા જતા આ ૨૪.૫૦ કી.મી લંબાઈ ના હયાત રસ્તાને પહોળાઈ કરવાની કામગીરી, પસંદગીની લંબાઈમાં સી.સી.રોડ ,પ્રો.વોલ, બોક્ષ, કલવર્ટ ,રોડ ફનિચર વગેરે કામ કરવા માટેના ૨૪.૫૦ કી.મી. માટે રૂ.૬૬.૫૦ કરોડ મંજૂર થયા છે.જ્યારે રણાવાવ તાલુકાના કંડોરણા-ઠોયાણા નેરાણા સૂચિત ૧૦.૩૦ કિલોમીટર લંબાઈના રસ્તા ના આસ્ફાલ્ટ વર્ક, પસંદગીની લંબાઈમાં સીસી રોડ પાઈપ કલવર્ટ, પ્રોટેકટીવ વૉલ તેમજ રોડ ફિનિશિંગ ની કામગીરી માટે રૂ.૧૩.૯૩ કરોડ મંજૂર થયેલ છે તેમજ રણાવાવ સિટી પોર્શન રોડ જેની સૂચિત લંબાઈ ૫.૫૦ કિમી ના રસ્તા માં રિસરફેશિંગ અને સી.સી. રોડ તથા રોડ ફર્નિશિંગ ની કામગીરી માટે માટે રૂ.૬.૪૬ કરોડ મંજૂર થયા છે આમ કુતિયાણા રાણાવાવ વિધાનસભા મત વિસ્તારના ત્રણ રસ્તાઓ માટે કુલ ૮૬.૮૯ કરોડથી વધુ રસ્તાઓની કામગીરી સક્ષમ સાતએ સૈધ્ધાંતિક મંજૂરી મળતા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિર્માણ ની કામગીરી હાથ ધરવામાં આવશે તેવી ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા દ્વારા અખબારી યાદીમાં જણાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કુતિયાણા રાણાવાવ મત વિસ્તારના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા દ્વારા તેમના મત વિસ્તારના લોકોના પ્રશ્નોને ઝડપી વાચા આપી અને રસ્તાઓ તેમજ અન્ય ગ્રામીણ વિસ્તારના લોક ઉપયોગી કાર્યોને મહત્વ આપી ને વિકાસના કામો તાલુકા જિલા પંચાયત ના તેમજ સરકાર હસ્તકના કામો ઝડપી થાય તેવા સત્તત પ્રયાસો કરતા રહે છે અને પ્રજાકીય તેમજ આ રસ્તાઓની રજૂઆત બાદ ઝડપી નિર્ણય લઈ રસ્તાઓના પ્રજાકીય કામ ની મંજૂરી આપવા બદલ ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માન્યો હતો.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

લાયસન્સ રદ

અમદાવાદમાંથી રૂ.1.21 કરોડની શંકાસ્પદ દવા જપ્ત

# વડોદરામાં ગેરકાયદે ઈન્જેક્શનનું વેચાણ કરતી કંપનીનું લાયસન્સ રદ, પાનસેરીયાએ કહ્યું, ભેળસેળ કરનારને છોડવામાં નહીં આવે

## ઉપરાંત AEDMAX LIFECAREએ કોડીન સીરપના ગેરકાયદેસર વેચાણ બદલ લાયસન્સ 15 દિવસ માટે સસ્પેન્ડ કર્યું છે

• ગાંધીનગર

રાજ્યમાં નકલી, ગુણવત્તાવિહીન અને નશાકારક દવાઓ તેમજ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ સામે ગુજરાત સરકારે સખત કાર્યવાહી શરૂ કરી છે. ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્રએ અમદાવાદ સહિત વડોદરા, સાવલી અને ભરૂચમાં સઘન દરોડા પાડ્યાં હતા. આ કાર્યવાહીમાં માત્ર અમદાવાદમાં જ અંદાજે 1.21 કરોડથી વધુના શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ચેતવણી આપી હતી કે, નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરનાર તત્વોને કોઈ પણ સંજોગોમાં છોડવામાં નહીં આવે અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સતત કડક કાર્યવાહી ચાલુ રહેશે.અમદાવાદમાં પવન ફોર્મ્યુલેશન ખાતે દરોડા દરમિયાન કોડીન આધારિત સીરપનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેનો દુરુપયોગ થવાની શક્યતા હતી. અહીંથી અંદાજે 76.51 લાખની દવાઓ જપ્ત કરીને પ્રોહિબિટ કરવામાં આવી છે અને ખરીદી-વેચાણના રેકોર્ડમાં પણ ગંભીર ગેરરીતિઓ સામે આવી છે. ગોમતીપુર વિસ્તારમાં આવેલી દુકાનમાં 'HABBE AUJA' નામની આયુર્વેદિક દવામાં એલોપેથિક 'ડાયક્લોફેનેક' મળતા તેને બનાવટી



જાહેર કરીને જપ્ત કરવામાં આવી હતી. અન્ય એક કંપની પાસેથી મંજૂરી વિના કામગીરી અને બિલિંગમાં ગેરરીતિ બદલ 4.60 લાખની દવાઓ જપ્ત કરવામાં આવી છે.

ઉપરાંત AEDMAX LIFECAREએ કોડીન સીરપના ગેરકાયદેસર વેચાણ બદલ લાયસન્સ 15 દિવસ માટે સસ્પેન્ડ કર્યું છે, જ્યારે Maxila Mediscience Pvt. Ltd.માં સાયકોટ્રોપિક દવાઓના ઉત્પાદન અંગે તપાસ ચાલી રહી છે. મનહરનગર વિસ્તારમાં પણ વગર પરવાને દવાનો જથ્થો સંગ્રહ કરનાર પાસેથી અંદાજે 40 લાખનો જથ્થો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

વડોદરામાં Medicament Solutions Pvt. Ltd. દ્વારા ડૉક્ટરની પ્રિસ્ક્રિપ્શન વગર "Mounjaro KwikPen" ઈન્જેક્શનનું ઓનલાઈન ગેરકાયદેસર વેચાણ કરતા કંપનીનું લાયસન્સ કાયમી રદ કરવામાં આવ્યું છે. Amico Formulation LLP દ્વારા ઊંચા ડોઝની ટાપેનટાડોલ દવાઓના ઉત્પાદનને કારણે તેની ઉત્પાદન પરમિટ પણ રદ કરવામાં આવી છે. સાવલીમાં લેવામાં આવેલા નમૂનાઓમાંથી એક દવા 'Not of Standard Quality' જાહેર થતા સ્ટોપ સેલ અને પ્રોડક્ટ રીકોલના આદેશ આપવામાં આવ્યા છે, જ્યારે ભરૂચની Alphard Pharma કંપનીની એક્સપોર્ટ પરમિટ પણ રદ કરવામાં આવી છે. આ સાથે રાજ્યભરમાં 'ખોરાક શુદ્ધિ અભિયાન' અંતર્ગત પણ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એપ્રિલ મહિનામાં કુલ 4,193 એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાં અંદાજે 1.83 લાખ મૂલ્યના 1,018 કિલો શંકાસ્પદ પનીર/એનાલોગનો જથ્થો મળી આવતા તેને સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત 270 એકમોને નોટિસ પાઠવવામાં આવી છે, 118 નમૂનાઓ લેબોરેટરીમાં મોકલાયા છે, 18 એકમોને સીલ કરવામાં આવ્યા છે અને મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા 2.84 લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

ઉનાળાની સિઝનને ધ્યાનમાં રાખીને શેરડીનો રસ, મેંગો જ્યુસ, તરબૂચ અને આઈસ ગોલા જેવા ખાદ્ય પદાર્થોની પણ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા 1,576 સ્થળોએ તપાસ કરીને કુલ 1,705 નમૂનાઓની ચકાસણી કરવામાં આવી છે. સાથે જ વેપારીઓ અને નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે 284 ટ્રેનિંગ અને 255 અવેરનેસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્ય સરકાર નાગરિકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરે અને નકલી તથા નશાકારક દવાઓના ગેરકાયદે વેપાર સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવી છે.

MSUમાં મોદી અને RSSના અભ્યાસ મુદ્દે NSUI લાલઘૂમ

# 'સરકારી સંકુલોમાં 'કમલગટ્ટા' છૂટા મૂકી દેવાયા છે યુનિવર્સિટી બંધના એલાનની આપી ચેતવણી: ઉપપ્રમુખ

## બી.એ. ચોથા વર્ષ અને એમ.એ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક નવો 'મેજર કોર્સ' શરૂ કરવામાં આવ્યો છે

• વડોદરા

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27થી સમાજશાસ્ત્રના અભ્યાસક્રમમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. યુનિવર્સિટી દ્વારા બી.એ. ચોથા વર્ષ અને એમ.એ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક નવો 'મેજર કોર્સ' શરૂ કરવામાં આવ્યો છે, જેમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વ શૈલી અને RSSને લઈ અભ્યાસ અંગે NSUI દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે.આ મામલે NSUIના ઉપપ્રમુખ તેજસ રોયે જણાવ્યું હતું કે, જે રીતે તમે જોશો કે આજના સમયમાં તમામ સરકારી શૈક્ષણિક સંકુલોમાં આ મોદી અને RSS વાળાએ તેમના 'કમલગટ્ટા'ને છુટા મૂકી દીધા છે. આજે તમે તમામ પ્રોફેસરો કે વાઈસ ચાન્સેલર જુઓ, તેઓ ક્યાંક ને ક્યાંક RSS કે મોદી સાથે જોડાયેલા હોય છે. આ લોકો પોતાના પ્રચાર માટે વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે.



વધુમાં કહ્યું કે, જો તમારે ખરેખર વિદ્યાર્થીઓને કંઈક ભણાવવું હોય, તો ભૂતકાળમાં એવા ઘણા શહીદ વીરો થઈ ગયા છે. જેમણે દેશની આઝાદી માટે લડત આપી છે અને પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. પરંતુ, તમે એ મહાનુભાવોને પાછળ રાખીને આજે વડાપ્રધાનનો પ્રચાર કરી રહ્યા છો અને તેમના વિશે ભણાવી રહ્યા છો. વડાપ્રધાને એવું તો શું મોટું કરી દીધું છે? આજે દેશમાં મોંઘવારી કેટલી છે, ગેસના સિલિન્ડર કેટલા મોંઘા થઈ ગયા છે આ બધું જોયા વગર તમે માત્ર વડાપ્રધાનના પ્રચાર માટે આવી સસ્તી પ્રસિદ્ધિ મેળવવા વિદ્યાર્થીઓના ભવિષ્યને જોખમમાં મૂકી રહ્યા છો. આ કેટલું યોગ્ય છે? વધુમાં કહ્યું કે, ઘણા સભ્યો યુનિવર્સિટીઓમાં પ્રોફેસર કે વાઈસ ચાન્સેલર તરીકે કાર્યરત છે. તેઓ પોતાના ઓળખીતાઓને પદ આપીને ફાયદો પહોંચાડી રહ્યા છે, છતાં તેઓ સંતુષ્ટ નથી. તેઓ પોતાની વિચારધારા થોપવા માટે આવા કાવાતરા કરી રહ્યા છે પરંતુ, NSUI આવા કોઈ પણ કાવાતરા ચલાવી લેશે નહીં. અમે વિદ્યાર્થીઓ માટે લડત આપીશું અને જો વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થશે, તો અમે રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ કરીશું. અમે તેનો કડકમાં કડક વિરોધ કરીશું. જરૂર પડશે તો અમે યુનિવર્સિટી બંધનું એલાન પણ આપીશું.

# વડોદરાની દીકરીઓનો મહિલા ટી-20 વર્લ્ડ કપમાં દબદબો રાધા યાદવ અને યાસ્તિકા ભાટિયાની ટીમમાં પસંદગી

## કિરણ મોરે અને પ્રણવ અમીને આપી શુભેચ્છાઓ

• વડોદરા

ICC મહિલા ટી20 ક્રિકેટ વર્લ્ડ કપ 2026 માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં વડોદરાની બે પ્રતિભાશાળી ખેલાડીઓ રાધા યાદવ અને યાસ્તિકા ભાટીયાએ સ્થાન મેળવીને સંસ્કારી નગરીનું ગૌરવ વધાર્યું છે. આ બંને ખેલાડીઓ લાંબા સમયથી ભારતીય ટીમનો હિસ્સો રહી છે અને તેમની પસંદગીથી વડોદરાના ક્રિકેટ જગતમાં ખુશીનો માહોલ છે. યાસ્તિકાએ માત્ર 8 વર્ષની વયે વડોદરાના પોલો ગ્રાઉન્ડ સ્થિત યુથ સર્વિસ સેન્ટરથી ક્રિકેટ રમવાની શરૂઆત કરી હતી. તેની સખત મહેનતના પરિણામે બરોડા ક્રિકેટ એસોસિએશનની અન્ડર-19 અને ત્યારબાદ સિનિયર ટીમમાં પસંદગી થઈ હતી. વર્ષ 2021માં ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યા બાદ, તેણે 2022ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન એકસાથે ટી-20, વન-ડે અને ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કરીને ઈતિહાસ રચ્યો હતો. રાધા યાદવની સફર અત્યંત પ્રેરણાદાયી છે; તેણે મુંબઈના કાંદીવલીની ગલીઓમાંથી ક્રિકેટ રમવાનું શરૂ કર્યું




હતું. તેના પિતા ઓમપ્રકાશ યાદવ શાકભાજીની રેંકડી ચલાવતા હોવા છતાં, તેમણે રાધાના ક્રિકેટ પ્રત્યેના લગાવને ઓળખી તેને કોચિંગ અપાવ્યું હતું. એક સમયે વડોદરાના ગોરવા વિસ્તારમાં ભાડાના નાનકડા ઓરડામાં રહીને સંઘર્ષ કરનાર રાધા આજે વિશ્વ સ્તરે વડોદરાનું નામ રોશન કરી રહી છે. બંને ખેલાડીઓની આ સિદ્ધિને બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA)ના પ્રમુખ પ્રણવ અમીન અને સીઈઓ સ્નેહલ પરીખે બિરદાવી છે. તેમણે જણાવ્યું કે આ બંને ખેલાડીઓ બરોડા ક્રિકેટના શ્રેષ્ઠ મૂલ્યો અને સ્તરનું પ્રતિનિધિત્વ કરે છે. ક્રિકેટ એડવાઈઝરી કમિટીના અધ્યક્ષ અને પૂર્વ દિગ્ગજ ખેલાડી કિરણ મોરેએ પણ રાધાના દબાણ હેઠળના નિયંત્રણ અને યાસ્તિકાની ઉત્કૃષ્ટ ટેકનિકની પ્રશંસા કરતા તેમને ભારતીય ટીમ માટે અમૂલ્ય ગણાવ્યા છે.

MSUના એમ.કોમ. ફાઈનલ વર્ષનું પરિણામ જાહેર

# યુનિવર્સિટીએ પરીક્ષાના માત્ર 14 દિવસમાં પરિણામ જાહેર કરવાની સિદ્ધિ હાંસલ કરી

• વડોદરા

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીએ વહીવટી કાર્યક્ષમતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા એમ.કોમ. ફાઈનલ વર્ષનું પરિણામ રેકોર્ડબ્રેક 14 દિવસમાં જાહેર કર્યું છે. સામાન્ય રીતે પરિણામ માટે 45 દિવસથી વધુનો સમય લાગતો હતો, ત્યારે આ ઝડપી પ્રક્રિયાએ યુનિવર્સિટીના ઈતિહાસમાં એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે.

ફેકલ્ટીના ડીન પ્રજ્ઞેશ શાહે કાર્યભાર સંભાળ્યા બાદ વિદ્યાર્થી હિતમાં પરિણામોમાં થતો વિલંબ દૂર કરવાનું વચન આપ્યું હતું. હજારો ઉત્તરવહીઓનું મૂલ્યાંકન અને ડેટા એન્ટ્રી જેવી જટિલ પ્રક્રિયાઓને આટલી ઝડપથી પૂર્ણ કરવા પાછળ ડેટા મેનેજમેન્ટ માટે આધુનિક ડિજિટલ સાધનોનો મહત્તમ ઉપયોગ, અધ્યાપકો અને વહીવટી સ્ટાફનું સુનિયોજિત સંકલન અને પરીક્ષા પૂર્ણ થતાની સાથે જ યુદ્ધના ધોરણે શરૂ કરાયેલી મૂલ્યાંકન પ્રક્રિયા જેવા પરિબળો જવાબદાર રહ્યા છે.



એમ.કોમ. ફાઈનલના વિદ્યાર્થીઓ માટે આ સિદ્ધિ આશીર્વાદરૂપ સાબિત થશે. સમયસર પરિણામ મળવાથી વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ (પીએચ.ડી.) અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સમયસર અરજી કરી શકશે. કોર્પોરેટ ક્ષેત્રમાં નોકરીની તકો માટે શૈક્ષણિક વર્ષ બગડશે નહીં. વહીવટી પ્રક્રિયામાં થતો માનસિક તણાવ ઓછો થશે.કોમર્સ ફેકલ્ટીની આ કાર્યપદ્ધતિ હવે અન્ય વિભાગો અને યુનિવર્સિટીઓ માટે એક મોડેલ સમાન બની છે. વિદ્યાર્થી હિતને સર્વોપરી રાખીને કરવામાં આવેલા આ વહીવટી સુધારાની શૈક્ષણિક જગતમાં વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

# કાર બસના પાછળના ભાગે ઘૂસી ગઈ, સુરતના કોન્સ્ટેબલનું મોત

## ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢ્યો, વડોદરા પાસેથી પસાર થતા દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે પર અકસ્માત

• વડોદરા

વડોદરાના પાદરા પાસેથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર કાર અને બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. સુરત ગ્રામ્ય પોલીસના SOG કોન્સ્ટેબલનું અકસ્માતમાં મોત થયું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે આખે આખી કાર બસના પાછળના ભાગે ઘૂસી ગઈ છે. ભારે જહેમત બાદ રેસ્ક્યુ કરીને મૃતક કોન્સ્ટેબલને બહાર કાઢવામાં આવ્યા છે. આ અકસ્માત વડોદરાના પાદરા વિસ્તારમાં થયો છે. વડોદરાથી સુરત જઈ રહેલી એક સરકારી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે કાર આખી બસના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં સુરત ગ્રામ્ય



પોલીસના SOG કોન્સ્ટેબલ ભરત ગાભાભાઈ દેસાઈનું મોત થયું છે. મૃતક ભરત દેસાઈ આલમપુર ગામ (રબારીવાસ, મોમાઈ માતા મંદિર પાસે), ગાંધીનગરના વતની હતાં.

મૃતક કોન્સ્ટેબલ વડોદરાથી સુરત તરફ જઈ રહ્યા હતા, તે દરમ્યાન આ અકસ્માત સર્જાયો હતો. કોન્સ્ટેબલના મૃતદેહને પોલીસે કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ પૂર્ણ થયા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે. પાદરા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સરકારી બસના ચાલક સામે ગુન્હો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# દિવ્યાંગ વ્યક્તિઓને ટ્રાઈસિકલનું વિતરણ:SSG હોસ્પિટલ ખાતે નિષ્ઠાવાન તબીબોનું સન્માન કરાયું

## અસહાય લોકોના જીવનમાં પરિવર્તન લાવનારને ટોકન ઓફ લવ

• વડોદરા

વડોદરાના જાણીતા શિફા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે 2 મે, 2026ના રોજ માનવતાલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા સર સયાજીરાવ ગાયકવાડ (SSG) હોસ્પિટલના નિષ્ઠાવાન તબીબોની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

વડોદરાની SSG હોસ્પિટલ એ મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ છે. આ હોસ્પિટલમાં આસપાસના જિલ્લાઓમાંથી હજારો દર્દીઓ સારવાર માટે આવે છે. વડોદરાની આસપાસ આવેલા આદિવાસી જિલ્લાઓમાંથી પણ દર્દીઓ અહીં સારવાર લે છે અને સાજા થઈને ઘરે જાય છે.હોસ્પિટલના તબીબોની સરાહનીય કામગીરીને પણ સંસ્થા દ્વારા બિરદાવવામાં



આવી હતી. આ કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યક્તિઓને ટ્રાઈસિકલ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રંજન અય્યર, ડૉ. શ્રેયા શાહ અને અન્ય અગ્રણી તબીબોના વરદ હસ્તે સાત જરૂરિયાતમંદ અને દિવ્યાંગ વ્યક્તિઓને ટ્રાઈસિકલ અર્પણ કરવામાં આવી હતી. એસએસજી હોસ્પિટલના તબીબોએ પણ શિફા ચેરિટેબલ ટ્રસ્ટની નિઃસ્વાર્થ સેવાઓની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જ્યારે સામાજિક સંસ્થાઓ હોસ્પિટલ અને દર્દીઓની સેવામાં સહભાગી બને છે ત્યારે સમાજમાં એક સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. આ પ્રસંગે ઉપસ્થિત અન્ય તબીબો અને મહાનુભાવોએ પણ ટ્રસ્ટની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.ટ્રસ્ટના મોહમ્મદ હુસેન (જોની ભાઈ) અને સુલેમાન ભાઈ મેમણે જણાવ્યું કે, ગરીબ અને મધ્યમ વર્ગના અસહાય લોકોના જીવનમાં પરિવર્તન લાવવાના ઉમદા હેતુથી આ 'ટોકન ઓફ લવ' કાર્યક્રમ યોજાયો હતો. હોસ્પિટલના વહીવટી કાર્યાલય ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં તબીબોએ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. સંસ્થાના આ પ્રયાસથી સમાજમાં કરુણા અને સેવાભાવનો પ્રેરણાદાયી સંદેશ વહેતો થયો છે.

# મહાનગરપાલિકાની ખોરાક શાખાનું આકસ્મિક ચેકિંગ શહેરના વિવિધ વિસ્તારના 43 એકમોમાં તપાસ કરાઈ

• વડોદરા

વડોદરા મહાનગરપાલિકાના ખોરાક શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્યપદાર્થોના એકમો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં અકોટા, ગોરવા, માંજલપુર, અલકાપુરી અને વાઘોડિયા રોડ સહિતના અનેક વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા.આ આકસ્મિક તપાસ દરમિયાન ફૂડ સેફટી ઓફિસરોએ રિટેલર, ઉત્પાદક પેઢી, હોટલ અને રેસ્ટોરન્ટ સહિત કુલ 43 એકમોનું નિરીક્ષણ કર્યું હતું. પાલિકા દ્વારા 17 રિટેલર, 9 ઉત્પાદક પેઢી, 2 હોલસેલર, 1 કેન્ટીન, 1 કેટરિંગ, 3 હોટલ અને 10 રેસ્ટોરન્ટમાં તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન માર્ચ પાવડર, હળદર, ધાણા પાવડર, ગરમ મસાલો, ચોખા, બુંદી, સેવ, આતો, તેલ, દૂધ, પનીર, મેંગો મિલ્ક શેક, સિન્થેટિક સીરપ, કેરીનો રસ, સ્વીટ લસ્સી, આઈસ્ક્રીમ, પ્રીપેડ ફૂડ રાઈઝ, ઈરિયાની, હરાભરા કબાબ, રીંગણ બટેકાનું શાક સહિતના ખાદ્ય પદાર્થના નમૂના લેવામાં આવ્યા હતા.



આ તપાસ દરમિયાન કુલ 86 જેટલા ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા, જેને પૃથ્થકરણ માટે ફતેગંજ સ્થિત પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.ખાસ કરીને પનીરના નામે વેચાતા પનીર એનાલોગ (નકલી પનીર)ના વપરાશ અંગે જાગૃતિ લાવવા માટે પાલિકા દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. શહેરના જાણીતા વિસ્તારો જેવા કે રેસકોર્સ સર્કલ, ઓલ્ડ પાદરા રોડ અને નિઝામપુરામાં 45 જેટલા એકમો પર તપાસ હાથ ધરી 8 નમૂના લેવામાં આવ્યા હતા. તંત્રની આ કામગીરીનો મુખ્ય હેતુ હોટલ અને રેસ્ટોરન્ટના સંચાલકોને શુદ્ધ પનીર અને એનાલોગ પનીર વચ્ચેનો તફાવત સમજાવવાનો અને ગ્રાહકોના આરોગ્ય સાથે થતા ચેડાં અટકાવવાનો હતો.

# વોર્ડ 14ના રહીશો માટે કાળા પાણીની સજા?:પથ્થરગેટ, નાની ખારવામાં ત્રણ મહિનાથી દૂષિત પાણી આવતા પ્રજા પરેશાન

## કોંગ્રેસના નવા ચૂંટાયેલા સભ્યોનું અધિકારીઓને અલ્ટીમેટમ

• વડોદરા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થઈ છે. પરિણામો જાહેર થઈ ચૂક્યા છે. ભાજપનું વર્ષોથી મહાનગર પાલિકામાં શાસન હોવા છતાં કેટલાક વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી મળતું નથી તો કેટલાક વિસ્તારોમાં પાણી મળતું જ નથી. હાલમાં ઉનાળાની શરૂઆત થઈ છે ત્યારે પૂર્વ વિસ્તારમાં આજવા સરોવર હોવા છતાં ટેન્કરરાજ શરૂ થઈ ચૂક્યું છે. શહેરના વોર્ડ 14માં આવેલા નાની ખારવાવાડ વિસ્તારમાં રહીશો દૂષિત પાણીના કારણે પરેશાન થઈ ઉઠ્યા છે. વોર્ડ 14માં કોંગ્રેસના ચૂંટાયેલ બે પ્રતિનિધિઓને નાની ખારવાવાડ વિસ્તારમાં કાળું પાણી આવતું હોવાની ફરિયાદ મળી હતી. જેના પગલે તેઓ સ્થળ ઉપર પહોંચ્યા હતા. કોંગ્રેસના સભ્યો તીર્થ બ્રહ્મભટ્ટ અને દીપા શ્રીવાસ્તવે સ્થળ ઉપર જઈને લોકોની સમસ્યા સાંભળી હતી. છેલ્લા ત્રણ મહિનાથી આ સમસ્યાનો સામનો લોકો કરી રહ્યા છે. લોકોએ રજૂઆત તો કરી છે પણ કોઈ ઉકેલ આવ્યો નથી.

શહેરના પથ્થરગેટ નાની ખારવાવાડ વિસ્તારમાં પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવા કાઉન્સિલર તીર્થ બ્રહ્મભટ્ટ અને દીપા શ્રીવાસ્તવ પહોંચ્યા



હતા. તેઓએ લોકોની સમસ્યા સાંભળી હતી. તીર્થ બ્રહ્મભટ્ટ અધીકારીઓને ચીમકી આપતા જણાવ્યું હતું કે, અહીંના લોકોને ત્રણ દિવસમાં શુધ્ધ પાણી આપવાની વ્યવસ્થા કરો નહીં તો આ દૂષિત પાણી અમે અધિકારીઓને પીવડાવીશું. અધિકારીઓ આ પાણી પીવા માટે તૈયાર રહેજો.

વોર્ડ 14ના કોંગ્રેસના ચૂંટાયેલા સભ્ય દીપા શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, અહીંના લોકોને નળમાંથી જે પાણી મળી રહ્યું છે તે ન તો પીવા લાયક છે ન તો વાપરવા લાયક. પાલિકાના અધિકારીઓને કહીશ કે હવે સુધારી જાવ, આવું પાણી આ વિસ્તારમાં નહીં ચાલે. અમારે વીએમસીની ઓફિસમાં સત્યાગ્રહ કરવો પડશે તો પણ કરીશું. પણ મારા વિસ્તારના લોકોને શુધ્ધ પાણી મળે તેવા પ્રયત્નો કરીશ. અહીંના લોકો છેલ્લા કેટલાય સમયથી પરેશાન છે અને કોઈ સાંભળતું નથી. હવે તેવું નહીં ચલાવી લેવાય. સ્થાનિક રહીશોએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, અમે છેલ્લા કેટલાય સમયથી આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. અમારા ઘરે મહેમાન આવે તો અમને પીવાના પાણીનો ગ્લાસ આપતા પણ શરમ આવે છે. કેટલા દિવસ અમે ખરીદીને પાણી લાવીએ? અમને પણ પાણી ખરીદીને લાવવું પોષાતું નથી. અમે અનેક રજૂઆત કરી છતાં દૂષિત પાણી આવે છે.મહાનગરપાલિકાની ચૂંટણી તાજેતરમાં જ પૂર્ણ થઈ છે.

હાઈટેક

પ્રાઈવેટ શાળાને ટક્કર મારે તેવા 29 સ્માર્ટ ક્લાસ, ઇ લાઇબ્રેરી, સાયન્સ-કોમ્પ્યુટર લેબ, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ

# રાજકોટની પ્રથમ ઈંગ્લીશ મીડિયમ સરકારી માધ્યમિક હાઈટેક સ્કૂલ

## સ્કૂલની સ્પેશિયલ વીડિયોગ્રાફી કરાવી અને તેનો ન માત્ર રાજકોટ શહેર જ પરંતુ સૌરાષ્ટ્રમાં પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે

• રાજકોટ

ગુજરાતની સ્થાપનાકાળના 66 વર્ષબાદરંગીલાશહેરમાંસામાજિક કાર્યકરો અને શિક્ષણ વિભાગના પ્રયત્નોથી અલ્પવિકસિત ગણાતા ભગવતીપરા વિસ્તારમાં રૂ.19 કરોડના ખર્ચે હાઈટેક અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં એડમિશન પ્રક્રિયા શરૂ થતા એક જ દિવસમાં 15 વિદ્યાર્થીઓના પ્રવેશ થઈ ચૂક્યા છે.

2000 વિદ્યાર્થીઓની કેપેસિટી ધરાવતા બિલ્ડિંગમાં 29 સ્માર્ટ ક્લાસ, લાઈબ્રેરી, ઈ લાઈબ્રેરી, સાયન્સ અને કોમ્પ્યુટર લેબ, એક્ટિવિટી રૂમ, કાઉન્સિલિંગ રૂમ, બેડમિંટન કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ, ઈન્ડોર ગેઈમ્સ રૂમ, વોલીબોલ ટ્રેક, કબડ્ડી ગ્રાઉન્ડ અને એથ્લેટીક્સ ટ્રેક ઉપરાંત કેન્ટીનની સુવિધા પણ છે. આ સરકારી સ્કૂલ પર જવા માટે સીટી બસની સુવિધા પણ ઉપલબ્ધ છે. રૂટ નંબર 43 અને 86 ની બસ આ સ્કૂલ સુધી જાય છે.લાખો રૂપિયાની ફી ઉઘરાવતી ખાનગી શાળાઓને ટક્કર મારે તેવી આ અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા સરકારી સ્કૂલમાં ધો. 1થી 8માં ભણેલા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. ખરેખર શિક્ષણ વિભાગ દ્વારા આ સરકારી શાળાનો પ્રચાર પ્રસાર કરવાનો હોય છે પરંતુ તે બીડું સામાજિક કાર્યકરોએ ઝડપ્યું હોય તેમ આ સ્કૂલની સ્પેશિયલ વીડિયોગ્રાફી કરાવી અને તેનો ન માત્ર રાજકોટ શહેર જ પરંતુ સૌરાષ્ટ્રમાં પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકાએ ભગવતીપરામાં સરકારી શાળાનું બિલ્ડિંગ બનાવવામાં આવ્યુ છે. મ્યુનિસિપલ કમિશનરની આગેવાની હેઠળ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અહીં અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવેલી છે. 2025ના જુલાઈ મહિનામાં મંજૂરી મળી હતી, પરંતુ ત્યારે શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવાથી સ્કૂલ શરૂ થઈ શકી ન હતી. જોકે ચાલુ વર્ષે વેકેશનથી જ અહીં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જ્યાં વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતા તમામ લાભો મળવાના છે. જેથી અહીં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે માટેના પ્રયત્નો શરૂ કર્યા છે.

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, આ શાળા એવા બાળકો માટે ઉપયોગી થવાની છે કે જેઓ ધો. 1થી 8માં RTEમાં અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં અભ્યાસ કરે છે. અત્યારસુધી આ પ્રકારના



બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે એક કે બે જ ગ્રાન્ટેડ શાળાઓ હતી. જ બંને શાળામાં RTEના તમામ વિદ્યાર્થીઓનું પ્રવેશ થઈ શકે તેમ ન હતો. આ સંજોગોમાં વાલીઓને ન છૂટકે પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાંથી ગુજરાતી માધ્યમમાં ધો.9થી ભણાવવા પડતા હતા અને જો ધો. 9માં પણ ગુજરાતી માધ્યમની સરકારી માધ્યમિક શાળામાં પ્રવેશ ન મળે તો ફી ભરીને ખાનગી શાળામાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવો પડતો હતો. જેથી આ પ્રકારના બાળકોને અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા આશીર્વાદરૂપ બની રહેશે.તેને વધુમા કહ્યું કે, જેથી વાલીઓને પણ અપીલ કરું છું કે જો આપનું બાળક ધો. 1થી 8માં RTEમાં અભ્યાસ કરતું હોય તો ધો. 9થી 12ની ભગવતી પરાની શાળામાં પ્રવેશ અપાવો. હાલ અહીં સરકારી શાળાના શિક્ષકોને એડમિશન પ્રક્રિયા માટે ફરજ પર મૂકવામાં આવ્યા છે. સ્કૂલના નોટિસ બોર્ડ પર શિક્ષકોના નંબર પણ ડિસ્પ્લે પર મુકેલા છે. આ રીતે વિદ્યાર્થીઓના સરકારી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ભણવાના સપના સાકાર કરવા માટે સરકારના પ્રયત્નોને વેગવંતા બનાવશે.દીક્ષિત પટેલે કહ્યુ હતું કે, હાલ ઈંગ્લીશ મીડીયમમાં શિક્ષકોની કોઈ ભરતી થયેલી નથી. જેથી હાલની 48 સરકારી શાળાઓમાં ઈંગ્લીશ હેન્ડ શિક્ષકો છે તેઓને આઈડેન્ટીફાઈ કરવામાં આવ્યા છે. આ પ્રકારના શિક્ષકોને કામગીરી ફેરફારથી આ શાળામાં મૂકવામાં આવ્યા છે. આ સાથે જ સરકારની જ્ઞાન સહાયકની સ્કીમ અંતર્ગત અંગ્રેજી માધ્યમમાં ભણેલા ઉમેદવારોને મૂકવા માટેની દરખાસ્ત પણ સરકારમાં કરવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ સહાયકની ભરતી કરવા માટેની પણ દરખાસ્ત થશે. જોકે એક પણ વિદ્યાર્થી શિક્ષક વગર નહીં રહે અને ઈંગ્લીશ હેન્ડ શિક્ષકો દ્વારા આ વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે તેવું આયોજન કરાયું છે. સામાજિક કાર્યકર જયદીપ પરમારે જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલા રાજકોટ શહેરમાં અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા શરૂ થાય તે માટેની ઝૂંબેશ શરૂ કરી હતી. જે બાદ આજે તા.1, મે - 2026ના રાજકોટને અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા મળી છે. જે વોર્ડ નં. 4માં ન્યૂ ભગવતીપરા વિસ્તારમાં આવેલી શ્રી સરકારી ઈંગ્લીશ મીડીયમ માધ્યમિક શાળા નંબર 100 છે. અહીં ધો. 9માં એડમિશન પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. આ એક એવી સરકારી શાળા છે કે જ્યાં મોર્ડન ક્લાસરૂમ અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ ક્લાસની ફેસીલીટી છે. ખાનગી શાળાઓમાં લાખો રૂપિયાની ફી ખર્ચવા છતાં પણ આ પ્રકારની ફેસિલિટી મળતી નથી.

આ ઉપરાંત અહીં 40 વર્ગખંડો છે. આ સાથે જ લાઈબ્રેરી, રમત ગમતનું વિશાળ મેદાન, કેન્ટીન, કુમાર અને કન્યાઓ માટે અલગ અલગ ટોયલેટ બ્લોક, 300થી વધુ વૃક્ષો ધરાવતું કેમ્પસ છે. આ સાથે જ અહીં મોર્ડન બેન્ચીસની સાથે સુરક્ષાને લઈને 140 CCTV કેમેરા છે. 32 કિલોવોટની સોલાર પેનલ સિસ્ટમ લગાવવામાં આવેલી છે. જેથી હું તમામ વાલીઓને વિનંતી કરું છું કે બાળકોને આ શાળામાં અભ્યાસ કરવો જોઈએ અને તે ન થઈ શકે તેમ હોય તો આ શાળાની મુલાકાત તો ચોક્કસ લેવી જ જોઈએ.

ફાયર જવાનો આવતીકાલે સવારે ફરી કરશે તપાસ

# આજી ડેમમાં ચાર ડૂબ્યા, પિતા-પુત્ર સહિત ત્રણની લાશ મળી:6 કલાકની તપાસ બાદ પણ ચોથો યુવક ન મળ્યો

લાશ મળી

## એક ગુમ વ્યક્તિની ફાયરબ્રિગેડ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે

• રાજકોટ

રાજકોટના આજી ડેમ પાસે આવેલા મોગલ માતાજીના મંદિરે દર્શન કરવા આવેલા પિતા-પુત્રો સહિત ચાર લોકો ડૂબી જતા ત્રણના મોત નિપજ્યા છે. જ્યારે એક ગુમ વ્યક્તિની ફાયરબ્રિગેડ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે. મોગલ માતાજીના મંદિરે રિક્ષા લઈ દર્શન કરવા આવેલા ચારેય લોકો દર્શન કરી રિક્ષા ધોઈ રહ્યા હતા. આ સમયે રોહિત નામનો યુવાન મોઢુ ધોવા ડેમના કાંઠે જતા અકસ્માતે પાણીમાં ગરકાવ થયો હતો. બૂમાબૂમ થતા અન્ય ત્રણ લોકો પણ એક બાદ એક તેને બચાવવા ડેમમાં કૂદી પડ્યા હતા. ફાયરબ્રિગેડે ત્રણ



લાશ બહાર કાઢી છે.રોહિત જાદવ નામના યુવાનનો 6 કલાક થવા છતાં મળ્યો નથી. આવતીકાલે સવારે ફરીથી ફાયરના જવાનો દ્વારા મૃતદેહ શોધખોળ હાથ ધરવામાં આવશે.

રાજકોટ શહેરના જિલ્લા ગાર્ડનની બાજુમાં સોરઠીયા પ્લોટ શેરી નંબર 7માં નવા ઘાંચી વાડ વિસ્તારમાં રહેતા ભરતભાઈ દેવજીભાઈ જાદવ (ઉં.વ.42) અને તેમના બે પુત્ર ધવલ, રોહિત તેમજ ભરતભાઈના સાળીના પુત્ર ધ્રુવ મકવાણા 2 મેએ સાંજના 4 વાગ્યા આસપાસ ભરતભાઈની રિક્ષામાં આજીડેમ ખાતે પહોંચ્યા હતા અને તેમના દ્વારા ડેમના પાણીથી રીક્ષા ધોવામાં આવી હતી. આ પછી રોહિત જાદવ હાથ મોઢું ધોવા માટે ડેમના કાંઠે ગયો હતો જ્યાં તેનો પગ લપસી જતા તેને બચાવવા તેનો ભાઈ ધવલ ગયો હતો જેનો પણ પગ લપસી જતા તે પણ ડૂબી ગયો હતો જેને બચાવવા તેનો માસિયાર ભાઈ ધ્રુવ અને પિતા ભરતભાઈ પણ કુદયા પરંતુ તેઓ પણ ડૂબી ગયા હતા.

સાંજે 4 વાગ્યા આસપાસ ફાયર કંટ્રોલ રૂમ તરફથી બેડીપરા ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવતા ફાયરબ્રિગેડના જવાનો દ્વારા રેસ્ક્યુ વાહન સાથે સ્થળ પર પહોંચી કામડી, મિંદળી અને બે માણસો બીએ સેટ પહેરીને (ફાયર જવાનને પાણીમાં ઓક્સિજન મળે તે માટેનું સાધન)લઈ મૃતદેહની શોધખોળ કરી રહ્યા છે. જેમાં બે કલાકના અંતે 3 મૃતદેહ મળી આવ્યા હતા જ્યારે રોહિત જાદવ હજી ગુમ હોય તેમની શોધખોળ હજુ પણ ચાલુ છે.

ઝોન-1 હેતલ પટેલે બનાવ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આજી ડેમના કાંઠે આવેલા મોગલ માતાજીના મંદિરે ભરત જાદવ તેના બે દીકરા અને સાળીના દીકરા સાથે રિક્ષા લઈ દર્શન કરવા આવ્યા હતા. દર્શન કર્યા બાદ કોઈ કારણોસર એક વ્યકિત પાણીમાં ડૂબવા લાગતા તેને બચાવવા ગયેલા એક બાદ એક ચારેય લોકો ડૂબ્યા હતા. ત્રણના મૃતદેહ મળી આવ્યા છે. એક વ્યકિતની શોધખોળ ચાલી રહી છે.

# 10ની નોટ બતાવી વૃદ્ધે માસૂમને ઓરડીમાં ખેંચી બાથ ભરી:કપડા ઉતારી બાળકી સાથે અડપલાં કર્યા

## પોલીસે પોક્સો (POCSO) સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી છે

• રાજકોટ

રાજકોટ ભાવનગર હાઈ-વે પર સરધાર ગામ નજીક એક અત્યંત શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં પાડોશમાં જ રહેતા 60 વર્ષીય આરોપીએ 10 વર્ષીય માસૂમ બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કર્યો છે. આરોપી દેવા લઘરા અજાગીયાએ બાળકીને 10 રૂપિયાની નોટની લાલચ આપી બળજબરીપૂર્વક ઓરડીમાં ખેંચી જઈ શારીરિક અડપલા કર્યા હતા. આ મામલે બાળકીની માતાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો (POCSO) સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.સરધાર ગામ નજીક રહેતાં 37 વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી દેવા લઘરા અજાગીયાનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રીના 9 વાગ્યા આસપાસ તે ઘરે હતી. આ દરમિયાન 10 વર્ષીય દીકરીએ જણાવ્યું કે, મમ્મી આજે સવારે 10 વાગ્યા આસપાસ કાકાના ઘરે રમવા ગઈ હતી ત્યાં કાકાની દીકરી સાથે રમતી હતી ત્યારે રમતા-રમતા દેવામામાના વાડા બાજુ ગયા. દેવામામાએ વાડામાથી



10 રૂપિયાની નોટ બતાવી અને કહ્યું કે, અહીં આવ લે આ નોટ લઈ જા અને આનો ભાગ લે જે. જેથી આ નોટ લેવા મામા પાસે ગઈ ત્યારે અચાનક મને બાથ ભરી અને પોતાના વાડામા આવેલ પતરાની ઓરડીમા લઈ ગયા હતાં. મને ખાટલામા બેસાડી અને પોતે પોતાના કપડા ઉતારવા લાગ્યા હતા. ત્યારબાદ તેણે કપડા ઉતારી શારીરિક અડપલા કરતા હુ ડરી ગઈ અને રાડો પાડવા લાગતા દેવામામાએ મોઢુ દબાવી દીધું. હું રડવા લાગતા દેવામામાએ મને કહ્યું કે, તુ જા 10 રુપિયાનો ભાગ લઈ લે જે અને કોઈને કહેતી નહી અને બાદમા હું કાકાના ઘરે પરત જતી રહી હતી.મહિલાએ દીકરીની આપવીતી જાણી ફરિયાદ નોંધાવવા નિર્ણય કરી આજીડેમ પોલીસ સ્ટેશન પહોંચતા પોલીસે બનાવ અંગેની ફરીયાદ પરથી આરોપીને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે દુષ્કર્મનો પ્રયાસ કરનાર 60 વર્ષનો આરોપી પણ બે સંતાનનો પિતા છે. તેમનો મોટો પુત્ર 35 વર્ષનો છે જે તેમનાથી અલગ રહે છે તેમજ આરોપી તેની પત્ની અને એક પાંચ વર્ષની બાળકી સાથે રહેતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપની નવી સ્ટ્રેટેજી:50%થી વધુ નવા ચહેરા

## ઝોન-વોર્ડ વાઈઝ મંથન તેજ; પાર્લામેન્ટ્રી બોર્ડની 3 દિવસીય બેઠકથી અંતિમ મહોર

• ગાંધીનગર

સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય માહોલ ગરમાયો છે, ત્યારે ભાજપે સ્પષ્ટ સ્ટ્રેટેજી સાથે મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ કરવામાં આવી છે અને ગમે ત્યારે ઉમેદવારોના નામ જાહેર થવાની શક્યતા છે. હાલમાં ઝોન વાઈઝ અને વોર્ડ વાઈઝ બેઠકઓ યોજાઈ રહી છે, જેમાં સંભવિત ઉમેદવારોના નામો પર વિસ્તૃત ચર્ચા થઈ રહી છે. જે સતત ત્રણ દિવસ સુધી ચાલશે. આ બેઠકમાં તમામ બેઠકો પર ચર્ચા કરીને તબક્કાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. ભાજપની આ નવી સ્ટ્રેટેજી દ્વારા ચૂંટણીમાં નવી તાજગી અને જીતનો આત્મવિશ્વાસ ઊભો કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

માહિતી મુજબ, ભાજપ આ વખતે 50 ટકાથી વધુ નવા ચહેરાઓને પ્રાધાન્ય આપવાની સ્ટ્રેટેજી પર કામ કરી રહ્યું છે. સાથે જ લગભગ 30 ટકા વર્તમાન સભ્યોને ફરી તક આપવામાં આવશે, જ્યારે 20 ટકા સંપૂર્ણ નવા અને યુવા ચહેરાઓને સ્થાન આપવાની યોજના છે. દરેક ઝોનમાંથી નક્કી થયેલા નામોને પ્રદેશ ચૂંટણી સમિતિને મોકલવામાં આવશે, જ્યાંથી અંતિમ મંજૂરી મળ્યા બાદ ઉમેદવારોના નામ પર મહોર મારાશે.

આવતી કાલથી મુખ્યમંત્રીના નિવાસ સ્થાને પાર્લામેન્ટ્રી બોર્ડની મહત્વપૂર્ણ બેઠક શરૂ થવાની છે, જે સતત ત્રણ દિવસ સુધી ચાલશે. આ બેઠકમાં તમામ બેઠકો પર ચર્ચા કરીને તબક્કાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. ભાજપની આ નવી સ્ટ્રેટેજી દ્વારા ચૂંટણીમાં નવી તાજગી અને જીતનો આત્મવિશ્વાસ ઊભો કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# સેક્ટર-28માંથી 14 વર્ષનો કિશોર રહસ્યમય રીતે લાપતા

• ગાંધીનગર

ગાંધીનગરના આદિવાડા વિસ્તારમાં રહેતા અને કટલરીનો વ્યવસાય કરતા એક શ્રમિક પરિવારનો 14 વર્ષનો પુત્ર નાના ભાઈ બહેનને શાળાએ મૂકવા ગયા પછી પરત ફરતા સમયે રહસ્યમય રીતે ગુમ થતા પરિવારમાં ચિંતા વ્યાપી ગઈ છે. આ મામલે પિતાએ સેક્ટર-28ની સ્કૂલ પાસે કોઈ અજાણ્યો શખ્સ પુત્રને લલચાવી ફોસલાવી ઉઠાવી ગયો હોવાની આશંકા સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે.\ મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ ગાંધીનગરના આદિવાડામાં રહેતા અખિલેશકુમાર રાઠોડના જણાવ્યા અનુસાર, તેમનો 14 વર્ષ અને 6 માસનો પુત્ર ગત 2 એપ્રિલના રોજ સવારે સાત વાગે સાયકલ લઈને તેના નાના ભાઈ બહેનોને સેક્ટર-28ની હિન્દી મીડિયમ સ્કૂલમાં મૂકવા માટે ગયો હતો. સામાન્ય રીતે તે ભાઈબહેનોને સ્કૂલે ઉતારીને કલાકમાં ઘરે પરત આવી જતો હોય છે.પરંતુ તે દિવસે મોડે સુધી ઘરે ન આવતા પરિવારે શોધખોળ શરૂ કરી હતી. બાદમાં શાળાના શિક્ષકનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે કિશોર શાળાએથી તરત જ ઘર તરફ જવા રવાના થઈ ગયો હતો.જોકે તે ઘરે પહોંચ્યો ન હતો. જેના પગલે પરિવારજનોએ સેક્ટર-28 અને 24ના વિસ્તારો સહિત મિત્ર વર્તુળ અને વતનમાં પણ તપાસ કરી હતી. પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ગુમ થતી વખતે કિશોરે આખી બાયનું લીલા રંગનું ટી-શર્ટ અને ડાર્ક ગ્રીન પેન્ટ પહેરેલું હતું. તેમજ તેને આંખના નંબર હોવાથી તે કાયમી ચશ્મા પહેરે છે. કિશોર ગુજરાતી અને હિન્દી ભાષાનું જ્ઞાન ધરાવે છે. આ અંગે સેક્ટર-21 પોલીસે અપહરણનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

હીટવેવ જેવી સ્થિતિ અને બફારાએ મુશ્કેલી વધારી, વૃદ્ધો અને બાળકોએ બપોરના સમયે બહાર નીકળવું ટાળવું

# ગરમીનો પારો 43 ડિગ્રીની નજીક પહોંચ્યો

• સુરત

એપ્રિલ મહિનાના મધ્યમાં જ સુરત શહેર જાણે ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ચોવીસ કલાકમાં સુરતનું મહત્તમ તાપમાન 39.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાતા શહેરીજનો કાળઝાળ ગરમીનો અનુભવ કરી રહ્યા છે. ખાસ કરીને સવારના સમયે પણ ગરમ પવનોને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં તાપમાનમાં હજુ પણ વધારો થઈ શકે છે.

દરિયાકાંઠાનું શહેર હોવાથી અહીં ગરમીની સાથે ભેજનું પ્રમાણ હંમેશા પડકારજનક રહે છે. છેલ્લા ચોવીસ કલાકમાં શહેરમાં લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી રહ્યું હતું, પરંતુ હવામાં ભેજનું પ્રમાણ (RH) 80 ટકા ઊંચું નોંધાતા સુરતીઓ અસહ્ય બફારાથી તોબા પોકારી ઉઠ્યા છે. પવનની ગતિ દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ (SSW) દિશાથી માત્ર 4 કિમી પ્રતિ કલાક હોવાથી ગરમીમાં કોઈ રાહત મળી નથી. વાતાવરણમાં સ્થિરતા અને ઊંચા ભેજને કારણે તાપમાન 42



ડિગ્રીથી પણ વધુ અનુભવાઈ રહ્યું છે.

સૂર્યનારાયણના પ્રકોપને કારણે બપોરે 12થી 4 વાગ્યા દરમિયાન શહેરના મુખ્ય માર્ગો વરાછા, અડાજણ અને વેસુ વિસ્તારમાં ટ્રાફિક ઓછો જોવા મળ્યો હતો. લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ગરમીથી બચવા માટે લોકો શેરડીના રસ, છાશ અને લીંબુ પાણી જેવા ઠંડા પીણાંનો આશરો લઈ રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ હીટવેવના જોખમને જોતા જાહેર સ્થળો પર પીવાના પાણીની વ્યવસ્થા અને ગ્રીન નેટ લગાવવાની કામગીરી તેજ કરવામાં આવી છે.સિવિલ અને સ્મીમેર હોસ્પિટલના તબીબોએ નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરી છે. વધતી ગરમીમાં ડિહાઈડ્રેશન અને હીટ સ્ટ્રોકના કેસ વધવાની શક્યતા છે. ત્યારે ડોક્ટરોએ સલાહ આપી છે કે બપોરના સમયે સીધા તડકામાં જવાનું ટાળવું, સુતરાઉ કપડાં પહેરવા અને સતત પાણી પીતા રહેવું. ખાસ કરીને વૃદ્ધો અને બાળકોએ બપોરના સમયે ઘરની બહાર ન નીકળવું હિતાવહ છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## 'સીએમ માન દારૂ પીને વિધાનસભામાં આવ્યા'

નવીદિલ્હી : રાઘવ ચઢ્ઢા સહિત સાત આમ આદમી પાર્ટીના સાંસદો ભાજપમાં જોડાયા પછી પંજાબના રાજકારણમાં ગરમી આવી છે. આ ઘટના પછી આમ આદમી પાર્ટી અને વિરોધ પક્ષો વચ્ચે આરોપ-પ્રતીઆરોપ થઈ રહ્યા છે. વિવાદ વચ્ચે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ વિધાનસભાનું ખાસ સત્ર બોલાવ્યું છે. હવે આ ખાસ સત્રમાં રાજકીય શક્તિ પુરવાર કરવાના પ્રયત્ન થઈ રહ્યા છે. ભગવંત માનએ સ્પષ્ટ કહ્યું છે કે એમની સરકાર પાસે સંપૂર્ણ બહુમતિ છે અને કોઈપણ ક્ષણે તેઓ સાબિત કરવા તૈયાર છે. પંજાબ વિધાનસભામાં વિરોધપક્ષના નેતા પ્રતાપસિંહ બાજવાએ ચાલુ સત્રએ એલ્કોમીટર અને ડોપટેસ્ટીંગની માંગણી કરી હતી. એમના કહેવા પ્રમાણે જો મુખ્યમંત્રી દારૂ પીને વિધાનસભામાં આવ્યા હોય તો એનો કોઈ અર્થ નથી. અમારી માંગણી છે કે બધાની તપાસ કરવામાં આવે.કોલકત્તામાં ઈવીએમ સ્ટ્રોંગરૂમ ખોલવા બાબતે તૃણમુલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ગરમાગરમી થઈ ગઈ હતી. તૃણમુલ કોંગ્રેસે ઈવીએમ સાથે છેડછાડ કરવાનો આરોપ મૂક્યો હતો. જોકે પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી કમિશનરે સ્ટ્રોંગરૂમમાં ઈવીએમ અને પોસ્ટલ બેલેટ સાથે છેડછાડ થયાના આરોપ નકાર્યા હતા. ત્યાર પછી મમતા બેનર્જીએ એક વીડિયો બનાવ્યો હતો જેમાં એમણે શંકા વ્યક્ત કરી હતી કે ઈવીએમ સાથે છેડછાડ થઈ શકે છે એટલે તૃણમુલના તમામ કાર્યકરોએ સ્ટ્રોંગરૂમ બહાર પહોંચીને નજર રાખવી જોઈએ. કોલકત્તા સ્ટ્રોંગરૂમના વિવાદ પર ભાજપના નેતા શુભેંદુ અધિકારીએ મમતાને વળતો જવાબ આપ્યો છે. અધિકારીએ કહ્યું છે કે, મમતા બેનર્જીને જ્યારે હારનો ડર સતાવે છે ત્યારે હંમેશા ઈવીએમની ગરબડનો આક્ષેપ કરે છે. છેલ્લા ૧૫ વર્ષોથી મમતા ઈવીએમનો વાંક કાઢે છે.

જામીયા મીલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના કુલપતિ મઝહર આસીફના એક નિવેદન પછી વિવાદ થયો છે. આરએસએસની સ્થાપનાને પુરા થયેલા ૧૦૦ વર્ષ સંદર્ભે યુનિવર્સિટીમાં એક કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમના વીડિયોમાં કુલપતિ એમ કહી રહ્યા છે કે, પરંપરા અને સંસ્કૃતિમાં તફાવત છતા આપણે સૌ ભારતીઓ છીએ કારણ કે આપણા દરેકમાં મહાદેવના ડીએનએ છે. આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા પછી યુનિવર્સિટીના કેટલાક કટ્ટરવાદી સંગઠનોએ કુલપતિની ટીપ્પણીનો વિરોધ કર્યો હતો. એમનું માનવું હતું કે યુનિવર્સિટીનું ભગવાકરણ થઈ રહ્યું છે. જામીયાની સ્ટુડન્ટસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઈ)એ આ નિવેદનનો વિરોધ કરીને એને અવૈજ્ઞાનિક ગણાવ્યું છે. બીજી તરફ કુલપતિનો બચાવ કરનારાઓનું કહેવું છે કે કુલપતિએ ખોટી વાત નથી કરી કારણ કે, મહાદેવનું ડીએનએ હોવું એ ગૌરવની વાત છે.

બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણતરી માટે ફક્ત કેન્દ્રીય કર્મચારીઓને જ પસંદ કરવામાં આવ્યા છે. તૃણમુલ કોંગ્રેસે આ બાબતે કલકત્તા હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને વાંધો લીધો હતો. કેસની સુનાવણી જસ્ટીસ કૃષ્ણારાવ કરી રહ્યા હતા. કૃષ્ણારાવે ચુકાદો આપ્યો છે કે ચૂંટણી કમિશનનો નિર્ણય યોગ્ય છે. સુનાવણી વખતે અરજી કરનારના વકીલ તથા ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ દાવો કર્યો હતો કે, બીજા રાજ્યોમાં મત ગણતરી વખતે આ પ્રકારની નિમણુકો થતી નથી. ચૂંટણી કમિશનને આ પ્રકારની નિમણૂક કરવાની કોઈ સત્તા નથી. બેનર્જીએ કહ્યું હતું કે સરકારી કર્મચારીઓને મતદાન ડયુટી માટે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ મુખ્ય ચૂંટણી કમિશનરે એક આદેશમાં કહ્યું હતું કે મતગણના વખતે અલગ અધિકારીઓ હાજર રહેશે. સામે દલીલમાં ચૂંટણી કમિશને કહ્યું હતું કે ચૂંટણી કમિશનના તમામ નિર્ણય કાયદાની મર્યાદામાં હોય છે. અહીં અરજી કરનારનો ઉદ્દેશ મતગણતરી પાછળ ઠેલવવાનો છે.શીખ ફોર જસ્ટીસ (એસએફજે)ની ચઢામણીથી પંજાબના મોગા ડીસી ઓફિસ પર ખાલિસ્તાનનો ઝંડો ફરકાવવા બાબતે નેશનલ ઈનવેસ્ટીગેટીવ એજન્સી (એનઆઈએ)ની મોહાલી સ્થિત કોર્ટે આરોપીઓને પાંચ વર્ષની કડક જેલની સજા કરી છે. એસએફજેના પ્રવક્તા અને જાણીતા આતંકવાદી ગુરુપતવંત સિંહ પન્નુએ ખાલિસ્તાનનો ઝંડો ફરકાવવા માટે ઉશ્કેરણી કરી હતી. મોગા ખાતે રહેતા ઈન્દરજિત સિંહ અને જસપાલ સિંહને આઈપીસી, યુએ (પી) કાયદા અને રાષ્ટ્રીય સન્માનનું અપમાન કરવાની કલમો હેઠળ આ સજા ફરમાવી છે. બે આરોપી અમેરિકા ભાગી ગયા છે. ભાગી ગયેલા આરોપીઓને કોર્ટે ભાગેડુ જાહેર કર્યા છે.

# ન્યૂક્લિયર સબમરીન બનાવનાર ભારત કોમર્શિયલ જહાજ બનાવી શકતું નથી!

### આઈએનએસ અરિહંત બનાવતું ભારત કોમર્શિયલ નિર્માણમાં વૈશ્વિક બજારમાં 1 ટકા પણ ભાગીદારી ધરાવતું નથી, વર્ષે 90 અબજ રૂપિયા ભાડા ભરે છે




**કોમર્શિયલ જહાજ બનાવવામાં ચીન અને સાઉથ કોરિયાનો દબદબો છે. તેમણે આ સેક્ટરમાં ૮૦ ટકા કબજો પોતાની પાસે રાખેલો છે. એક અહેવાલ જણાવે છે કે, ભારત પાસે 1500ની આસપાસ પોતાના કોમર્શિયલ જહાજો છે જે વૈશ્વિક સંખ્યાના 1.2 ટકા જ થાય છે : ચીન, જાપાન અને સાઉથ કોરિયાની સરખામણીએ ભારતમાં બેન્કોના વ્યાજદરો ઘણા વધારે છે. વધારે વ્યાજના કારણે શિપયાર્ડ્સ માટેનો રસ્તો પહેલેથી જ કપરો થઈ જાય છે. આ સિવાય ચીન અને સાઉથ કોરિયામાં જહાજ બનાવતા ગ્રૂપ અને કંપનીઓને સરકાર દ્વારા 2 થી 3 ટકા ઓછા વ્યાજદરે લોન આપવામાં આવે છે. ભારતમાં આ વ્યાજદરો શિપયાર્ડ્સ માટે અંદાજે 10 થી 12 ટકા જેટલા છે.**

ભારતમાં ક્રૂડની અને ગેસની અછત પાછળ માત્ર વૈશ્વિક કારણ જ નહીં પણ આંતરિક કારણો પણ જવાબદાર છે. ભારત પાસે પોતાના કોમર્શિયલ જહાજો નથી. તે બીજા દેશોના અને વિદેશી કંપનીઓના જહાજો દ્વારા માલસામાનની આયાત-નિકાસ કરે છે. તેના કારણે દર વર્ષે અબજો રૂપિયાનું વિદેશી હુંડિયામણ ખર્ચાય છે અને સાથે પોતાની જરૂરિયાતના સમયે માલસામાન મળતો નથી. તાજેતરમાં પણ ઈરાન યુદ્ધને પગલે જે અછત સર્જાઈ છે તેમાં જોવા મળ્યું કે, ભારતના ગણતરીના જ કોમર્શિયલ જહાજો છે જ્યારે ચીન પાસે મોટી સંખ્યામાં જહાજોનો કાફલો છે. વાત એવી છે કે, થોડા સમય પહેલાં જ ભારતે આઈએનએસ અરિદમન નામની સ્વદેશિ ન્યૂક્લિયર પાવર સંચાલિત બેલાસ્ટિક મિસાઈલ સબમરિન પોતાના નૌસેનાના કાફલામાં જોડી હતી. મહત્ત્વની વાત એ છે કે, ન્યૂક્લિયર પાવર ધરાવતી સબમરિન બનાવવી તે ખૂબ જ પડકારજનક અને જટિલ એન્જિનિયરિંગ ધરાવતું કામ છે. ભારતનો સમાવેશ દુનિયાના એવા ગણતરીના દેશોમાં થાય છે જેની પાસે પોતાની સ્વદેશી બનાવટની ન્યૂક્લિયર પાવર સબમરી છે. આઈએનએસ અરિદમન આ કેટેગરીની ત્રીજી સબમરીન છે. હવે સવાલ એવો થાય છે કે, આપણી પાસે પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીન બનાવવાની ટેક્નોલોજી અને આવડત છે પણ આપણે વિશાળ કોમશયલ જહાજો બનાવી શકતા નથી. જાણકારો માને છે કે તેની પાછળ ટેક્નોલોજી, આર્થિક બાબતો, અન્ય રણનીતિ અને બીજી ઘણી બાબતો સંકળાયેલી છે.

ભારતનો મોટાભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર દરિયાઈ માર્ગે જ થાય છે. ભારત પાસે આ વેપાર કરવા માટેના કોમર્શિયલ જહાજોની સંખ્યા ખૂબ જ ઓછી છે. વૈશ્વિક કોમર્શિયલ જહાજ નિર્માણમાં ભારતની ભાગીદારી ૧ ટકા કરતા પણ ઓછી છે. કોમર્શિયલ જહાજ બનાવવામાં ચીન અને સાઉથ કોરિયાનો દબદબો છે. તેમણે આ સેક્ટરમાં ૮૦ ટકા કબજો પોતાની પાસે રાખેલો છે. એક અહેવાલ જણાવે છે કે, ભારત પાસે ૧૫૦૦ની આસપાસ પોતાના કોમર્શિયલ જહાજો છે જે વૈશ્વિક સંખ્યાના ૧.૨ ટકા જ થાય છે. જાણકારો એવું માને છે કે, સબમરીન બનાવી શકતું, ૪૫૦૦૦ ટનના વજનનું વિમાનવાહક યુદ્ધજહાજ બનાવી શકતું ભારત કોમર્શિયલ જહાજ બનાવી શકતું નથી અથવા તો બનાવતું નથી તે એક વિચારવા જેવું પાસું છે. તે સામાન્ય જહાજના નિર્માણ ક્ષેત્રમાં સંઘર્ષ કરે છે તે નવાઈ પામવા જેવી બાબત છે છતાં તેની પાછળ ઘણા કારણો જવાબદાર છે. આઈક્રાના અહેવાલ અનુસાર ભારત દર વર્ષે જહાજોના આવાગમન પાછળ જ ૯૦ અબજ રૂપિયાનો ખર્ચ કરે છે. ભારત પાસે પૂરતી સંખ્યામાં જહાજ નથી તેથી કરોડો ડોલરનું વિદેશી હુંડિયામણ વિદેશી કંપનીઓ અને વિદેશી



જહાજો લઈ જાય છે. બીજી તરફ રણનીતિક જાણકારો માને છે કે, પરમાણુ સબમરીન બનાવવી તે દેશની સુરક્ષા અને રણનીતિ માટે જરૂરી છે. તેમાં સરકારનું સમર્થન હોય છે અને તેમાં બજેટની પણ કોઈ મર્યાદા હોતી નથી. તેમાં ઉદ્દેશ પૈસા કમાવાનો નહીં પણ દેશની સુરક્ષાનો હોય છે. બીજી તરફ કોમશયલ જહાજો સંપૂર્ણ રીતે નફાખોરી, કુશળતા અને ડિલિવરીના સમય ઉપર આધાર રાખે છે. વૈશ્વિક સ્તરે રહેલી શિપિંગ કંપનીઓ એવા જ દેશો અને કંપનીઓ પાસેથી જહાજ ખરીદે છે જેઓ સત્તામાં અને ઓછા સમયમાં જહાજ તૈયાર કરીને આપે છે. ચીન અને સાઉથ કોરિયા જ આ સેક્ટરમાં આવું કામ કરી શકે છે. તેઓ મોટી સંખ્યામાં જહાજો બનાવે છે જેથી પ્રોડક્શન કોસ્ટ ઘટે છે. ભારતીય શીપયાર્ડ આ ક્ષેત્રમાં આટલી વ્યાપક રીતે કામ કરી શકતું નથી. ચિંતાજનક વાત એવી પણ છે કે, માલસામાન લાવવા લઈ જવા માટે વિદેશી કંપનીઓ ઉપર જ આધાર રાખવો પડે છે. વિદેશી જહાજોના ભાડા અત્યંત વધારેહ ય છે અને તેના કારણે દર વર્ષે ૯૦ અબજ રૂપિયાનો ખર્ચો થાય છે. તે વિદેશી હુંડિયામણ સ્વરૂપે વિદેશોમાં જ જતું રહે છે. શિપબિલ્ડિંગ એક શ્રમ પ્રધાન ઉદ્યોગ છે. જો ભારતમાં જહાજ બનાવવાનું શરૂ કરવામાં આવે તો લાખો યુવાનોને રોજગાર મળે તેમ છે. શિપ બિલ્ડિંગ, વેલ્ડિંગ, ડિઝાઈનિંગ, ફિટિંગ અને અન્ય સેક્ટરમાં સીધો રોજગાર મળે તેમ છે. વૈશ્વિક મહામારી અને યુદ્ધના સમયે વિદેશી શિપિંગ કંપનીઓ મનમાની કરીને ભાડા વસુલે છે તેના કારણે ભારતમાં આવતી વસ્તુઓ વધારે મોંઘી થઈ જાય છે. તે ઉપરાંત સપ્લાય ચેઈન તૂટવાનો ભય રહે છે. ભારત વૈશ્વિક સ્તરે કોમર્શિયલ જહાજોના નિર્માણમાં ભલે પાછળ હોય છતાં તેને એક લાંબો ઈતિહાસ છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસ ઉપર નજર કરીએ તો પહેલું આધુનિક સ્ટીમશિપ, એસએસ જલ ઉષા ૧૯૪૮માં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે. ૧૯૮૦ના દાયકામાં કોચીન શિપયાર્ડે ભારતનું પહેલું સ્વદેશી ક્રૂડ ટેન્કર, એમવી રાની પદ્મિની બનાવ્યું હતું. કોચીન શિપયાર્ડ કંપનીએ હાલમાં જ ફ્રાંસીસી કંપની સીએમએ સીજીએમ સાથે ૬ એલએનજી ઈંધણ ધરાવતા ફીડર કન્ટેનર જહાજોના નિર્માણનો એક ઐતિહાસિક કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. તે ઉપરાંત મઝગાંવ ડોક લિમિટેડે પણ ડેનિશ કંપની માટે મલ્ટિ પર્પઝ કાર્ગો જહાજોનું નિર્માણ કરી રહી છે. \જાણકારોના મતે આયાત ઉપર નિર્ભરતા ઓછી કરવા માટે અને વિદેશી હુંડિયામણ વિદેશમાં અને વિદેશી કંપનીઓને જતું ઓછું કરવા માટે સરકારે ઘણા નીતિગત ફેરફારો કર્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં સરકારે અંદાજે ૭૦ હજાર કરોડ રૂપિયા શિપબિલ્ડિંગ અને મરિન રિફોર્મ પેકેજ તરીકે જાહેક કર્યા હતા. તેમાં ઘણી યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. આ ઉપરાંત રોકાણ અને ફાઈનાન્સિંગ સપોર્ટ માટે સરકારે ૨૫,૦૦૦ કરોડના મરિન ડેવલપમેન્ટ ફંડની જાહેરાત કરી હતી. જહાજોના નિર્માણ અને અન્ય વ્યવસ્થાપન માટે આર્થિક સહાય અને શિપ બ્રેકિંગ ક્રેડિટ પણ જાહેર કરવામાં આવી હતી. તેના માટે પણ અંદાજે ૨૫ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. મરીન ક્લસ્ટરના વિકાસ અને શિપયાર્ડ્સના માળખાગત વિકાસ માટે પણ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી.

# શેરબજારમાં બાય-બેકનું ચલણ, તો માઈક્રોસોફટમાં બાયઆઉટ

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે બહુ જાણીતી એવી કંપની માઈક્રોસોફટે તેના સ્ટાફના બાયઆઉટની જાહેરાત કરી હોવાથી આશ્ચર્ય સર્જાયું છે. લોકો શેરબજારની બાયબેક સિસ્ટમ વિશે જાણે છે, પરંતુ સ્ટાફના બાયઆઉટની વાત પ્રમાણમાં ઓછી જાણીતી છે. માઈક્રોસોફટ તેના કર્મચારીઓને બાયઆઉટ (Buyout) ઓફર કરી રહ્યું છે. આપણે જેને સ્વૈચ્છીક નિવૃત્તિ કહીએ છીએ તેને અને બાયઆઉટને મા-માસી જેવો સંબંધ છે. સામાન્યપણે બાયઆઉટ એટલે એક એવો વ્યવહાર જેમાં એક પક્ષ બીજી કંપનીમાં નિયંત્રિત હિસ્સો અથવા માલિકી હસ્તગત કરે છે. જોકે, માઈક્રોસોફટને લગતા તાજેતરના સમાચારોના સંદર્ભમાં, બાયઆઉટનો અર્થ કર્મચારીઓ માટેની સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના છે. આ એક એવું નાણાકીય પેકેજ છે જે સ્ટાફને સ્વેચ્છાએ કંપની છોડવા માટે પ્રોત્સાહિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

આખું ટેક જગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉછાળાને કારણે આવતા મોટા ફેરફારો સામે ઝઝૂમી રહ્યું છે અને હકાલપટ્ટીનો માર ઝીલી રહ્યું છે.




દુનિયામાં જ્યારે છટણી કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે ત્યારે માઈક્રોસોફટે થોડો અલગ અભિગમ અપનાવ્યો છે. માઈક્રોસોફ્ટ તેના કેટલાક અમેરિકન કર્મચારીઓને બાયઆઉટ ઓફર કરશે. ૫૧ વર્ષ જૂની આ દિગ્ગજ કંપની માટે આ પ્રથમ ઘટના છે.

એક અહેવાલ મુજબ, માઈક્રોસોફટના અમેરિકા ખાતેના કુલ કર્મચારીઓમાંથી લગભગ ૭% કર્મચારીઓ બાયઆઉટ માટે પાત્રતા ધરાવે છે. ગુરુવારે એક મેમોમાં જાહેર કરાયેલ આ વન-ટાઈમ રિટાયરમેન્ટ પ્રોગ્રામ છે, જે સીનિયર ડિરેક્ટર અને તેનાથી નીચેના લેવલ પર કામ કરતા અમેરિકન કર્મચારીઓને લાગુ પડશે. જેમની નોકરીના વર્ષો અને ઉંમરનો સરવાળો ૭૦ કે તેથી વધુ થાય છે, તેવા કર્મચારીઓ તેનો લાભ લઈ શકશે.

એમ્પ્લોયી બાયઆઉટ એટલે કંપની દ્વારા આપવામાં આવેલી સ્વૈચ્છિક રીતે નોકરી છોડવાનો એક વિકલ્પ, જ્યાં કામદારોને તેમની નોકરી છોડવા માટે નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવે છે. લેઓફ (છટણી)થી આ વિપરીત સ્થિતિ છે. લેઓફમાં કર્મચારીઓને જવાનું કહેવામાં આવે છે, જ્યારે બાયઆઉટ કર્મચારીઓને પસંદગીની તક આપે છે. બાયઆઉટની ઓફર સ્વીકારનાર કર્મચારીને એકસાથે સારી એવી રકમની ચુકવણી થશે, કંપની તરફથી અપાતા વિવિધ લાભો પણ મળશે. જે કર્મચારીઓ બાયઆઉટના નેજા હેઠળ આવે છે તેમને ૭ મેના રોજ વિગતો પ્રાપ્ત થઈ જશે.

વહેલી નિવૃત્તિના વિશે આમેય વિચારી રહેલા કર્મચારીઓ માટે આ એક આસાન અને આકર્ષક સ્કીમ છે. દેખીતી રીતે જ આ સ્ટાફ ઘટાડવાનો પ્રયાસ છે. બાયઆઉટનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કંપનીઓ છટણીનો આશરો લીધા વિના ખર્ચ ઘટાડવા અને નવી ટીમ ઉભી કરવા માંગતી હોય.સામાન્ય રીતે વ્યવસાયમાં મંદી હોય, અન્ય ઉદ્યોગ પર શિફટ થવું હોય, કંપની નવેસરથી માળખું તૈયાર કરાતું હોય ત્યારે બાયઆઉટની જરૂર પડે છે. માઈક્રોસોફટના કિસ્સામાં, આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ટેક ઉદ્યોગ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે.માઈક્રોસોફટ કંપની ડેટા સેન્ટર્સ અને છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ કરી રહી છે, જેના કારણે તે સ્ટાફને ઓછો કરી રહી છે. ૨૦૨૫ સુધીમાં માઈક્રોસોફટ પાસે લગભગ ૨૨૮,૦૦૦ કર્મચારીઓ હતા, જેમાં અંદાજે ૧૨૫,૦૦૦ અમેરિકામાં હતા. કંપની તાજેતરના વર્ષોમાં પહેલેથી જ છટણીના અનેક રાઉન્ડમાંથી પસાર થઈ ચુકી છે.બાયઆઉટ પ્રોગ્રામ હેઠળના ફેરફારો કંપનીનો નવો અભિગમ સૂચવે છે. એઆઈનો ઉદય માત્ર પ્રોડક્ટ્સ જ નથી બદલી રહ્યો, તે નોકરીઓ પણ બદલી રહ્યો છે.જેમ જેમ કંપનીઓ ઓટોમેશન અને નવી ટેકનોલોજીમાં વધુ રોકાણ કરે છે, તેમ તેમ ભૂમિકાઓ બદલાતી જાય છે. અચાનક નોકરીમાં કાપ મૂક્યા વિના મોટા ફેરફારને મેનેજ કરવા માટે બાયઆઉટ એક સ્વીકાર્ય માર્ગ બની રહ્યો છે.

## આનંદો... આનંદો! અલ નીનો આવે છે

સરકારી ઓફિસમાં એક અધિકારી પેંડાનું બોક્સ લઈ બધાને વહેંચવા નીકળ્યા. 'આવે છે... આવે છે... આનંદો... આનંદો... લ્યો, મોઢું મીઠું કરો.' બીજા અધિકારીએ સામટા ચાર પેંડા ઝાપટી લઈને પછી કહ્યું, 'હમણાં દસ-બાર વર્ષથી સરકારમાં એક સુખ થઈ ગયું છે કે ચારેબાજુથી આનંદ, ઉત્સવ, હરખ ને જયજયકારના જ સમાચારો આવે છે. બોલો, એવા જ કોઈ આનંદના સમાચાર આવે છે ને... આમાંને આમાં પેંડાવાળા કમાઈ ગયા.'પેલા અધિકારી કહે, 'ડિઅર, પેંડાવાળા તો ઝાંકી હૈ, અભી હમ સબ કી બારી હૈ. બધા કમાવાના છીએ. બોસ, તમે સાંભળ્યું જ હશે કે પેલો અલ નીનો આ વખતે આવે છે. એ પણ કાંઈ કાચોપોચો નહીં. સુપર અલ નીનો...'ત્રીજા અધિકારી પેંડો મોઢા સુધી પહોંચાડયા બાદ અટકી ગયા. 'હેં? અલ નીનો? એ તો કહે છે ને કે નુકસાનકારક છે?વરસાદ ઓછો થશે ને બહુ બધુ હેરાનગતિ થશે?'

પેંડાવાળા અધિકારી એમના મોઢામાં પેંડો ખોસતાં કહે, 'અરે યાર, હવે વ્હોટ્સએપ યુનિવર્સિટીના જમાનામાં તમે એ બધી દેશી ભૂગોળની ટૂંકનોંધો ભૂલો. હવે તો નાગરિકશાસ્ત્રનો વણલખ્યો નિયમ છે કે દેશ-દુનિયામાં ગમે તે થાય પણ હેરાન તો માત્ર ને માત્ર મામૂલી પ્રજાએ જ થવાનું છે. આપણને તંત્રવાહકોને તો આફતમાં પણ અવસર મળી જશે. દુકાળ આવશે એટલે રાહતકામોની ને ઘાસચારા વિતરણની ફાઈલો શરુ થશે. દાયકાઓ પહેલાં આપણા પુરોગામીઓને દુકાળ વખતે ચાંદી થઈ જતી હતી ચાંદી . આપણે તો હવે સોનું પકાવશું સોનું...'

ચોથા અધિકારી સૂર પુરાવતાં કહે, 'ખુશીની વાત તો એ પણ છે કે આવતાં થોડાંક વર્ષો સુધી આપણને અલ નીનો તરીકે નવો વિલન મળી જશે. આપણે મંત્રીશ્રીઓને ભાષણોમાં લખી આપીશું કે મોંઘવારી વધવા માટે , ખેડૂતોના આપઘાત માટે, શહેરો અને ગામડાંમાં પાણીની અછત માટે એમ કંઈ કેટલીય સમસ્યાઓ માટે અલ નીનોને જ આરોપી નંબર વન જાહેર કરી દેજો. આપણું કોઈ નામ નહીં લે. આપણા તંત્ર પર કોઈ દોષનો ટોપલો નહીં ઓઢાડે. આપણા મંત્રીશ્રીઓની દાનત અને ક્ષમતા પર કોઈ આંગળી નહીં ચીંધે.હવે થોડાં વર્ષો સુધી બસ અલ નીનો... અલ નીનોના જાપ જપીશું.'

ત્યાં તો એક સિનિયર અધિકારી આવીને કહે, 'લ્યા, મૂકોને બધી પંચાત. પેંડા હોય કે બીજું કાંઈ, ખાવા માટે બહાનાં શોધવામાં સમય ન બગાડો. બાકી, ગમે તેટલી સમસ્યાઓ આવે, આપણે કોઈ વિલન શોધવાની જરુર જ નથી. પ્રજા બિચારી કોઈ પણ સમસ્યા માટે કોઈને પણ ક્યાં જવાબદાર ઠેરવે જ છે? જુઓ છો ને આ એક પછી એક ચૂંટણીનાં પરિણામો...'

સાંભળી બીજા બધા અધિકારીઓએ ખી-ખી કરતાં એકબીજાને તાળી આપી. પેલા પેંડાવાળા અધિકારી બોક્સ ખાલી કરીને ચાલતા થયા.

# ભારતમાં શહેર સુધરાઈનાં બીજ અમદાવાદમાં રોપાયાં હતાં

વડોદરાના ગાયકવાડે પૂના ખાતે પેશ્વાને સંદેશો મોકલ્યોઃ અમદાવાદનો તમારો સુબો શેલુકર હદ વટાવી ગયો છે. એનો કશોક બંદોબસ્ત કરવો પડશે! ગાયકવાડે પરવાનગી આપીઃ તમે શેલુકરને પકડીને પૂના મોકલી દો!તાજેતરમાં ગુજરાતભરમાં ૧૫ મહાનગરપાલિકાની ચૂંટણી થઈ. શું તમે જાણો છો કે અમદાવાદની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા ભારતના સર્વપ્રથમ કહી શકાય એવા પ્રજાપ્રેરિત લોકતંત્ર તરીકે જન્મી હતી? આ આખો ઐતિહાસિક સિલસિલો શરૂઆતથી જાણવા જેવો છે.

ઓગણીસમી સદીના પૂવાર્ધની આ વાત. અમદાવાદ શહેરનો કોટ ઘણી જગ્યાએથી તૂટી ગયો હતો. ઠેકઠેકાણે ગાબડાં પડી ગયાં હતાં. તે વખતના અંગ્રજ જિલ્લા કલેક્ટર મિસ્ટર બોરડેલે અમદાવાદના પ્રતિષ્ઠિત નાગરિકોની મીટિંગ બોલાવી. કોટનું સમારકામ કરવા માટે નાણાં એકઠાં કરવા પડે તેમ છે તે વિશે ચર્ચા કરી. આ બેઠકના પગલે ૨૧-૪-૧૮૩૧ના રોજ 'ટાઉન વૉલ ફન્ડ કમિટી'ની સ્થાપના કરવામાં આવી. સરકારે તેને કાયદેસરની માન્યતા આપી. સમજોને કે આ જ કમિટીને કારણે ભારતમાં શહેર સુધરાઈનાં બીજ રોપાયાં! ટાઉન વૉલ ફન્ડ કમિટીએ નિર્ણય લીધોઃ ભંડોળ એકત્રિત કરવા માટે ઘી જેવી ચીજવસ્તુઓ પર એક ટકો વેરો ઊઘરાવો. આ રીતે એ જમાનામાં અઢી લાખ રૂપિયા એકઠા કરવામાં આવ્યા, જેમાંથી અમદાવાદના કોટનું સમારકામ કરવામાં આવ્યું. કમિટીએ સુધરાઈનાં કાર્યો પણ ૧૮૩૪થી શરૂ કરી દીધાં હતાં. ૧૮૫૦માં અંગ્રેજ સરકારે ઘોષણા કરીઃ જે જૂથને અથવા જે લોકોને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સ્થાપવી હોય તેમણે સરકારને અરજી કરવી. ૧૮-૮-૧૮૫૨ના રોજ અમદાવાદના ૨૭૧ અગ્રગણ્ય નાગરિકોએ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સ્થાપવા માટે અરજી કરી. ગોરી સરકારે ચાર વર્ષ પછી, ૧૧-૧૧-૧૮૫૬ના રોજ સ્થાનિક સ્વરાજ્ય માટે ૩૦ સભ્યોનું કમિશન રચ્યું. કમિશનની પહેલી મીટિંગ ૨૩-૧૨-૧૮૫૬ના રોજ મેજિસ્ટ્રેટની કચેરીમાં થઈ. ૧-૧-૧૮૫૭થી કમિશનનો અમલ શરૂ થઈ ગયો. આમ, સ્થાનિક સ્વરાજ્યના વહીવટ માટે કાયદેસર રીતે 'અમદાવાદ શહેર સુધરાઈ'ની સ્થાપના આ દિવસે થઈ.

૧૮૭૩માં સ્થાનિક સ્વરાજ્ય માટે 'બોમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ એક્ટ-સિક્સ' આવ્યો. તેથી આ સંસ્થા હવે 'સિટી મ્યુનિસિપાલિટી' તરીકે આળખાવા લાગી. ૧૮૮૪માં કાયદામાં સુધારો કરવામાં આવ્યો. તે અનુસાર, ૧૫-૯-૧૮૮૫ના રોજ મ્યુનિસિપાલિટી બોર્ડની રચના થઈ, જેમાં ૨૫ સભ્યો હતા. અમદાવાદના સિટી મ્યુનિસિપાલિટીના પ્રથમ પ્રમુખ તરીકે અંગ્રેજ સરકારે શેઠ રણછોડલાલ છોટાલાલની નિમણૂક કરી. વર્ષો સુધી સરકાર ખુદ પ્રમુખોની સીધી નિયુક્તિ કરતી રહી, પણ ૧૯૧૫માં પહેલી વાર પ્રજાકીય મ્યુનિસિપાલિટી અસ્તિત્વમાં આવી. ૧૯૧૬માં જાણીતા સાહિત્યકાર રમણભાઈ મહીપતરામ નીલકંઠને પ્રમુખ બનાવવામાં આવ્યા. ૯-૨-૧૯૨૪ના રોજ અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચૂંટાઈ આવેલા પ્રમુખ કોણ હતા? સરદાર વલ્લભભાઈ પટેલ! વલ્લભભાઈની કામગીરીની પ્રશંસા તો મુંબઈ સરકારે પણ કરેલી. ઈન ફેક્ટ, સાયમન કમિશનના રિપોર્ટમાં રીતસર આ નોંધ જોવા મળે છેઃ 'અમદાવાદ મ્યુનિસિપાલિટીના સ્વરાજ્ય પક્ષના નેતા શ્રીયુત વલ્લભભાઈ પટેલે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ મારફતે જે સુંદર અને કાર્યક્ષમ વહીવટ ચલાવ્યો, તેના પરથી અમને ખાતરી છે કે આ પ્રાંતના લોકો પ્રાંતીય સ્વાતંત્ર્ય માટે જરૂરી કાબેલિયત ધરાવે છે.'

### 'ટોક્સિક' પોસ્ટપોન થતાં વરુણ ધવનની લોટરી લાગી!:

# 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' વહેલી રિલીઝ થશે; મેમાં લવ સ્ટોરી, ઐતિહાસિક, ફેમિલી, પોલિટિકલ ડ્રામાનો દબદબો

**મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં એટલે કે 22 મેના રોજ અનન્યા પાંડે અને લક્ષ્યની ફિલ્મ 'ચાંદ મેરા દિલ' રિલીઝ થશે. આ એક કોલેજ રોમાન્સ ફિલ્મ છે, જેને ધર્મા પ્રોડક્શન્સે બનાવી છે**

સાઉથ સ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક'ની રિલીઝ સતત ટળી રહી છે, જેની અસર વરુણ ધવનની ફિલ્મ પર પણ પડી રહી છે. યશની ફિલ્મ 4 જૂને રિલીઝ ન થવાની હોવાના કારણે ડેવિડ ધવને પોતાની ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ની રિલીઝ ડેટમાં ફેરફાર કર્યો છે. હવે આ ફિલ્મ 22 મેના બદલે તેની જૂની તારીખ, એટલે કે 5 જૂન 2026ના રોજ રિલીઝ થશે. સંજય દત્ત છેલ્લે 'ધુરંધર 2'માં જોવા મળ્યો હતો, જેમાં તેણે પાકિસ્તાની પોલીસ અધિકારી ચૌધરી એસપી અસલમની ભૂમિકા ભજવી હતી. મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં એટલે કે 22 મેના રોજ અનન્યા પાંડે અને લક્ષ્યની ફિલ્મ 'ચાંદ મેરા દિલ' રિલીઝ થશે. આ એક કોલેજ રોમાન્સ ફિલ્મ છે, જેને ધર્મા પ્રોડક્શન્સે બનાવી છે. આ જ દિવસે મિલાપ ઝવેરીની મ્યુઝિકલ ફિલ્મ 'તેરા યાર હું મૈં' પણ આવશે. ફિલ્મની વાર્તા મિત્રતા અને પ્રેમ વચ્ચેના સંબંધોને રજૂ કરે છે. જ્યારે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે મોટા કલાકારો મમ્મૂટી અને મોહનલાલ ફિલ્મ 'પેટ્રિયોટ'માં સાથે જોવા મળશે. આ પોલિટિકલ સ્પાય થ્રિલર ફિલ્મ 1 મેના રોજ હિન્દીમાં પણ રિલીઝ થશે. મે મહિનામાં ભગવાન શ્રીકૃષ્ણ પર આધારિત 'કૃષ્ણાવતારમ પાર્ટ 1' પણ રિલીઝ થવાની સંભાવના છે.

આ ફિલ્મમાં વરુણ ધવન સાથે મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે મુખ્ય ભૂમિકાઓમાં છે. આ એક રોમેન્ટિક કોમેડી છે. તે જ સમયે, મે 2026માં સિનેમાઘરોમાં 10 મોટી ફિલ્મો રિલીઝ થવાની છે. આમાં રિતેશ દેશમુખની 'રાજા શિવાજી'થી લઈને સાઉથ સ્ટાર સાઈ પલ્લવી અને જુનૈદ ખાનની 'એક દિન' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં એટલે કે 22 મેના રોજ અનન્યા પાંડે અને લક્ષ્યની ફિલ્મ 'ચાંદ મેરા દિલ' રિલીઝ થશે. આ એક કોલેજ રોમાન્સ ફિલ્મ છે, જેને ધર્મા પ્રોડક્શન્સે બનાવી છે. આ જ દિવસે મિલાપ ઝવેરીની મ્યુઝિકલ ફિલ્મ 'તેરા યાર હું મૈં' પણ આવશે. ફિલ્મની વાર્તા મિત્રતા અને પ્રેમ વચ્ચેના સંબંધોને રજૂ કરે છે. જ્યારે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે મોટા કલાકારો મમ્મૂટી અને મોહનલાલ ફિલ્મ 'પેટ્રિયોટ'માં સાથે જોવા મળશે. આ પોલિટિકલ સ્પાય થ્રિલર ફિલ્મ 1 મેના રોજ હિન્દીમાં પણ રિલીઝ થશે. મે મહિનામાં ભગવાન શ્રીકૃષ્ણ પર આધારિત 'કૃષ્ણાવતારમ પાર્ટ 1' પણ રિલીઝ થવાની સંભાવના છે.



'ધુરંધર 2' અને 'ટોક્સિક'ના કારણે વરુણ ધવનની ફિલ્મની રિલીઝ અગાઉ ટાળવામાં આવી હતી.મે મહિનાની શરૂઆત ધમાકેદાર થવાની છે. 1 મેના રોજ રિતેશ દેશમુખની 'રાજા શિવાજી' રિલીઝ થશે. રિતેશ આ ફિલ્મથી ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યો છે. ફિલ્મમાં તે છત્રપતિ શિવાજી મહારાજનું પાત્ર ભજવી રહ્યો છે. ફિલ્મમાં તેની પત્ની જેનેલિયા અને અભિષેક બચ્ચન પણ મુખ્ય ભૂમિકામાં છે.

'રાજા શિવાજી'માં રિતેશ દેશમુખનો દીકરો રાહુલ પણ શિવાજીની બાળપણની ભૂમિકામાં જોવા મળશે.

આ જ દિવસે આમિર ખાનના દીકરા જુનૈદ ખાન અને સાઉથ સ્ટાર સાઈ પલ્લવીની 'એક દિન' પણ આવશે. આ એક રોમેન્ટિક ડ્રામા છે. વાર્તા એક એવી છોકરીની છે, જેને એમ્નેશિયા (ભૂલી જવાની બીમારી) છે અને તે એક દિવસ માટે બધું ભૂલી જાય છે.સાઈ પલ્લવી 'એક દિન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહી છે.

સાઈ પલ્લવી 'એક દિન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહી છે.

8 મેના રોજ બે અલગ પ્રકારની ફિલ્મો રિલીઝ થશે. નીતુ કપૂર અને કપિલ શર્માની 'દાદી કી શાદી' એક ફેમિલી કોમેડી ફિલ્મ છે, જેમાં દાદીના બીજા લગ્ન પર થતા ડ્રામાને દર્શાવવામાં આવ્યો છે. જ્યારે, સંજય દત્ત 'આખરી સવાલ' લઈને આવી રહ્યા છે. આ એક સાચી ઘટના પર આધારિત પોલિટિકલ ડ્રામા છે, જેમાં ઈતિહાસ, ઈમરજન્સી અને આરએસએસ જેવા મુદ્દાઓ પર ચર્ચા દર્શાવવામાં આવશે.15 મેના રોજ આયુષ્માન ખુરાનાની ફિલ્મ 'પતિ પત્ની ઔર વો 2' રિલીઝ થશે, જેમાં પ્રયાગરાજના બેકડ્રોપ પર કોમેડી જોવા મળશે.

સંજય દત્ત છેલ્લે 'ધુરંધર 2'માં જોવા મળ્યો હતો, જેમાં તેણે પાકિસ્તાની પોલીસ અધિકારી ચૌધરી એસપી અસલમની ભૂમિકા ભજવી હતી. મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં એટલે કે 22 મેના રોજ અનન્યા પાંડે અને લક્ષ્યની ફિલ્મ 'ચાંદ મેરા દિલ' રિલીઝ થશે. આ એક કોલેજ રોમાન્સ ફિલ્મ છે, જેને ધર્મા પ્રોડક્શન્સે બનાવી છે. આ જ દિવસે મિલાપ ઝવેરીની મ્યુઝિકલ ફિલ્મ 'તેરા યાર હું મૈં' પણ આવશે. ફિલ્મની વાર્તા મિત્રતા અને પ્રેમ વચ્ચેના સંબંધોને રજૂ કરે છે. જ્યારે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે મોટા કલાકારો મમ્મૂટી અને મોહનલાલ ફિલ્મ 'પેટ્રિયોટ'માં સાથે જોવા મળશે. આ પોલિટિકલ સ્પાય થ્રિલર ફિલ્મ 1 મેના રોજ હિન્દીમાં પણ રિલીઝ થશે. મે મહિનામાં ભગવાન શ્રીકૃષ્ણ પર આધારિત 'કૃષ્ણાવતારમ પાર્ટ 1' પણ રિલીઝ થવાની સંભાવના છે.

### 20માં સીડી વેચતી છોકરી આજે કરોડોની માલકણ

# દારૂની ગંદી લતમાં સિંગરે મોત ભાળ્યું! માતા-પિતાની મજૂરી જોઈ મોટી થઈ



'ધુરંધર'થી મોટી ઓળખ બનાવનાર સિંગર જેસ્મિન સેંડલસનું જીવન સફળતાની સાથે સંઘર્ષ અને પીડાથી ભરેલું રહ્યું છે. એક સમયે તે અંદરથી તૂટી ગઈ હતી અને દારૂની લતમાં ફસાઈ ગઈ હતી. આજે તે તે સમયગાળા પર પસ્તાવો કરે છે. અમેરિકામાં શરૂઆતના વર્ષો ખૂબ જ મુશ્કેલ રહ્યા. માતા-પિતાએ સારા ભવિષ્ય માટે બધું છોડી દીધું. પિતા ભારતમાં સારી નોકરી છોડીને પેટ્રોલ પંપ પર કામ કરવા લાગ્યા, જ્યારે માતા ફેક્ટરીમાં મજૂરી કરતી હતી. પરિવારે ગરીબીમાં દિવસો ગુજાર્યા. આ પરિસ્થિતિઓ છતાં જેસ્મિને સંગીતનો સાથ ન છોડ્યો. 'કિક'ના ગીત 'યાર ના મિલે'થી તેમને ઓળખ મળી, પરંતુ 'ધુરંધર'ના ગીતોએ તેમને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી. આજની સક્સેસ સ્ટોરીમાં જાણો જેસ્મિન સેંડલસના કરિયર અને અંગત જીવન સાથે જોડાયેલી વાતો

જેસ્મિન સેંડલસનો જન્મ 4 સપ્ટેમ્બર 1985ના રોજ પંજાબના જલંધરમાં થયો હતો. તે એક સામાન્ય પંજાબી પરિવારમાંથી આવે છે. બાળપણથી જ તેમને માતા પાસેથી ગાયકીની પ્રેરણા મળી, જે તેમને ગાવા માટે પ્રોત્સાહિત કરતી હતી. શાળાના દિવસોથી જ તેમણે સ્ટેજ પર ગાવાનું શરૂ કર્યું અને નાની ઉંમરે જ ગીતો લખવા લાગી હતી. લગભગ 12-13 વર્ષની ઉંમરે તેમનો પરિવાર કેલિફોર્નિયા શિફ્ટ થયો. શરૂઆતના સમયમાં તેઓ ન્યૂયોર્કમાં પણ રહ્યા. તેમને અંગ્રેજી આવડતી ન હતી, તેથી સ્થાનિક શાળામાં પ્રવેશ લેવો પડ્યો. તેમના પિતા ભારતમાં હાઈ-પ્રોફાઈલ નોકરીમાં હતા અને લો સ્કૂલના ટોપર હતા, પરંતુ બાળકોના સારા ભવિષ્ય માટે બધું છોડી દીધુંઅમેરિકામાં પરિવારે મુશ્કેલ પરિસ્થિતિઓ જોઈ. છ લોકોનો પરિવાર એક નાના રૂમમાં રહેતો હતો અને ફૂડ કૂપન પર નિર્ભર હતો. પિતાને નાના કામ કરવા પડ્યા, અહીં સુધી કે પેટ્રોલ પંપ પર પણ કામ કર્યું. માતા ફેક્ટરીમાં મજૂરી કરતી હતી અને ચેરી તોડતી હતી. જેસ્મિને અમેરિકામાં અભ્યાસ પૂરો કર્યો. તેમણે સાયકોલોજીમાં ગ્રેજ્યુએશન અને પ્રી-લોનો અભ્યાસ કર્યો, પરંતુ તેમનું મન હંમેશા સંગીતમાં રહ્યું. જેસ્મિને સેન્ડલસે રણવીર અલ્લાહબાદિયાના પોડકાસ્ટમાં કહ્યું- અમે ન્યૂયોર્ક પહોંચ્યા. મને અંગ્રેજી આવડતું નહોતું. જે પણ લોકલ સ્કૂલ હતી, પપ્પાએ અમને ત્યાં જ એડમિશન અપાવ્યું. અમે એક નાના એપાર્ટમેન્ટમાં રહેતા હતા, જે ગરીબ પરિવાર માટે હતું અને અમે છ લોકો હતા. મારા પપ્પા ભારતમાં હાઈ પ્રોફાઈલ જોબ કરતા હતા. તેઓ લો સ્કૂલના ટોપર હતા, પરંતુ અમેરિકા જતાં 3-4 વર્ષ અભ્યાસ કે નોકરી કરવી પડે છે. એટલે પપ્પાએ અમારા માટે પોતાની આખી જિંદગી કુરબાન કરી દીધી. મને લાગે છે કે અમેરિકામાં તેમની પહેલી નોકરી પેટ્રોલ પંપ પર હતી, જ્યાં તેઓ પેટ્રોલ ભરતા હતા. મને યાદ છે, તેઓ બરફમાં બેઠા હતા અને પગમાં જૂતા નહોતા. પૂછવા પર તેમણે કહ્યું કે બરફના જૂતા ખૂબ મોંઘા છે.અમે એવા ઘરોમાં રહેતા હતા, જે ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે હોય છે, તેથી ફૂડ કૂપન મળતા હતા. મારી માતા ફેક્ટરીમાં કામ કરતી હતી અને ચેરી તોડતી હતી. તે ત્યાં મજૂર તરીકે કામ કરતી હતી. જ્યારે અમે કેલિફોર્નિયા ગયા, ત્યારે મારા પિતાએ ફરીથી કાનૂની વ્યવસાયમાં પ્રવેશ કર્યો અને ઈન્ટરપ્રિટર બન્યા. આ પછી અમારી આર્થિક સ્થિતિ સુધરી ગઈ. જેસ્મિને સ્વીકાર્યું કે તેના અને માતા-પિતાના સંબંધો સરળ રહ્યા નથી. તે કહે છે- મારા અને પરિવારના સંબંધો ઉતાર-ચઢાવ ભરેલા રહ્યા છે. ઘણું બધું અંદરથી મને તોડી રહ્યું હતું. હું 23 વર્ષની હતી, ત્યારે જ પિતાનું નિધન થઈ ગયું. તે સમયે હું કરિયરમાં સારું કરી રહી હતી, પરંતુ અંદરથી તૂટી ગઈ હતી.આ પીડાએ જેસ્મિનેને એવા તબક્કામાં ધકેલી દીધી જ્યાં તેણે પોતાને ગુમાવી દીધી. તે કહે છે- મેં મારી જાતને દારૂમાં ડુબાડી દીધી હતી. હું ખૂબ દારૂ પીતી હતી અને આજે પણ પસ્તાવો કરું છું. તે સમયે તે જ મારો સહારો હતો. હું આખી જીંદગી એવી શાંતિ અને ઘરની શોધમાં ભટકતી રહી જે મને બાળપણમાં ન મળ્યું.

### હવે ભારતમાં નહીં, પાકિસ્તાનમાં બનશે 'ધુરંધર 3'!

# લ્યારીના સાંસદ નબીલ ગબોલે આદિત્ય ધરને પડકાર ફેંક્યો; જમીલ જમાલીનું પાત્ર તેમના પર આધારિત હોવાની ચર્ચા

આદિત્ય ધરના ડિરેક્શનમાં બનેલી 'ધુરંધર' અને 'ધુરંધર: ધ રિવેન્જ'એ બોક્સઓફિસ પર અનેક રેકોર્ડ તોડ્યા છે. બંને ફિલ્મો રિલીઝ થઈ, ત્યારથી જ તે વિવાદોમાં ઘેરાયેલી પણ રહી છે. તેવામાં પાકિસ્તાનના લ્યારીના સાંસદ નબીલ ગબોલે આદિત્ય ધરને પડકાર ફેંક્યો છે, અને પોતે 'ધુરંધર 3' બનાવવાની જાહેરાત કરી દીધી છે. પાકિસ્તાન નેશનલ એસેમ્બલીના મેમ્બર નબીલ ગબોલે લ્યારી વિસ્તાર પર આધારિત એક ફિલ્મ બનાવવાની જાહેરાત કરી છે, જેનું નામ 'લ્યારી કા ગબ્બર' હશે. સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં નબીલે કહ્યું કે, 'હવે હું જ ભારતને જવાબ આપીશ. લ્યારી વિરુદ્ધ 'ધુરંધર 1' અને 'ધુરંધર 2' ધુરંધર છે. હું તેમને 'ધુરંધર 3' બનાવીને આપીશ, પરંતુ તેનું નામ 'ધુરંધર' નહીં હોય, પરંતુ 'લ્યારી કા ગબ્બર' હશે.' નબીલ ગાબોલ પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) ના નેતા છે. તેઓ કરાચીના લ્યારી વિસ્તારમાંથી આવે છે.

તેમણે આગળ કહ્યું, 'તેમણે કોની સાથે પંગો લીધો છે? મારી સાથે. હું કોણ છું? હું નબીલ ગબોલ છું, હું રાકેશ બેદી નથી. હું એવો જવાબ આપીશ, જેને આદિત્ય ધર યાદ રાખશે અને મોદી, જેમના પૈસાથી તમે ધુરંધર બનાવી છે, તેમને પણ ખબર પડી જશે, જ્યારે 'ધુરંધર 3' આવશે.'

નોંધનીય છે કે, 'ધુરંધર' અને 'ધુરંધર 2' ફિલ્મમાં રાકેશ બેદીએ ભજવેલું 'જમીલ જમાલી'નું પાત્ર નબીલ ગબોલ



પર આધારીત હોવાનું ચર્ચાઈ રહ્યું છે.'ધુરંધર' ફિલ્મ 5 ડિસેમ્બર 2025ના રોજ વૈશ્વિક સ્તરે રિલીઝ થઈ હતી. ફિલ્મમાં રણવીર સિંહ સાથે સંજય દત્ત, અક્ષય ખન્ના, આર. માધવન, અર્જુન રામપાલ, રાકેશ બેદી અને સારા અર્જુન મુખ્ય ભૂમિકામાં હતાં. આ ફિલ્મનું ડિરેક્શન આદિત્ય ધરે કર્યું હતું. સેકનિલ્ક (ટ્રેડ એનાલિસિસ્ટ વેબસાઈટ) અનુસાર, 'ધુરંધર'એ ભારત અને આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું અને વિશ્વભરમાં લગભગ 1,307 કરોડ રૂપિયા કમાયા. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રૂપિયા રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 840 કરોડ રૂપિયા થયું. વિદેશી બજારોમાં પણ ફિલ્મને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડ રૂપિયા કમાયા. અમેરિકા અને કેનેડામાં 193.06 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરીને 'બાહુબલી 2'નો રેકોર્ડ પણ તોડ્યો.'ધુરંધર' અને 'ધુરંધર: ધ રિવેન્જ' ભારતીય જાસુસ જસકીરત સિંહ રાંગી ઉર્ફે હમઝા અલી મઝારીની વાર્તા છે, જે પાકિસ્તાનમાં ઘુસીને આતંકીઓને જડબાતોડ જવાબ આપે છે.'ધુરંધર'નો બીજો ભાગ વૈશ્વિક સ્તરે 19 માર્ચ 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયો હતો. ફિલ્મની અત્યાર સુધીની કુલ વિશ્વભરમાં કમાણી 1,780.76 કરોડ રૂપિયા થઈ ચૂકી છે. ભારતમાં ફિલ્મનું કુલ નેટ કલેક્શન 1,132.94 કરોડ રૂપિયા અને કુલ ગ્રોસ કલેક્શન 1,356.01 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ફિલ્મે આંતરરાષ્ટ્રીય બજારોમાંથી અત્યાર સુધીમાં 424.75 કરોડ રૂપિયાની કમાણી કરી છે.

### '10 વર્ષ લિવ-ઈન રિલેશનમાં રહી, ટ્રાયલ વિના નિર્ણય કેવી રીતે થયો'

# રાજેશ ખન્ના સાથેના સંબંધો પર બોલ્યા અનિતા અડવાણી:'કોર્ટમાં ન્યાયની મજાક બની'



બોમ્બે હાઈ કોર્ટે રાજેશ ખન્ના સાથેના અનિતા અડવાણીના સંબંધને લગ્ન માનવાનો ઈનકાર કર્યા પછી, હવે અનિતાએ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. એક તાજેતરના ઈન્ટરવ્યૂમાં તેમણે કોર્ટના નિર્ણયને 'ન્યાયની ઘોર મજાક' ગણાવ્યો છે. અનિતાએ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ આ કાનૂની લડાઈમાંથી પીછેહઠ નહીં કરે અને પોતાની ગરિમા માટે સંઘર્ષ ચાલુ રાખશે. તેમણે કહ્યું કે તેઓ એવા લોકોમાંથી નથી જેઓ ડરીને ઘરે બેસી જાય. હકીકતમાં અનિતા અડવાણીએ દાવો કર્યો હતો કે તેઓ 10 વર્ષથી વધુ સમય સુધી રાજેશ ખન્ના સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હતા.તેમણે આ સંબંધને 'વૈધ લગ્ન'ની માન્યતા આપવા માટે બોમ્બે હાઈ કોર્ટમાં અપીલ કરી હતી. જોકે, 1 એપ્રિલ 2026ના રોજ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી.અનીતા અડવાણીએ કોર્ટના વલણ પર નિરાશા વ્યક્ત કરી. તેમણે કહ્યું, "હું થાકી નથી અને ક્યારેય થાકીશ નહીં. હું કાયર કે કરોડરજ્જુ વિનાના લોકોમાંથી નથી જે અન્યાય સામે ચૂપ રહે." તેમણે સવાલ ઉઠાવ્યો કે 14 વર્ષ વીતી ગયા પછી પણ તેમને પોતાનો પક્ષ સાબિત કરવાની તક કેમ ન મળી? અનીતા મુજબ, કોઈ યોગ્ય ટ્રાયલ કે જુબાની વિના દીવાની કેસનો ચુકાદો સંભળાવવો ખોટું છે. ઈન્ટરવ્યૂ દરમિયાન અનિતાએ પોતાની કાનૂની સ્થિતિ સ્પષ્ટ કરી. તેમણે કહ્યું, 'મેં એક પરિણીત તરીકે પત્ની બનવાનો હક માંગ્યો હતો, લગ્નનો અધિકાર નહીં. બંનેમાં ફરક છે.' તેમના તર્ક મુજબ, ઘરેલું હિંસા અધિનિયમમાં લિવ-ઈન રિલેશનશિપને પત્નીની બરાબર માન્યતા આપવામાં આવી છે. અનીતાએ રાજેશ ખન્નાના છેલ્લા દિવસોનું દર્દ પણ શેર કર્યું. તેમણે આરોપ લગાવ્યો કે સુપરસ્ટારના પરિવારે તેમને હોસ્પિટલમાં તેમને મળવા પણ ન દીધા. પરિવાર તરફથી દાવો કરવામાં આવ્યો હતો કે રાજેશ ખન્ના પોતે તેમને મળવા માંગતા નથી, જેને અનીતાએ સદંતર જૂઠ ગણાવ્યું. તેમણે એક વધુ મોટો દાવો કરતા કહ્યું કે રાજેશ ખન્નાએ એક વસિયત બનાવી હતી, જેમાં તેમનો હક હતો, પરંતુ તે ગાયબ થઈ ગઈ. પોતાના જૂના દાવાઓનું પુનરાવર્તન કરતા અનિતાએ કહ્યું કે સુપરસ્ટાર સાથે તેમનો સંબંધ કોઈ છુપાવવાની વાત નહોતી. તેમણે જણાવ્યું કે ઘરના મંદિરમાં એક નાની અને ખાનગી વિધિ થઈ હતી, જેમાં રાજેશ ખન્નાએ તેમને સિંદૂર લગાવ્યું અને મંગળસૂત્ર પહેરાવ્યું હતું.

### બોલિવૂડ સેલેબ્સે અભિનંદનની વર્ષા કરી

# મુનવ્વર ફારૂકી અને મહેજબીનના ઘરે દીકરી જન્મી ગુજ્જુ કોમેડિયને કહ્યું, 'ઘરમાં બરકત આવી'



'બિગ બોસ 17'નો વિજેતા અને ગુજ્જુ સ્ટેન્ડઅપ કોમેડિયન મુનવ્વર ફારૂકીની પત્ની મહેઝબીને શુક્રવારે એક દીકરીને જન્મ આપ્યો છે. મુનવ્વરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર દીકરી અને પત્નીના ફોટો શેર કરીને ચાહકો સાથે ખુશીના સમાચાર શેર કર્યા છે. મુનવ્વરે પત્ની અને દીકરીની તસવીરો શેર કરીને કેપ્શનમાં લખ્યું, 'ઘરમાં બરકત આવી. ધન્ય અનુભવી રહ્યો છું. અલ્હમદુલિલ્લાહ. દુઆઓમાં ખાસ યાદ રાખજો!'જેવી આ પોસ્ટ સામે આવી, ઈન્ડસ્ટ્રીની ઘણી જાણીતી હસ્તીઓએ તેને અભિનંદન પાઠવ્યા. કોમેન્ટ્સ સેક્શનમાં વરુણ ધવન, જન્નત ઝુબેર, મિસ્ટર ફૈઝુ, રીમ શેખ અને અલી ગોનીએ શુભેચ્છાઓ પાઠવી.મુનવ્વરના પહેલા લગ્ન વર્ષ 2017માં જાસ્મિન સાથે થયા હતા. આ એક અરેન્જ મેરેજ હતા. આ લગ્નથી મુનવ્વરને એક દીકરો મિખાઈલ છે. તેમના લગ્ન લગભગ 5 વર્ષ સુધી ચાલ્યા અને 2022માં બંનેના સત્તાવાર રીતે છૂટાછેડા થઈ ગયા. ત્યારબાદ 26 મે 2024ના રોજ મુનવ્વરે મેકઅપ આર્ટિસ્ટ મહેઝબીન કોટવાલા સાથે બીજા લગ્ન કર્યા. મહેઝબીનને એક દીકરી પણ છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, મુનવ્વરે છેલ્લે સોનાલી બેન્દ્રે સાથે 'પતિ, પત્ની ઔર પંગા' શો હોસ્ટ કર્યો હતો. 'બિગ બોસ 17'નો વિજેતા અને ગુજ્જુ સ્ટેન્ડઅપ કોમેડિયન મુનવ્વર ફારૂકીની પત્ની મહેઝબીને શુક્રવારે એક દીકરીને જન્મ આપ્યો છે. મુનવ્વરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર દીકરી અને પત્નીના ફોટો શેર કરીને ચાહકો સાથે ખુશીના સમાચાર શેર કર્યા છે. મુનવ્વરે પત્ની અને દીકરીની તસવીરો શેર કરીને કેપ્શનમાં લખ્યું, 'ઘરમાં બરકત આવી. ધન્ય અનુભવી રહ્યો છું. અલ્હમદુલિલ્લાહ. દુઆઓમાં ખાસ યાદ રાખજો!'જેવી આ પોસ્ટ સામે આવી, ઈન્ડસ્ટ્રીની ઘણી જાણીતી હસ્તીઓએ તેને અભિનંદન પાઠવ્યા. કોમેન્ટ્સ સેક્શનમાં વરુણ ધવન, જન્નત ઝુબેર, મિસ્ટર ફૈઝુ, રીમ શેખ અને અલી ગોનીએ શુભેચ્છાઓ પાઠવી.મુનવ્વરના પહેલા લગ્ન વર્ષ 2017માં જાસ્મિન સાથે થયા હતા. આ એક અરેન્જ મેરેજ હતા. આ લગ્નથી મુનવ્વરને એક દીકરો મિખાઈલ છે. તેમના લગ્ન લગભગ 5 વર્ષ સુધી ચાલ્યા અને 2022માં બંનેના સત્તાવાર રીતે છૂટાછેડા થઈ ગયા. ત્યારબાદ 26 મે 2024ના રોજ મુનવ્વરે મેકઅપ આર્ટિસ્ટ મહેઝબીન કોટવાલા સાથે બીજા લગ્ન કર્યા. મહેઝબીનને એક દીકરી પણ છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, મુનવ્વરે છેલ્લે સોનાલી બેન્દ્રે સાથે 'પતિ, પત્ની ઔર પંગા' શો હોસ્ટ કર્યો હતો.